સ વ ત
૧૯૮૮

# કુમાર

આવતી કાલ
નાં નાગરિકો
માસિક તંત્રી
રવિશંકર રાવ



વર્ષ ૯
અંક

૧૦૩

નૈનીતાલ સરોવર
ફોટો : સુધાકર







**તંત્રી** રવિશંકર રાવળ: **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.



## ચેતવણી



## લવાજમ વિષે

'કુમાર'નું વાર્ષિક લવાજમ, સામાન્યરીતે રૂા. ૬ પરદેશના ૧૨ શિ.) હોય છે, તેમ આ વર્ષે પણ શરૂઆતમાં હતું પરંતુ ૧૦૦મો અંક ખાસ દળદાર નીકળેલો હોવાથી આ વર્ષ પુરતું લવાજમ વધારીને વાર્ષિક રૂા. ૮ (પરદેશના ૧૫ શિ.) કર્યું છે. ગ્રાહકો વર્ષની શરૂઆતથી (એટલે જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨



## પ્રકૃતિનો ઉન્માદ

ચિત્રકાર · કાન્તિલાલ દવે

ભાઈ કાન્તિલાલ દવેને આવાં રહસ્યમય ચિત્રો દોરવા તરફ ખાસ વલણ છે. મનોરાજ્યના ઊંડાણમાં ઘુન્તરી કરી રહેલી કંઈક નવીનવી ઊર્મિઓ તેની કલમમાંથી નીકળવા મંથન કરી રહી લાગે છે. આ ચિત્રમાં પ્રકૃત્તિનો વિક્ષોભ સ્પષ્ટ છે, છતાં માથા પરની હેલ સાચવી રહેલી આ નારીમૂર્તિ ચિત્તની સમતુલા ડગવા દેતી નથી. એ પરથી પ્રકૃતિનાં તોફાનો અને ઉલ્કાપાતની પાર સચવાઈ રહેલી વિશ્વનિયંતાની વ્યવસ્થાનું સૂચન છે.

# કુમાર

વર્ષ · ૯ | અષાડ · ઓગણીસસો અઠ્યાશી | અંક · ૭


## શ્રદ્ધા

· શિખરિણી ·

પશુ, પંખી, જીવો, જનજન લડે, રાષ્ટ્ર ઝગડે,
ભલે આ સંસારે જડ અજડના વિગ્રહ જડે;
પ્રભો, શ્રદ્ધા મારી તદપિ વિલસે દિવ્ય કરુણા
બધાં બ્રહ્માંડોમાં પસરી રહી જે એકમયતા.


વિરોધી સ્વાર્થોના વિષમતર વ્યૂહો દૃગ ભરે
ભલે, કો કો હૈયે પણ રમી રહી ઐક્યસ્ફુરણા;
દ્રવંતાં એકાકી ઉર દ્રવી જશે અન્ય સઘળાં,
અને અંતે વિશ્વો ધબકી ઊઠશે એક જ સૂરે.

પ્રભો, દૃષ્ટિક્ષેત્રે સમદરસપાટી ખળભળે,
પરંતુ ઊંડાણે અતળ જળ એ શાંતિ ધરતાં;
લડે, ઝૂઝે સ્વાર્થે તિમિરવશ આ સૃષ્ટિ, તદપિ
જરા ઊંડે જોતાં સહુ ઉર દ્રવે એક જ રસે.

દયાની, પ્રીતિની જગત ભરી ગંગા વહી જતી,
રમે આછાંઘેરાં શુચિઝરણ એ સર્વ ઉરમાં.

રતિલાલ શુક્લ


આવતી કાલનાં નાગરિકોનું માનીતું માસિક



# આઇન્સ્ટાઇન

'જે આજથી ત્રીસ વર્ષ પર કોળ એક વૈજ્ઞાનિક કારકુન હતો, પચીસ વર્ષ પહેલાં મૌલિક વિચારભર્યા ચાર જગનામી વિજ્ઞાનલેખો લખનાર આશાભર્યો જુવાન વિજ્ઞાનશાસ્ત્રી હતો, વીસ વર્ષ ઉપર નવા ઉત્ક્રાન્તિકારકવાદ વિચારનાર એક પ્રોફેસર માત્ર હતો, હજી એક દસકા પહેલાં પણ માત્ર ઘણાખરા આપ્ત પુરુષોના અભિપ્રાયમાંજ જે ન્યૂટન પછી ખરી સમર્થ પ્રતિભા ધરાવનાર તરીકે લેખાતો હતો,—તે આજે સર્વ કાળમાં થઇ ગએલ સમર્થમાં સમર્થ માણસોમાં પણ શિરોમણિ લેખાય છે. કાળ એની કૃતિ કે કીર્તિને કદિ ઝાંખી નહિ કરે; માનવ સંસ્કૃતિનો ઇતિહાસ ઘડાતો જશે તેમતેમ તેમાં એ વધુ દીપી નીકળશે.'

# અને એનો સાપેક્ષાવાદનો સિદ્ધાન્ત


લેખક

**ડૉ. કાન્તિલાલ છ. પંડયા**

એમ.એ., પીએચ.ડી., ડી.આઈ.સી.


[ગયા અંકને અનુસંધાને પૂરું]

ત્રીજી કસોટી વખારે અઘરી હતી. છતાં ૧૯૨૩માં અમેરિકન તથા અન્ય ખગોળશાસ્ત્રીઓએ બહુ શ્રમે તે અજમાવી.

આ ત્રીજી કસોટી સમજવા માટે પ્રકાશ, ભૌતિક, રસાયન આદિ શાસ્ત્રોનું કાંઇક જ્ઞાન જોઇએ. તેથી એને સંક્ષેપમાં ને સરળતાથી રજુ કરવા યત્ન કરીશું.

આપણે ત્યાં પહેલાં ઝુમ્મરો વગેરે પ્રકાશને માટે વપરાતાં હતાં ત્યારે એવા દીવાઓની શોભા વધારવાને માટે ત્રણ પાસાવાળા કાચ (ખોટા 'હીરા'ના) ખૂબ વાપરવામાં આવતા. બાળકો એનાથી મુગ્ધ થઇ એ ખોટા હીરાથી બહુ રમતાં. એની એક ખૂબી એ હતી કે એમાંથી સૂર્યને નિહાળીએ તો તેમાંથી ધોળા પ્રકાશવાળા સૂર્યને બદલે મેઘધનુષ્યના સર્વ મનોહર રંગો દેખાય. આ એ હીરાનું જેવુંતેવું આકર્ષણ નહોતું; અને આજે ય ઘણાં બાળકોને તથા મોટેરાંઓને પણ એના પ્રથમ દર્શનનો ચમત્કારિક અનુભવ યાદ હશે.

પણ આ નજીવી ને નાની અમથી લાગતી ચીજ વિજ્ઞાનના ઇતિહાસમાં તો બહુ મૂલ્યવતી છે. પ્રકાશશાસ્ત્રની રચનામાં તે એક મોટું શસ્ત્ર થયું છે. ન્યૂટનની પ્રતિભાએ આ નાની ચીજમાંથી જે બહુ મોટી વાત શોધી કાઢી તે હવે તો સુવિદિત છે. એ વિવિધ મનોહારી રંગોના પ્રકાશો શ્વેત પ્રકાશના જ અંશો છે. શ્વેત પ્રકાશનાં કિરણો ત્રણ પાસાવાળા કાચમાંથી પ્રવાસ કરતાં પોતાના સર્વ વિભાગોમાં ભાગી પડે છે. શ્વેત પ્રકાશ એ આ સર્વ રંગીન પ્રકાશોનો બનેલો છે ને આ ત્રણ પાસાવાળો કાચ એ સર્વ રંગીન પ્રકાશોની જાણે ગાંઠ છોડીને તેમને છુટા પાડી હારદોર ગોઠવી દે છે. મેઘધનુષ્યના રંગો આકાશમાં યે આવી રીતે જ દેખાય છે, જોકે ત્યાં ત્રણ પાસાવાળા કાચનું કામ અતિલઘુ જળ-બિંદુઓ કરે છે. આ બધી વાત નિશાળની ચોપડીઓમાં યે હવે આવી ગઇ છે.

આજે તો હવે ભૌતિકશાસ્ત્રની પાસે એવાં સરસ સાધનો છે કે કોઇપણ જાતના પ્રકાશને—પછી તે કોઇ દીવાનો હોય કે કોઇ તારાનો હોય તો ય શું થઇ ગયું—બહુ સારી રીતે આ ત્રણ પાસાવાળા કાચની મદદથી તપાસી શકે છે; એટલું જ નહિ, પણ તે પ્રકાશમાંથી વિવિધ રંગોનો બનેલો જે વર્ણપટ નીપજે છે તેની તાદૃશ છબી પણ ઉતારી શકે છે. આવી છબીઓના અવલોકનથી આપણું જ્ઞાન ઘણું વધ્યું છે.

આ કામને માટેનાં યંત્રો જેમ જેમ વધુ બળવાન



સૂર્યનો વર્ણપટ—'સ્પેક્ટ્રમ'. સૂર્યની ઉપર જે જે પદાર્થો છે તે તે સર્વનાં મૂળ તત્ત્વો આ વર્ણપટમાંની રેખાઓ વડે પોતપોતાની હાજરી પૂરાવે છે. આ હજારો રેખાઓનું અતિ બારીક સાધનો વડે ચોક્કસ માપ લેવામાં આવે તો તેઓ વર્ણપટના રાતા રંગના છેડા તરફ સહેજ ખસી ગએલી—ચલિત થએલી દેખાશે. આઇન્સ્ટાઇન કહે છે કે ગુરુત્વાકર્ષણની શક્તિ સૂર્યના પ્રકાશને વાળતી હોવાને લીધે આ ચલન—ફેરફાર—થાય છે અને તે એના સાપેક્ષાવાદના ટેકામાં ત્રીજી કસોટી છે.

ને સૂક્ષ્મ થતાં ગયાં તેમ તેમ કેટલીક નવી શોધો થતી ગઇ. તેમાંની એક સૌથી મહત્ત્વની એ હતી કે સૂર્યપ્રકાશમાંથી આવો જે વર્ણપટ મળે છે તે કેવળ મેઘધનુષ્યના રંગોનો જ બનેલો છે એમ નથી, પણ તે ઉપરાંત એ રંગોની અંદર જ ઘણી રેખાઓ—સીધી ઊભી કાળી રેખાઓ—પણ હોય છે. આ રેખાઓ પણ લાક્ષણિક જણાઇ; કારણકે સૂર્યપ્રકાશમાં જે જે હતી તેના કરતાં અન્ય પ્રકાશમાં જુદી હતી; જોકે એકના એક પ્રકાશના વર્ણપટમાં તે સાધારણ રીતે નિશ્ચલ હતી. આમ નરી આંખે સૂરજ તથા જુદાજુદા ગ્રહો, તારાઓ વગેરેનું તેજ એક જાતનું સફેદ દેખાય છે, તોપણ તે પ્રકાશના ભાંગી પડવાથી જે વર્ણપટો ઉત્પન્ન થાય છે તે વર્ણપટોમાં જુદીજુદી રેખાઓ હોય છે.

આ વર્ણપટની રેખાઓના રહસ્યની શોધ એ માનવીની મોટામાં મોટી શોધોની અંદર ગણી શકાય. આ વર્ણપટને વિજ્ઞાનીઓ 'સ્પેક્ટ્રમ' (Spectrum) એ નામથી ઓળખે છે. તે તપાસવાનું યંત્ર, જેમાં દૂરબીનો, કૅમેરા વગેરે ઉપરાંત આપણો ત્રણ પાસાવાળો કાચ એ મુખ્ય છે, તેને 'સ્પેક્ટ્રોસ્કોપ) (Spectroscope) કહે છે, અને વિજ્ઞાનની આ નવી શાખા 'સ્પેક્ટ્રોસ્કોપી' (Spectroscopy) એ નવીન ને સ્વકીય નામથી ઓળખાવા જેટલી અગત્યની થઈ છે.

આ રેખાઓનો ભેદ શો છે? હવે એ તદ્દન સ્પષ્ટ છે. સૂર્યપ્રકાશનો દાખલો લઇએ. સૂર્યની ઉપર જે જે પદાર્થો છે તે તે સર્વના મૂળતત્ત્વો પોતાની હાજરી એ રેખાઓથી પૂરાવે છે. પ્રકાશનાં કિરણોના માર્ગમાં અમુક મૂળતત્ત્વ આવતાં તે અમુક રંગની કે રંગોની રેખાઓને અમુક સંખ્યામાં અચૂક ઉત્પન્ન કરે છે. બહુ પરિશ્રમથી ને ઘણાં અવલોકનોને આધારે હવે એ પ્રત્યેક મૂળતત્ત્વની લાક્ષણિક રેખા પરખાઇ છે. દાખલા તરીકે પ્રાણવાયુ ઑક્સિજનની અમુક, હાઇડ્રોજનની જુદી, કૅલશીઅમ, પોટૅશીઅમ ઇત્યાદિ વિવિધ ધાતુઓની જુદી, વગેરે. આમ જાણીનાં બધાં મૂળતત્ત્વોની રેખાઓનો એક નકશો પણ વર્ણપટની ઉપર તૈયાર થયો છે. અને કોઇપણ નવા પ્રકાશનું પૃથક્કરણ કરતાં એમાં જે રેખાઓ જણાય તેને આ નકશાની સાથે સરખાવીને, તે પ્રકાશ મોકલનાર તારા કે ગ્રહની ઉપર ફલાણાં ફલાણાં મૂળતત્ત્વો છે એમ ખાતરીથી જાણી શકાય છે. હવે સૂર્ય કે તારાઓની પાસે જઇને તેઓની ઉપર કયા પદાર્થો છે તે જોવાની જરૂર નથી; અહીં રહ્યેરહ્યે જ એમના પ્રકાશને સ્પેક્ટ્રોસ્કોપથી ઝીલી તપાસી આપણે તરત એ હકીકત જાણી શકીએ.

આઇન્સ્ટાઇને આ રેખાઓના સ્થાનને ઉદ્દેશીને ત્રીજી કસોટી મૂકી. એણે કહ્યું કે ગુરુત્વાકર્ષણની શક્તિ પ્રકાશને જેમ વાળે તેમ આ રેખાઓની ઉપર પણ અસર કરે છે: તેથી સૂર્ય કે એવા કોઇ મોટા તેજસ્વી તારાઓના પ્રકાશને આ યંત્રથી તપાસીએ છીએ ત્યારે તેમાં જે રેખાઓ દેખાય છે તે સ્વસ્થાને, ખરે સ્થાને નથી, પણ ચલિત થઇ હોવી જોઇએ. આ ચલનને પરિણામે તે રેખાઓ વર્ણપટના રાતા રંગના છેડા તરફ ખસી ગએલી હોવી જોઇએ.

આ વાત નક્કી કરવાને ઘણાં સૂક્ષ્મ અવલોકનોની ને બારીક ગણિતબાજીની જરૂર પડી. વળી રેખાઓને ચલિત કરનારાં બીજાં કેટલાંક કારણો પણ સંભવિત ને જાણીનાં હતાં. પણ કેટલાક અવલોકનકારોએ જાહેર કર્યું કે એ કારણોનો હિસાબ ગણ્યા પછી પણ કેટલુંક વિશેષ ચલન તો રહેલું માલૂમ પડે જ છે. તેઓ સ્વતંત્ર રીતે આના ખુલાસાની શોધમાં હતા, ત્યાં આઇન્સ્ટાઇને નવા કારણની આગાહી કરી. હવે જોવાનું એ રહ્યું કે આઇન્સ્ટાઇનના સિદ્ધાંત અનુસાર જેટલું ચલન થવું જોઇએ તેટલું જ આ બાકી વધેલું ચલન છે કે નહિ. ઘણા ખગોળશાસ્ત્રીઓ આ અટપટા કોયડો ઉકેલવામાં ગૂંથાયા. છેક ૧૯૨૩માં એનો સંતોષકારક જવાબ મળ્યો.

દક્ષિણ હિંદમાં કોડાઈકનાલ નામે ઠંડક વાળું શહેર છે. હવા વગેરેના અવલોકન માટે ત્યાં અવલોકનશાળા છે. સારા વિજ્ઞાનીઓને લીધે એને વૈજ્ઞાનિક થાણું કહી શકાય. એવરશેડ કરીને એક ઉચ્ચ પ્રતિના વિજ્ઞાનશાસ્ત્રીએ ત્યાં અવલોકનો કરીને બતાવ્યું કે આ રેખાચલન, અન્ય સમજી શકાય તેવાં સર્વ કારણોને લીધે જેટલું થયું હોય તેનો વિચાર કર્યા પછી જે બાકી રહે છે તે, બરોબર આઇન્સ્ટાઇનના વાદથી જેટલું ગણી શકાય તેટલું જ છે.

આથી વધારે સરસ કામ અમેરિકામાં થયું. વિલ્સન પર્વતની ઉપર નવી વેધશાળા સ્થપાઇ હતી, અને જગતમાં અન્ય કોઈ સ્થળે ન હોય એવાં મોટાં ને બળવાળાં દૂરદર્શક તથા અન્ય યંત્રોથી તેનો મિનારો સુસજ્જ હતો. આ સાધનોનો ઉપયોગ કરીને ત્યાંના તારકભૌતિકશાસ્ત્રી ડૉક્ટર સેન્ટ જ્હૉને કેટલીક બહુ સૂક્ષ્મ તસ્વીરો લીધી. અહીં પણ બધી ગણતરીઓ કર્યા પછી બાકી રહેલું ચલન બરોબર આઇન્સ્ટાઇનના વાદ તથા વર્તારા મુજબ છે એમ સિદ્ધ થયું.

તે પછી એક નવા પ્રકારનું વિશેષ પ્રમાણ પણ પ્રાપ્ત થયું. આકાશમાં એક તેજસ્વી બેવડો તારો છે જેને સીરીઅસ (Sirius)નું નામ આપવામાં આવ્યું છે.* એડિંગ્ટન તથા અન્ય ખગોળવેત્તાઓના કામથી માલૂમ પડ્યું છે કે આ તારો અતિશય નાનો છે પણ અત્યંત ઘન પદાર્થનો બનેલો છે. એની માંહેનો પદાર્થ એટલો ઘન મનાય છે કે તે પદાર્થનો માત્ર એક ઘન તસુ જ આપણી પૃથ્વી ઉપરના લગભગ એક ટન, અથવા છપ્પન મણ જેટલો ભારે થાય! હવે જેમ પદાર્થ વધારે ઘન તેમ એનું અન્ય ચીજોની ઉપરનું ગુરુત્વાકર્ષણ પણ વધારે. ગણતરીથી માલૂમ પડ્યું કે સૂર્યપ્રકાશમાં ગુરુત્વાકર્ષણને પરિણામે જે રેખાચલન હવે સ્પષ્ટ થયું છે તેના કરતાં આ તારાના પ્રકાશમાં રેખાચલન લગભગ સત્તાવીસગણું વધારે થવું જોઇએ. જેમ ચલન વધારે તેમ તેનું અવલોકન સહેલું થાય જ. એટલે માઉન્ટ વિલ્સન ઉપરની વેધશાળાનાં યંત્રો પાછાં એ કામ ઉપર લાગુ થયાં ને વેધશાળાના ડાઇરેક્ટર ડૉક્ટર ઍડમ્સે એક સો ઇંચના વ્યાસવાળું બીમસેની દૂરદર્શકયંત્ર આ હુમલામાં વાપર્યું, અને એનાં અવલોકનોએ તથા ગણતરીઓએ પણ આઇન્સ્ટાઇનના વર્તારાને ફરીથી ખરો પાડ્યો.

આમ ફરીફરીથી સાપેક્ષાવાદ જુદીજુદી કસોટીઓ પાર કરી વધુ ને વધુ મજબૂત પાયા પર સ્થપાવા લાગ્યો.

આઇન્સ્ટાઇનનું સન્માન હવે દેશેદેશમાં વધવા માંડ્યું. ૧૯૨૫મા લંડનની 'રૉયલ સોસાઍટી'એ એને કોપ્લી ચન્દ્રક અર્પણ કર્યો;-રૉયલ સોસાઍટી જેવી પ્રથમ પંક્તિની વૈજ્ઞાનિક મંડળીને હસ્તક આથી વધારે મોટું સંમાન-ચિહ્ન નથી. બીજે વર્ષે, ૧૯૨૬માં, લંડનની, રૉયલ ઍસ્ટ્રૉનોમિકલ સોસાઍટી' (ખગોળશાસ્ત્રની સભા)એ આઇન્સ્ટાઇને ખગોળની જે મહાસેવા કરી તેની કદર તરીકે, પોતાનો સુવર્ણચન્દ્રક એને આપ્યો.

આ સુવર્ણચન્દ્રકના પ્રદાન પછી આઇન્સ્ટાઇન લંડન ગયેલા. તે વેળાએ આપણા જગદીશચન્દ્ર બોસ પણ લંડનમાં હતા. તે સમયે તેઓ બંને ઑક્સફર્ડમાં બ્રિટિશ ઍસોસીએશનની સભામાં સાથે હતા. બોસનું ભાષણ ત્યાં આઇન્સ્ટાઇને પહેલી વાર સાંભળ્યું, અને એમ કહેવાય છે કે, આઇન્સ્ટાઇનની ઉપર એની એટલી સરસ અસર થઇ કે આઇન્સ્ટાઇને ગંભીરતાથી કહ્યું: 'લીગ ઑવ નેશન્સના પાટનગરમાં તમારા માનમાં તમારું એક પૂતળું ઊભું કરાવવું જોઇએ.'

**પ**ણ રખે કોઇ એમ માની લે કે આ સર્વ માનપાન પછી આઇન્સ્ટાઇન હવે જંપીને બેસી રહ્યા હશે.

હજી એક મોટામાં મોટો કોયડો ઉકેલવો બાકી હતો. વિશિષ્ટ સાપેક્ષાવાદ પ્રકાશ તથા વીજળીને લાગતો હતો. સામાન્ય વાદ ગુરુત્વાકર્ષણને નવીન પ્રકારે લાગુ પડતો હતો. પણ તત્ત્વચિંતકને એ પ્રશ્ન હમેશાં રહેતો કે આ બંને જુદાંજુદાં છે કે એમનો પણ સમન્વય થઇ શકે એમ છે? કોઇ અન્ય નામ તળે, કોઇ પ્રયોગ તથા ગણિતનાં પ્રમાણો વડે, સૃષ્ટિની આ બે પરમ શક્તિઓને એક છત્ર નીચે લાવી ન શકાય? એ સમન્વય માનવ શક્તિની બહાર છે?

વિશ્વનું આ એક મોટું રહસ્ય એ વિજ્ઞાનનો પણ એક મોટામાં મોટો પ્રશ્ન છે. તેના ઉકેલને માટે હજી

---

* આપણે ત્યાં તે હરણિયાના તારા (મૃગનક્ષત્ર)ના પારધી તરીકે અથવા 'રુદ્ર' નામથી ઓળખાય છે. વિશેષ માહિતી માટે જુઓ ૧૦૧મા અંકમાં આવેલો શ્રી હીરાલાલ અમૃતલાલ શાહનો લેખ: 'દેવસ્વરૂપ તારાઓ.'

કોઇ સફળ પ્રયાસ થયો ન હતો. હવે, દસ વર્ષના પરિશ્રમ પછી, આઇન્સ્ટાઇને પોતાની પ્રતિભાનું તથા ચિંતનનું ફળ માત્ર છ છાપેલાં પાનાંઓમાં જગતની પાસે રજુ કર્યું છે. એમાં પ્રકટ થએલા વાદને 'એકત્રિત ક્ષેત્રવાદ' —(Unified field theory) એવું નામ આપ્યું છે. કહે છે કે વિજ્ઞાનીઓમાં પણ આજે દસબાર જ માણસો એવા છે કે જે એને બરોબર સમજી શકે છે. છતાં વિજ્ઞાનીઓની આખી સેના આ નવા વિચારને પચાવવામાં તથા એ ઉકેલને સમજવામાં આજે રોકાએલી છે. હજી એ ઉપર કોઇ અભિપ્રાય આપી શકે એમ નથી. કોઇને અત્યાર લગીમાં એ ખાત્રીકારક લાગે છે, કોઇને નથી લાગતો.

આ છ પાનામાં ગણિતની વીસેક 'ફૉર્મ્યૂલાઓ' છે, ને મુખ્ય મુદ્દો એ છે કે ગુરુત્વાકર્ષણ ને વીજળી બેની પાછળ એક જ સર્વવ્યાપી શક્તિ છે. એને આઇન્સ્ટાઇન 'ક્ષેત્ર' (Field) કહે છે.

ગણિતની દષ્ટિએ આટલો કઠિન, વિચારની દષ્ટિએ આટલો ગહન, હોવા છતાં આ નવો સાપેક્ષાવાદ જે આવકાર પામ્યો છે તે કોઈ અતિ રસીલી નવલકથા અથવા અતિ મોહક નાટકને પશ્ચિમની પ્રજા જે હર્ષઘેલો આવકાર આપી શકે છે તેનું જ સ્મરણ કરાવે છે.

આઈન્સ્ટાઈનની આ છ પાનાની ચોપડી,—અથવા 'છપડી',—જ્યારે મુદ્રણાલયમાં હતી તે વખતે તેને મેળવવાને કેટલી પડાપડી થઈ છે! ઘેલા બર્લિનવાસીઓ તેમ જ છાપાંઓના ખબરપત્રીઓ કલાકો લગી મુદ્રણાલયની બહાર ખોટી થયા. લગભગ એક રૂપિયાથી જરા ઓછી કિંમતે આ નાનકડી પોથી વેચવામાં આવી. પણ શું ગજબ એનું વેચાણ! 'પ્રશિયન ઍકેડેમિ ઑવ સાયન્સિઝ'નું છાપખાનું એ છાપીછાપીને થાક્યું: ફરીફરીથી નકલો કાઢવા લાગ્યું, તોપણ એને ગાંડી માગણીઓને તે પહોંચી વળ્યું નહિ.

અને અમેરિકનોને તો આવી વીરપૂજામાં કોઈ પહોંચ્યું છે? એ પોથી પ્રકટ થઈ એટલે તરત એનો અક્ષરેઅક્ષર રેડીઓથી અમેરિકામાં પહોંચાડવામાં આવ્યો. યૂનાઇટેડ સ્ટેટ્સના એક મોટામાં મોટા મ્યૂઝીઅમે આઈન્સ્ટાઈનના હસ્તલિખિત લેખની માગણી કરી. મોં માગ્યું દ્રવ્ય સામે ધર્યું. ઋષિ જેવા આઈન્સ્ટાઈનને આ ધમાલ બીલકુલ ગમે નહિ. પણ



આઇન્સ્ટાઇન · તેનાં પત્ની અને પુત્રી સાથે

અમેરિકન મ્યૂઝીઅમવાળાઓએ બહુ કુનેહથી કામ લીધું, ને આખરે એક સરસ રકમ આપીને એ વિસ્મય પામતા, કચવાતા લેખક પાસેથી એના હાથનો લખેલો આખો મૂળ લેખ સંગ્રહસ્થાનને માટે મેળવી લીધો!

હજી આ વાદનો અર્થ જ ભાગ્યે કોઈ સમજ્યું છે. જ્યારે તે સમજાશે ત્યારે એની પરીક્ષા, કસોટી, ઉપયોગ વગેરે ધીરેધીરે થશે, પ્રયોગો થશે, પ્રમાણો તપાસાશે, અનુમાનો ખેંચાશે ને કસાશે. હજી કંઈકંઈ હશે. આપણે ય તે જોઈ શકીશું.

આવા ઉત્ક્રાન્તિકારક વિચારબીજના ગર્ભમાં શું છે ને તેમાંથી શું પરિણમશે તે તો તેનો કર્તા પણ આજે સમજી શકતો નથી, કલ્પી યે શકતો નથી. આજની સઘળી વીજળીક વિસ્મયતાઓ જે શોધો તથા જે વિચારોના ગર્ભમાં હતી એ શોધો તથા વિચારોને આજથી બરોબર સો વર્ષ પહેલાં પ્રકટ કરનાર નમ્ર ગરીબ માઈકલ ફૅરૅડે જો આજે પૃથ્વીને જુએ તો એ શું ધારે? રેડીઓની રોજની ગમ્મત તથા વિપુલ ઉપયોગ જોવાને માટે, તેના ખ્યાલને પચાસ વર્ષ ઉપર જન્મ આપનાર પ્રોફેસર ક્લાર્ક મૅક્સવેલ અને ચાળીસ વર્ષ પહેલાં તેના પ્રથમ પ્રયોગો કરી બતાવનાર જર્મન ભૌતિકશાસ્ત્રી હર્ટ્ઝ આજ પૃથ્વી ઉપર પાછા આવે

તો પોતાની શોધોના વિસ્તાર તથા પરિણામોને જોઇને આભા જ બની જાય ને?

છતાં વિજ્ઞાન એ સત્યપૂજા છે ને એમાં અત્યુક્તિને સ્થાન નથી, એટલું જ નહિ પણ એની પ્રત્યેક ઉક્તિ સપ્રમાણ ને સાધાર હોવી જોઇએ. પશ્ચિમનાં વર્તમાનપત્રોમાં કદી કદી આઇન્સ્ટાઇનના આ નવા વાદના ફળોની કલ્પનાઓ નવા વર્તારાઓ તરીકે ઠોકી બેસાડી જાહેર કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે, વીજળી ને ગુરુત્વાકર્ષણ એક જ છે એમ આઇન્સ્ટાઇને કહ્યું છે, એમ કરી વીજળીથી આપણે આપણી જાતને બચાવી શકીએ છીએ—વીજળીનો ઉપયોગ કરતે કરતે ય વીજળીથી દૂર રહી શકીએ છીએ, તો હવે ગુરુત્વાકર્ષણથી યે આપણે પર થઇ શકીશું એવો આઇન્સ્ટાઇનની મતલબ છે એમ કહેવાયું છે; એટલે આપણે ત્રીજા માળની અગાશીમાંથી બહાર પગ ધરી શકીએ છતાં પડીએ નહિ, એવું આપણા હાથમાં આવશે! કોઇક કહે છે કે હવે એ ભેદ જાણીશું એટલે પાંખો વિના જ ઊડી શકીશું ને પૃથ્વી ઉપરથી ચન્દ્રની તથા બીજા ગ્રહોની મુલાકાત લેવા નીકળી શકીશું!

પણ વસ્તુતઃ વીજળી ને ગુરુત્વાકર્ષણ એક છે એવું આઇન્સ્ટાઇને કહ્યું નથી. તે બંનેમા જે સમાનત્વ છે, બંનેમાં કોઇ એક સામાન્ય ભૂમિકા હોય છે તેને પકડવાનો આઇન્સ્ટાઇનનો પ્રયાસ છે. અંગ્રેજ તથા હિંદી એક જ છે એમ કોણ કહી શકે? છતાં શેક્સપીઅરે 'વેનિસના વેપારી'ના નાટકમાં જેમ યાહૂદીની પાસે કહેવડાવ્યું છે કે 'શું યાહૂદીને આંખ નથી? શું યાહૂદીને લાગણી નથી? . . . .' તેમ, આજે ય આપણે જાણીએ છીએ કે આટલા તફાવતો છતાં અંગ્રેજ ને હિંદી બંનેને બે કાન, બે આંખ, એક જ પ્રકારની ઇન્દ્રિયો વગેરે છે, બંને જન્મે છે, બંને જીવે છે, બંને પરણે છે, ને બંને મરે છે. માનવશાસ્ત્રી જેમ સામાન્ય માનવત્વ જુદાજુદા પ્રકારનાં માનવીઓમાંથી ખોળવા યત્ન કરે છે, રસાયનશાસ્ત્રી અસંખ્યવિધ પદાર્થોમાં થોડાંક જ મૂળરૂપ તત્ત્વો જુએ છે, તેમ આઇન્સ્ટાઇન પણ વિશ્વની બે મોટામાં મોટી, છતાં અત્યાર લગીની મર્યાદાઓના અભ્યાસને પરિણામે તદ્દન જુદી મનાએલી એની બે મહાશક્તિઓનું આંતરદર્શન કરી, તેઓનું એક સમાન તત્ત્વ, ખરી સર્વવ્યાપક શક્તિનું બીજ ને સ્વરૂપ શું છે તે, જોઇ આપણને સમજાવે છે.

આઇન્સ્ટાઇન આમાં ફતેહ પામ્યો હોય તો એનાં ફળો ને પરિણામો કદાચિત સદીઓ લગી માનવી નિહાળ્યા કરશે. એ દૃષ્ટિએ તો આઇન્સ્ટાઇનના ખરા કાર્યનો હમણાં જન્મ જ થયો છે!

**૧૯૨૯માં** આઇન્સ્ટાઇને પચાસ વર્ષ પૂરાં કર્યાં. ગુજરાતે કવિ નાનાલાલની તથા ખબરદારની એકાવનમી વર્ષગાંઠ ઊજવી છે. તેમ આઇન્સ્ટાઇનનો 'વન–પ્રવેશ' કેવી રીતે ઊજવાયો તે વિષે કાંઇક હકીકત પ્રકટ થઇ ગઇ છે.* આઇન્સ્ટાઇનને શોભે એવા સાદા ને માનુષિક રીતે તે ઉત્સવ ઘણે સ્થળે થયો હતો. બર્લિનની કૉર્પોરેશને ઉત્સાહમાં આવી એક સુંદર વાસગૃહ આઇન્સ્ટાઇનને અર્પણ કરવાની માગણી કરી, અને જીવનનાં ઘણાંખરાં પ્રલોભનોથી પર એવા આ મહાપુરુષે તેને ઉદાર કદર તથા સદ્‌ભાવના એક અનુકૂળ ચિહ્ન તરીકે સ્વીકારી. પરંતુ પાછળથી કૉર્પોરેશનમા તે વિષે વિખવાદ ઊભો થયો, ને આખરે કશું થયું નહિ!

આવા માણસનું ગૃહ-જીવન પણ બોધક છે. એનું જ્ઞાન કાર્ય (સંશોધન) એનો મુખ્ય સમય ને લગભગ સમગ્ર શક્તિ રોકી લે છે છતાં તે શુષ્ક, 'વેદાભ્યાસજડ' (અથવા ગણિતાભ્યાસજડ), કે યંત્ર તુલ્ય પણ નથી. જેમ એની કૃતિ સચોટ રીતે વિજ્ઞાનપરાયણ પ્રતિભાનું જીવન પ્રકટ કરે છે, તેમ આ લેખને છેક આરંભે આપેલા વચન એના હૃદયની આધ્યાત્મિકતા તથા જીવનની સરળ આર્જવતા પ્રકટ કરે છે. એના જીવનમાં નથી ટાગોર જેવા કલાકાર કવિવરનો કલાયુક્ત પણ વૈભવશાળી વિલાસ, કે નથી ગાંધીજી જેવા ત્યાગીની, સામાન્ય નેત્રોને સાવ કોરી જ દેખાય એવી, ઉગ્ર તપસ્વિતા. તોપણ એનું જીવન ઋષિજીવન જ છેઃ એવું જ શુદ્ધ, એવું જ નિર્મોહી અને એવું જ સ્વાધ્યાયનિમગ્ન. હૃદયથી એ સાચો સંત છે; સંસારી છતાં ખરો સંન્યાસી છે.

દેખાવમાં મધ્યમ કદનો, જરા ભારે બાંધાનો ને ખરબચડી મૂછોવાળોઃ એના માથાના જરા લાંબા વાળનાં ઝુલ્ફાંઓની ઉપર કોઇ પણ કાંશકીએ કદી જય મેળવ્યો હશે કે નહિ એ હમેશ સંશયાસ્પદ છે. વિખ્યાત

* જુઓ 'વસન્ત' ચૈત્ર સં. ૧૯૮૫

માનવશાસ્ત્રી હેવલૉક ઍલિસની પેઠે કોઇને ય લાગે કે વિજ્ઞાનશાસ્ત્રીનું જે રૂઢ ચિત્ર છે તેના કરતાં તો એનો દેખાવ કલાકારને વધારે મળતો આવે છે.

અને સંગીતનો તો એ મહાન પ્રેમી છે. બાળપણનો આ શોખ હવે ખૂબ વધ્યો છે. વાયોલિન એ સારું વગાડી શકે છે. જર્મન પ્રજાનો સંગીતપ્રેમ મશહૂર છે. જર્મન પ્રજાજીવનને સુલભ એવા સંગીતોત્સવોમાં રસ તથા ભાગ લેવા આઇન્સ્ટાઇન તૈયાર હોય છે. મહાન વાયોલિનીસ્ટ ક્રાઇસ્લરના કહેવા પ્રમાણે—ને એ બંને મિત્રો પણ છે—આઇન્સ્ટાઇનનો હાથ કાંઇ જેવોતેવો નથી. જર્મન કૉન્સર્ટોમાં, નાટ્યશાળાઓમાં તથા સીનેમાગૃહોમાં યે આઇન્સ્ટાઇન વારંવાર દેખા દે છે.

સંગીતથી બીજે નંબરે એને શિલ્પ તથા સ્થાપત્યનો શોખ છે. સાહિત્યમાં યે એના પ્રિય લેખકો છેઃ જરા આવેશથી લખનારાઓને તે પસંદ કરે છે. દોસ્તોઇવ્સ્કી (Dostoyevsky) એનો ખાસ માનીતો છે, ને 'કોઇ પણ વિજ્ઞાનીની પાસેથી મને મળ્યું હોય તે કરતાં વધારે દોસ્તોઇવસ્કીએ મને આપ્યું છે' એમ આઇન્સ્ટાઇન કહે છે. વિજ્ઞાનની પણ મોટી કૃતિઓ બધી આંતરદર્શન (intuition)થી જન્મે છે એમ આઇન્સ્ટાઇન માને છે. એને મન વિજ્ઞાનની મોટી શોધ એ કળાની પણ મહત્કૃતિ છે.

એના બીજા શોખોમાં, ઘરબહારના શોખોમાં, હોડી ચલાવવાનો એક ખરેખરો છે. સઢવાળી નાનકડી હોડીમાં પાણીની ઉપર ફરવા જેવી મઝા બીજા કશામાં નથી એમ તે વારેઘડીએ કહે છે. એકવાર તો એણે એટલે લગી કહ્યું હતું કે 'મારા કામ સિવાય બીજા કશાથી મને આનંદ મળતો હોય તો તે ત્રણ ચીજોમાંથી જ છેઃ મારું વાયોલિન, મારી સઢવાળી હોડી અને મારા સહચારીઓની કદર.

હા; એક વાત રહી ગઇ. તમાકુ પીવાનો એને ગજબ શોખ છેઃ લગભગ વ્યસન જેવો બળવાન. એની મુલાકાતે જનારાઓને તો એની આસપાસની તમાકુની વાસ સહી જ લેવી પડે. કહે છે કે એની પ્રેમાળ પત્નીની દક્ષતા આ ટેવને યે કાંઇક અંકુશમાં રાખે છે.

અને એ પણ કહેવું જોઇએ કે એની પત્ની એ એનું જેવુંતેવું સદ્‌ભાગ્ય નથી. એની પ્રતિભાને સમજનારી તથા પોષનારી, કદીકદી એના તેજમાંથી તણખા ઝરતા હોય ત્યારે તેને શાંત સ્મિતમાં ઝીલી બુઝાવી દેનારી. બહારની ગરબડ-ધાંધલ-જાહેરાતની મૂંઝવણો તથા પજવણીઓ એ સર્વની સ્વાભાવિકતા તથા અનિવાર્યતા સમજ્યા પછી યે તેની પતિના કાર્યમાં વિક્ષેપતા જાણનારી ને ચતુરાઇથી પતિના જીવનકાર્ય તથા મિજાજને આવી લપેટમાંથી બને તેટલાં ઉગારી લેનારી, છતાં આત્મનિમગ્નતા અથવા એકાન્તિકતાના અતિયોગને અને તેટલો અટકાવનારી, આ ગૃહરાણીને આઇન્સ્ટાઇનનું જીવન તથા યશ કેટલાં આભારી છે એનો કોણ આંકણી કરી શકશે? આવી પત્ની ને એક પુત્રી-એ બંનેની સાથે એનું જીવનઝરણું મધુર શાંતિમાં વહ્યા કરે છે.

બાકી એને પૈસાની તમા નથી; પદવીનો લોભ નથી; માનપાન ચાંદખિતાબની સ્પૃહા નથી. કીર્તિની કે વખાણની યે ઇચ્છા કે પરવાહ નથી. આવા માણસને જાહેરાત અનિવાર્ય જ હોય, પણ એને તેનો કંટાળો છે. એને સરળતાની કદર છે, સ્નેહની ખૂબ કિંમત છે અને નિર્દોષ રમૂજ પણ ગમે છે.

એક રીતે તો એનું સમગ્ર જીવન વિજ્ઞાનભક્તિમાં જ પરોવાએલું છેઃ તદ્દન એકલક્ષી ને એકમાર્ગી છે. છતાં એનાં રસક્ષેત્ર છેક સંકુચિત નથી, બલ્કે વિશાળ ને ઉદાત્ત છે. સંગીત, શિલ્પ, સાહિત્ય સિવાય બીજાં પણ છે. કાંઇક સ્વાનુભવથી, કાંઇક સંસારના અવલોકનથી, માનવજીવનમાં અન્યાયો તથા વિષમતાઓ એણે દીઠાં છે, ને છેક યુવાવસ્થામાંથી જ તેઓએ એના ચિત્તની ઉપર ઊંડી અસર કરેલી છે. આ સઘળાં અન્યાયો તથા વિષમતાઓ જે સમાજવ્યવસ્થાનું પરિણામ છે તે વ્યવસ્થા—અથવા અવ્યવસ્થાને હઠાવી, નવીન ને ન્યાયી સમભાવશીલ સમાજરચના કરવાની અભિલાષા વારંવાર પ્રબળ આવેશના રૂપમાં એના જીવનમાં વ્યક્ત થઇ છે. ખાસ કરીને યુરોપના મહાવિગ્રહ પછી, ૧૯૧૯ની સાલથી, એ દારુણ યુદ્ધનાં દુષ્ટ પરિણામો જર્મનીમાં તથા અન્યત્ર એણે એવાં દીઠાં છે કે એ સંત પુરુષનું દયાળુ ને પરોપકારી હૃદય એથી કંપી ઊઠ્યું છે. લોકોની પીડાને દેખી, રાજકીય ને સામાજિક જુલ્મનાં અસહાય ભોગ થનારાં માનવીઓનાં દુઃખ જોઇ, તીવ્ર આંતરક્લેશથી એનું દિલ કકળી રહ્યું છે. સંસારની સામાજિક વિષમતાઓને તથા જીવનની મૌલિક અવસ્થાઓને સુધારવાને માટે

ઘણુંઘણું કરવા એ ઇચ્છે છે.

યાહૂદીઓને તેઓના અસલી વતન જેરૂસલેમમાં ફરીથી વસાવવાની હીલચાલનો આઇન્સ્ટાઇન એક મોટો સહાયક છે. આ હીલચાલ 'ઝાયોનિઝમ'ના નામથી આજ મશહૂર છે. યુરોપીય વિગ્રહમાં એશિયાટિક તુર્કસ્તાનનો આ પ્રદેશ તુર્કની સરકાર સાચવી શકી નહિ, અને પ્રેસિડેન્ટ વિલ્સનને લીધે કોઇ જીતનાર રાજ્ય એને પચાવી શક્યું નહિ. તે વેળાએ દુનિયાભરના યાહૂદીઓએ પોતાનું સઘળું બળ એકઠું કરીને, પોતાને સદીઓ થયાં જે અન્યાય થયો છે ને દેશવટો ભોગવવો પડ્યો છે, તે મટાડવાની તક લીધી. વિલ્સનના સૂત્ર અનુસાર જેનો દેશ હોય તે એમાં રાજનિર્ણય કરે, એટલે યાહૂદીઓ પોતાના દેશમાં રહી શકે એમ તો થવું જ જોઇએ. યાહૂદી લાગવગ તથા ચળવળના જોરથી, બૅલ્ફરે—એટલે અંગ્રેજોએ પણ—આ વાત સ્વીકારી ને હવે ઘણાં યાહૂદી કુટુંબો પૃથ્વીના કંઇકંઇ ખૂણાઓથી પ્રવાસ કરી ત્યાં રહેવા આવ્યાં છે. આઇન્સ્ટાઇનની દિલસોજી ને મદદ એમાં ઘણી કિંમતી થઇ હોવી જોઇએ. પણ પોતે જાતે યાહૂદી છે તે કારણથી એની લાગણી ઉશ્કેરાઇ નથી. જાતની–કોમની–લોહીની જે ગ્રંથીઓ છે તે એનામાં ક્યારની યે ઢીલી થઇ ગઇ છે. હવે તો એનું સ્થાન, હીણાએલી તથા અન્યાયી જુલ્મથી પીડાએલી કોઇ પણ જાતિ પ્રતિની તીવ્ર અનુકંપાએ લીધેલું છે, અને એ જ લાગણીથી તે યાહૂદીઓની તરફ પણ જુએ છે.

પણ એના હૃદયનું ખરૂં સ્વરૂપ દેખાડનાર તો એનો શાંતિવાદ છે. આ શાંતિવાદ કોઇપણ પ્રકારના બળાત્કાર, યુદ્ધ કે હિંસાનો વિરોધી છે. મહાત્માજીએ જે અહિંસાવાદ આપણી પ્રજાને શીખવવા માંડ્યો છે તેમાં ને આ શાંતિવાદમાં કાંઇક ફેર જરૂર છે. આ શાંતિવાદ મુખ્યત્વે યુદ્ધની વિરુદ્ધ છે ને યુદ્ધના સંહારમાંથી, તથા સંહારની પછીથી, જે ઘોર પરિણામો થાય છે તેનાથી ત્રાસી ગએલાઓના તથા તે નિવારવા ઇચ્છનારાઓના પ્રયાસનું પરિણામ છે. તે અહિંસાવાદ જેટલો વિશાળ નથી પણ કેવળ સામુદાયિક છે. પરંતુ એ દિનપ્રતિદિન ઘણો બળવાન થતો જાય છે ને પશ્ચિમનાં સારામાં સારાં સ્ત્રીપુરુષો તેના અનુયાયી થવા લાગ્યાં છે.

પણ આજે યુદ્ધ નથી તે વખતે તો શાંતિવાદ સહેલો ને સોંઘો થઈ પડે. પરંતુ જ્યારે, ગમે તે કારણથી પોતાનો જ દેશ યુદ્ધમાં ઝંપલાવે તે વખતે તો સ્વદેશાભિમાન પણ શાંતિવાદની વિરુદ્ધ ઊભું થાય છે, ને શાંતિવાદી એ નિર્માલ્ય ભીરુ તરીકે હાંસી પામે છે અથવા તે દૃઢચિત્ત હોય તો, દેશદ્રોહી તરીકે સજા પામે છે.

દેશેદેશમાં આવું બન્યું છે. આજનો ઇંગ્લંડનો વડો પ્રધાન રામ્સે મૅકડોનલ્ડ જે જગતભરના એક રાજકીય અગ્રણી સમાન પ્રતિષ્ઠા આજ ભોગવે છે તે, યુરોપીય વિગ્રહ દરમ્યાન, શાંતિવાદ પ્રકટ કરતેકરતે, એક સામાન્ય રાજપુરુષનું પદ પણ ખોઇ બેઠો હતો, શરીરની સલામતી સિવાય તે વેળા એની પાસે કશું રહ્યું ન હતું, ને એને બચાવવાને માટે યે એને કેટલી વાર નાસભાગ કરવી પડેલી! બર્ટ્રાંડ રસલ, અમીર, કેંમ્બ્રિજનો અગ્રગણ્ય પ્રોફેસર, વિરલ ગણિતશાસ્ત્રી અને આજે સિદ્ધ પ્રતિભાવાળો પ્રથમ પંક્તિનો વિજ્ઞાનશાસ્ત્રી—એની પણ એ સમયે શી દશા થઇ? કેંમ્બ્રિજે એને પદભ્રષ્ટ કર્યો અને સરકારે એને કારાગૃહમાં પૂર્યો.


જર્મનીમાં શું થયું હશે તેની આપણને થોડી જ માહિતી છે. પણ એ ચોક્કસ છે કે યુદ્ધોત્સાહી બર્લિનમાં, ને બર્લિનના તંત્રમાં, આ શાંતિવાદી જર્મન પ્રોફેસરની હાલત બહુ નાજુક થઇ ગઈ હતી. તેમાં યે જ્યારે, ઉપર જણાવ્યા પ્રમાણે જર્મન વૈજ્ઞાનિકો તથા વિદ્વન્મંડળોમાં યુદ્ધનો આવેશ ફેલાયો, ત્યારે તેઓમાંના જ એક મુખ્ય વૈજ્ઞાનિક એવા આઇન્સ્ટાઇનની બહુ કફોડી સ્થિતિ થઇ હશે. આઇન્સ્ટાઇન જેવા શાંતિપ્રેમી બીજા જર્મન વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ એ સમયે હતા: તેમાં એક ગળીની બનાવટની શોધ કરનાર રસાયની બાયર પ્રખ્યાત છે: પણ બાયર વૃદ્ધ હતો, અને તે દૂર મ્યૂનિકમાં વસતો હતો તેથી બચી ગયો. આઇન્સ્ટાઇન પ્રકૃતિથી શાંતિપ્રિય હતો તે ઉપરાંત સમજણથી ને સિદ્ધાંતથી શાંતિવાદી ને યુદ્ધવિરોધી થયો હતો. અધૂરામાં પૂરૂં, યુદ્ધની પ્રેરણાનું તથા આવેશનું જે ખરૂં કેન્દ્ર બર્લિન તેમાં જ એને રહેવાનું હતું.

તોપણ વિજ્ઞાનના વિકાસનું એ એક સદ્‌ભાગ્ય જ ગણાવું જોઇએ કે આઇન્સ્ટાઇનની બૂરી હાલત થઇ નહિ ને યુદ્ધ સમયમાં યે, આપણે ઉપર જોયું તેમ, એનું મહત્ત્વનું કાર્ય પ્રકટ થયું ને રિપુપ્રજાના એટલે ઈંગ્લંડના અગ્રગણ્ય વિજ્ઞાનશાસ્ત્રીઓએ પણ એના

કાર્યની ઉત્તમ કસોટી તથા કદર કરી.

આવું સારૂં પરિણામ આવ્યું તેનું એક નિમિત્ત, એક આકસ્મિક કારણ, એ હતું કે જન્મે જર્મન હોવા છતાં આઇન્સ્ટાઇન અત્યારે ખરૂં જોતાં સ્વિસ હતો–સ્વતંત્ર ને તટસ્થ સ્વિટ્ઝરલૅંડનો શહેરી હતો. બહુ મોંઘે મૂલે ખરીદેલું આ નાગરિકત્વ એ વેળા આઇન્સ્ટાઇનને ખૂબ ફળ્યું, અને એની સરસ ઢાલ બનીને એણે આ- કોઈ એક વ્યક્તિને તેની વિરુદ્ધની સરકાર કે સમાજ, ધારે તો હેરાનહેરાન ન કરી શકે? આઇન્સ્ટાઇન આવી પજવણીઓમાંથી તદ્દન મુક્ત રહ્યા જણાય છે. જર્મનોની વિજ્ઞાનભક્તિને તથા વિજ્ઞાનીઓ તરફની ઉદાર પૂજ્ય-વૃત્તિને આ બહુ શોભા આપે છે: ખાસ કરીને ઇંગ્લંડમાં જે બન્યું તેને મુકાબલે. જોકે ઈંગ્લંડે પણ આઇન્સ્ટાઇન તરફ તો ઘણું યોગ્ય ને સુંદર વલણ પ્રકટ કરેલું છે.

## નિત્યયૌવન જાળવવાનો ઉપાય : શીર્ષાસન



ઝાડની મજબૂતી જેમ તેના થડ ઉપર છે તેમ માણસના આખા શરીરનો ખરો ટકાવ તેની કરોડ ઉપર છે. આથી યુવાવસ્થાની મર્યાદા કરોડના સબળપણા ઉપર ટકેલી છે આટલી વાત તમે બરોબર સમજી શકયા હો તો તમને લાગશે કે અંકોડાબંધ સાધારણ સીધી કરોડ ન હોય તો તમે યુવાન દેખાશો નહિ અથવા તદુરસ્ત રહી શકશો નહિ

માટે જ શરીરના એ અવયવમાં તાકાત મેળવવાને ખાસ પ્રયત્ન સેવવો જોઇએ. એમાં ખાસ કરીને કોઇ વજન ઊચકીને શરીરને આગળ યા પાછળ જુદીજુદી રીતે વાળવું જોઈએ ઘણા એમ માને છે કે વજન ઊચકીને કસરત કરવામાં જોખમ રહેલું છે: પરંતુ દરેક જણ પોતે ખમી શકે એટલું વજન ઊચકે તો ઉલટું સારી કસરત થાય છે.

તમારે સદા તંદુરસ્ત રહેવું હોય, શરીરનું ચેતન અને સ્ફૂર્તિ જાળવી રાખવાં હોય, તમારૂં યૌવન આવું ને આવું તેજસ્વી હમેશને માટે રાખવું હોય તો એક સારો સહેલો માર્ગ છે. તમારી આખી કરોડને દરરોજ અને નિયમિત ધ્યાન-પૂર્વક કસરત આપવી. એને માટે અનેક કસરતો છે. તેમાંની એક તે શીર્ષાસન.

જમીન પર ગોઠણભર બેસીને, વાંકા વળી માથા તથા ગરદન ઉપર માત્ર શરીરનો બોજો લાવવાથી પણ ઘણો ફાયદો થાય છે. એ પછી તમે માથા ઉપર જ આખું શરીર અદ્ધર ઊંચું કરી શકો તો તો એ ખરેખર મહત્ત્વની કસરત થાય અને તમારી કરોડની તાકાત વધારવામાં અસાધારણ સહાયકર્તા થઇ પડે.

શરીરયંત્રને ગતિમાન કરનાર દરેક તંતુ કરોડના સાંધાઓમાંથી જ નીકળે છે. હૃદય અને કાળજાની ગરમી તથા ચેતન પણ ત્યાંથી જ મળે છે.


આ વાત હસી કાઢવા જેવી ન ગણી કાઢતા. એમાં ખરેખર અતુલ અગત્ય રહેલી છે. ઘડપણમાં પણ યુવાનીનું ચેતન ટકાવી રાખવા માગતા હો તો ધર્મ-ક્રિયા જેવી લાગણીથી તમારી કરોડને રોજ નિયમિત કસરત આપજો. શરીર-સ્વાસ્થ્ય માટે ખોરાક તથા બીજી જાળવણી તો જરૂરનાં છે જ, પરંતુ કરોડની દેખરેખ તો તેથી યે વધુ ને ખાસ ધ્યાન માંગે છે.

ઇન્સ્ટાઇનની સ્વતંત્રતાનું, શાંતિપ્રેમનું તેમ જ વૈજ્ઞાનિક સંશોધનોનું પૂરેપૂરૂં રક્ષણ કર્યું.

છતાં સત્યને ખાતર આપણે જર્મન યુદ્ધપક્ષના રાજકીય તથા વૈજ્ઞાનિક નેતાઓને યે આ સુંદર પરિ-ણામને માટે ધન્યવાદ આપવો જોઇએ. કારણકે આજે એ વાત કોણ નથી સમજતું કે ભલે કાયદાની દૃષ્ટિએ કોઈ વ્યક્તિ તદ્દન સલામત હોય તે છતાં, કાયદાનું શરણ લીધા વગર પણ, અણગમતા અભિપ્રાયવાળી

શાંતિનો આ સાચો પ્રેમી ને ઉપાસક ગાંધીજીને બરોબર સમજી શકે એ સ્વાભાવિક છે. તેથી ગયે વર્ષે ગાંધીજી જ્યારે યુરોપમાં હતા, અને પશ્ચિમના શાંતિ-વાદીઓ તથા શાંતિસ્થાપક મંડળો એમને શાંતિવાદના મોટામાં મોટા પ્રણેતા તથા આચાર્ય તરીકે આવકાર આપતાં હતાં ત્યારે આઇન્સ્ટાઇન તરફથી પણ એમને જે ભાવભર્યો સંદેશ મળ્યો હતો તે આપણને વિદિત છે.

(અનુસંધાન આગળ પાન ૩૮૬મે)



## સિન્ધુદર્શન

• ઉપજાતિ-વશસ્થ •

અમે અમારાં મનુમંદિરોમાં,
કે કૂજતા ગીત સુધાઝરંત;
સૂતા શિલા પે ગિરિકંદરોમાં,
પ્રતિધ્વનિથી શ્રવણો ભરંત.

નાચંત કે નિર્ઝરિણી નિહાળી,
સંગીત રેલંત નદી રૂપાળી;
ગીતો સુણી કોકિલ-બુલબુલોનાં
ધાર્યું, ન એવાં કયહીં ગીત કોનાં.

આજે દીઠો ગૌરવગાન ગાતો,
પ્રચંડ કલ્લોલગા લોલ ડોલતો
વિશાળ અંભોધિ; તરંગમાલા
હસે સુણીને મુજ બોલ કાલા.

હાવાં ધરી મૌન સુણ્યા કરીશ,
ને શૈલશૃંગે જઈ એ લવીશ;
ગીતો વીણી સાગરશેરીઓનાં,
વેરીશ હું એ મનુમંડપોમાં,

ઉમાશંકર જોષી

ધોળી દૂધ જેવી ચાંદની, નિશિગંધની ફોરમ, મધુર ને અસ્ફુટ એવા વાદ્યોના સૂર, ગંભીર ને છાપ પાડનારા પ્રાર્થનાના અવાજ, હાથમાં હાથ નાખીને મારૂં અને મારા જૅકનું ચર્ચનાં પગથિયાં ઉપરથી ઊતરી જૅકના સૈનિક મિત્રોની ચળકતી તલવારોથી બનેલી કમાન વચ્ચેથી પસાર થવું—આ જ મારૂં મધુરમાં મધુર સ્મરણ છે. સુંદર પોશાકમાં આવેલી એ સૌંદર્યવાન કુમારિકાઓ ને કુમારો તથા એમનું મધુરૂં હાસ્ય,—હજી યે એ આખો પ્રસંગ મારી આંખ સામે તરવરે છે.

અને બીજું ચિત્ર ખડું થાય છે તે પેલી વિદાયનું. બે જ અઠવાડિયાં—માત્ર બે જ અઠવાડિયાંના અવર્ણનીય અને સુખકારક સહવાસ પછી મારા સૈનિકપતિને અને તેની જોડે ફ્રાન્સની રણભૂમિ ઉપર જતા હજારો સૈનિકોને બંદર ઉપર આપેલી વસમી વિદાય એ મારૂં બીજું મોટું સંસ્મરણ. એ ચિત્ર મારા હૃદયમાં એકાદ ખજાનાની જેમ મેં સાચવી રાખ્યું છે.

એક રીતે કહું તો એ વિદાય વખતે મેં જૅકને જોયો તે છેલ્લી વારનો જ. કારણકે મેં વિદાય આપેલા

## મહ ગાળીને માનવતા પ્રગટાવતી

સુદૃઢ અને સુંદર શરીર તથા કોઇને પણ દયા ઉપજાવે એવા, મહાયુદ્ધે મને પાછા આપેલા માનવ શરીર વચ્ચે જમીન આસમાનનો ફેર હતો.

એના કાગળો તો મને અવારનવાર મળ્યા જ કરતા અને તે ઉપરાંત બીજી રીતે પણ મને એનાં પરાક્રમોની હકીકતો વાંચવા અથવા સાંભળવા મળતાં. એનાં પરાક્રમો વાંચીને મને એક જાતની સંવેદના થઇ આવતી. પણ પછી વળી ઘણા જ લાંબા સમય સુધી એના તરફથી કોઇપણ ખબર આવ્યા નહિ. મને ખૂબ ચિંતા થવા માંડી. છેવટે મને સરકારી રીતે ખબર આપવામાં આવી કે જૅકને ઘણી જ ગંભીર ઇજાઓ થઇ છે અને યુદ્ધ માટે અશક્ત ગણીને તેને ઘેર મોકલવામાં આવવાનો છે.

# છેલ્લી ભેટ

## મર્દાનગીની કથા



શરમ ને ક્રોધથી ગાંડી બની, મારા પતિને સતાવતા પેલા પશુ અને આસપાસના હસતા ટોળા પાસે હું ધસી ગઇ. મને કઇ ભાન જ ન હતું. ગિરૂકસના ગાલ પર મારા ખુલ્લા હાથનો સખત આઘાત મેં સાંભળ્યો અને તે નીચે ગબડી પડ્યો ત્યારે તેની આંખમાં નવાઇ ચોખ્ખી જણાઈ આવતી હતી, એ બે જ વાતો મને યાદ છે.

અમારા પુનર્મિલન વિષે હું કાંઇપણ કહેવા માગતી નથી. એ દ્રશ્ય ન વર્ણવી શકાય એટલું ભયંકર હતું. જાણે કોઇ નિર્દય રીતે મારી ક્રૂર મશ્કરી કરતું હોય એમ જ મને તે વખતે લાગેલું.

વાંકુ વળી ગએલું તથા અખડી ગએલું એનું જર્જરિત શરીર, મનની નબળાઇને લઇને કોઇ પણ જાતના અવાજથી એકદમ ચમકી ઊઠતું. મારા જૅકનો એકાદ પગ કે હાથ તૂટી ગયો હોત તો તે હું સૈનિકની પત્નીને છાજતી જેમ બહાદુરીથી સહન કરત. પણ આ ?— આ તો ક્યાં યે દયાજનક હતું. એની આંખોના ભાવ પણ કરુણાજનક હતા. મને તો એમ જ લાગતું કે આ માણસ જાણે એક નહિ પણ અનેક વાર મૃત્યુ પામેલો છે !

આ પછીના કેટલાક મહિના તો જાણે અનેક ઠેકાણે આવેલાં સરકારી હોસ્પીટલની એક પછી એક જાત્રા કરી આવવામાં જ વીત્યા. છેવટે એક વિચારી અને સહાનુભૂતિવાળા સર્જને એક દિવસ મને ઑફિસમાં બોલાવી કહ્યું 'જુઓ, મિસિસ ડૅગનર, વાત એમ છે કે, તમારા પતિના કેસથી હું તો હવે હાર્યો છું.' આટલું કહીને એક નિશ્વાસ મૂકી એણે ખુલ્લી બારીમાંથી બહાર જોવા માંડ્યું. એક બે મિનિટ પછી તેણે આગળ ચલાવ્યું: તમે જાણો છો ને, કે વિજ્ઞાન હજી ઘણું જ મર્યાદિત છે. બહુમાં બહુ તો અમે અનુમાનો બાંધી શકીએ છીએ. તમારા પતિ જે વખતે ગોળાથી વીંધાઇને પડી ગયા તે વખતની પછાટથી એમના હાડકાનો જ કેવળ ચૂરો નથી થયો. તમને ખોટું ન લાગે તો કહું કે એમના મનને વધારે સુશ્રૂષાની જરૂર છે. એટલે તમે એને એકાદ એવે સ્થળે લઈ જાઓ કે જ્યાં ખૂબ ખુલ્લી હવા એને મળે અને સાધારણ નહિ જેવું કામ પણ એ કરી શકે. પછી તો કુદરત કરે એ ખરૂં. અને પરિણામ વિષે તો હું શું કહું ?— એ તો કેવળ કાળ જ કહી શકશે.' પોતાનાં હાથની આંગળીઓને દૈવ પ્રબળ છે એમ કહેવા માંગતો હોય એવો આકાર આપતાં એણે આ શબ્દો પૂરા કર્યા.

હવે મને ક્લિંટનો વિચાર આવ્યો. ક્લિંટ મારો એક જૂનો મિત્ર હતો. કાંઇક શારીરિક વ્યાધિને લીધે એ મહાયુદ્ધમાં જવાની ફરજમાંથી બચી ગએલો અને એક નાનકડી જોડાની ફૅક્ટરીમાં એને યુદ્ધ વખતના મોટામોટા ઓર્ડરોને લીધે અગણિત સંપત્તિ પ્રાપ્ત થએલી. એની આગળ જવું મને જરા યે ગમતું ન હતું, પણ આ વખતે મારે બીજો ઉપાય ન હતો. હું એને મળવા ગઇ. બહુ જ વ્યાવહારિક રીતે ભાઇસાહેબ મને મળ્યા અને બધું નક્કી કર્યું તે પણ જાણે કાંઈ ખાસ બનાવ બન્યો જ ન હોય એમ. મને જોતાં જ એણે કહ્યું:

'સરસ, સરસ, મને મળી એ ખૂબ જ સારૂં કર્યું, કેઇટ. જૅકને ફાવે એવું જ એક કામ મારી પાસે છે. હું જે સિંડિકેટમાં છું તેણે હમણાં જ મૉન્ટાનામાં એક સોનાની ખાણ વેચાતી લીધી છે. આપણે જૅકને ત્યાં મોકલી આપીશું. ટાઇમકીપરનું અને ઑફિસમાં મદદ કરવાનું કામ એ કરી શકશે. બરાબર એને લાયકનું જ કામ છે. તદ્દન સાદું અને સીધું કામ! અને એ પ્રદેશ પણ એની તબિયત ઉપર અદ્‌ભુત અસર કરી શકશે. અને તું જ્યારે એને ફરી મળીશ—'

'ફરી મળીશ?' મેં એકદમ કહ્યું: 'એ તો વાત જ જવા દો. હું તો એની જોડે જ જવાની છું; એને એકલો મોકલવાની નથી.'

ક્લિફે પોતાનાં ભમરો સંકુચિત કરી કહ્યું: 'પણ કેઇટ, એ સ્થળ સ્ત્રીઓ માટે નથી. એ તો એક ખાણનો કૅમ્પ છે, અને ત્યાં સુપરિન્ટેન્ડન્ટની પત્ની મિસિસ પ્રોક્ટર સિવાય બીજી કોઇ સ્ત્રી પણ નથી.'

'જો મિસિસ પ્રોક્ટર એ બધું સહન કરી શકતાં હોય તો મને લાગે છે કે હું પણ જરૂર કરી શકું.'

ક્લિફે વાદવિવાદ વડે મારા નિશ્ચિત સંકલ્પથી મને ચળાવવા બહુ પ્રયત્ન કર્યા, પણ જેમજેમ એ વધારે સમજાવતો ગયો તેમતેમ હું વધારે ને વધારે દૃઢ બનતી ગઇ. છેવટે એણે જ નમતું આપ્યું અને બધી યોગ્ય સગવડો કરવાની તૈયારી કરી.

બાકી મારે એટલું તો કબૂલ કરવું જોઇએ કે જ્યારે મેં પેલા રાતા 'ઓખા'ને મૉન્ટાના સ્ટેશનને નામે ઓળખાવવામાં આવતું જોયું અને ત્યાંના ઊંચા પર્વતો તથા તદ્દન ખરાબ રસ્તાઓનું દર્શન કર્યું ત્યારે તો મને પણ ભય જેવું જ કાંઇક લાગેલું. એકાદ શહેરી જ્યારે સૃષ્ટિનાં વિશાળ પટમાં અવકાશ અને અંતરના દર્શનથી મૂંઝાઈ પોતાની લઘુતા અને ક્ષુદ્રતા અનુભવે છે ત્યારે તેના મનમાં જેવા ભાવ ઉત્પન્ન થાય છે તેવા જ ભાવ આ વખતે મારા મનમાં ઉત્પન્ન થાત. પણ આ વખતે જૅકના મોઢા ઉપર મેં પ્રથમ વાર જ એને કાંઇ પણ રસ પડતો હોય એવા ભાવ જોયા. એની ઉદાસીનતા આ પહેલી જ વાર ચાલી ગએલી મેં જોઇ. આ ફરકથી આનંદિત થઈ કંઇક આશાએ હું ધૂળના ગોટગોટા ઉડાડતા આવતા ખટારા સામે જોઇ રહી. એ 'કાર' પાસે આવીને ઊભી રહી અને એમાંથી એક મજબૂત બાંધાનો માણસ નીચે ઊતર્યો. અમને જોઇને એણે પોતાની ચાવવાની તંબાકુનો ઘૂંટડો નીચે ઊતાર્યો અને આમતેમ જંગલીની જેમ જોવા માંડ્યું. પણ ત્યાં બીજા કોઇ પૅસેંજરો તો હતા જ નહિ.

'કોઇની વાટ જુઓ છો?' મેં પૂછ્યું.

'હા, બૉનાન્ઝા ખાણના ટાઇમકીપરની.' એણે કહ્યું.

'એ જ અમે.' એમ કહી જૅકને મેં કારમાં બેસાડ્યો અને હું પણ બેઠી.

એ ખટારાનો પ્રવાસ તો જાણે એક ઇતિહાસ જ છે. અમે કૅમ્પમાં પહોંચ્યા ત્યાં સુધીમાં અમારા એકેએક સાંધાને કસરત મળી ગએલી. કૅમ્પમાં એક મોટું લાકડાનું ઘર હતું. અમારા ડ્રાઇવરે કહ્યું કે એ 'બંક હાઉસ' છે અને રસોડું પણ ત્યાં જ છે. એની પાસેનું એથી સહેજ નાનું ઘર તે મુખ્ય ઑફિસ અને કંપનીના સ્ટોર રૂમ તરીકે વપરાતું. બીજી પણ બે નાની કૅબિનો હતી. એમાં પણ કોઇ રહેતું હોય એમ જણાતું હતું. ખાણ તો ત્યાંથી પાંચેક માઇલ ઉપર ડુંગરની પેલી બાજુએ હતી. અમારી કૅબિન હજી હમણાં જ પૂરી કરવામાં આવી હોય એમ દેખાતું હતું અને તે મારી કલ્પનાની બહાર સારી અને સ્વચ્છ નીકળી.

રાત્રે કદી ન અનુભવેલી એવી આરામભરી ગાઢ નિદ્રા મળી. હું સવારે તાજગીભરી ઊઠી ત્યારે આ નવા પ્રદેશ ઉપર હું અનેક આશાઓથી જોવા લાગી. રાત્રે મજાની ગુલાબી ઠંડી પડી હતી અને અમારી પાણીની ડોલ ઉપર બરફનો પાતળો થર બાઝી ગયો હતો. પણ સૂરજનાં કોમળ કિરણોએ થોડા જ વખતમાં હવામાંથી ટાઢ ઉડાડી દીધી અને બેકન તથા તળાતાં ઇંડાની સુવાસે જૅકને પણ જગાડ્યો. આટલા મહિનાઓમાં પહેલી જ વાર એ બરાબર ભૂખ્યો ડાંસ જેવો જાગ્યો. એના મોઢા ઉપર કાંઇક તેજ પણ જણાતું હતું. મારૂં હૃદય આકાંક્ષાઓથી ઉછાળા મારવા લાગ્યું.

નાસ્તો કરીને અમે ઑફિસ ઉપર ગયાં અને મિસ્ટર પ્રોક્ટરને મળ્યાં. એમણે જૅકને ખાણ ઉપર લઈ જઇ એની ડ્યૂટી સમજાવી. મિસિસ પ્રોક્ટર મને આનંદી અને હેતાળ લાગ્યાં. ઘણે દિવસે સ્ત્રીનો સહવાસ મળવાથી તેમને આનંદ થએલો જણાયો.

થોડા દિવસ ગાડું સરસ ચાલ્યું. જૅકને પોતાનું

કામ પણ ઘણું જ ગમ્યું. અને એની શારીરિક તેમજ માનસિક સ્થિતિમાં પણ ખૂબ સુધારો દેખાયો. પણ થોડા દિવસ પછી વળી અચાનક બધું બગડ્યું. જૅકની માનસિક નબળાઇ વધારે જોરથી પાછી આવી હોય એમ લાગ્યું. જરાક સરખા અવાજથી પણ તે ચમકી ઊઠતો, અને એવી બીકથી અને ધ્રૂજતો ધ્રૂજતો આમ-તેમ જોતો કે મારા હૃદયને સહસ્ર વીંછી કરડ્યા હોય એવી વ્યથા થતી. એને કાંઈક થયું હોવું જોઇએ, એમાં તો શક ન હતો. પણ હું પૂછું તો મને એની ખબર પડી છે એવી જાણથી વળી એને કાંઇક થાય એ બીકે હું પૂછી પણ શકતી નહિ.

રવિવારે ખાણ બંધ રહેતી અને એ દિવસ આરામ તથા શાંતિનો રહેતો. અમારા આવ્યા પછી લગભગ ત્રીજા અઠવાડિયાને એક રવિવારે હું સ્ટોરમાંથી કાંઇક સામાન લાવવા જતી હતી. સામાન ઉપડાવવામાં મદદ કરવા જૅક પણ સાથે નીકળ્યો. અમે સામાન ખરીદ્યો અને એ બંધાતો હતો ત્યાં સુધીમાં હું સહેજ મિસિસ પ્રોક્ટરને ત્યાં ગઇ. મિસ્ટર પ્રોક્ટર એન્જીનની બાબત માટે બહાર ગએલા એટલે મિસિસ પ્રોક્ટરને હું અમારે ત્યાં જમવા નોતરવા ગએલી.

અમે વાત કરી રહ્યાં હતાં ત્યાં મેં સહજ બારી-માંથી બહાર ડોકિયું કર્યું. ખાણના કેટલાક મજૂરો સ્ટોરની સામે રસ્તા ઉપર એકઠા મળ્યા હતા. એ બધાની વચમાં તરી આવે એવો સૌથી ઊંચો, અને મેં કદી નહિ જોએલા એવા મજબૂત બાંધાવાળો એક માણસ મેં જોયો. એનો પોશાક બાકી બધાના જેવો જ હતો—ફ્લાનલનું ગળા આગળ ઉઘાડું શર્ટ, અને ઢીંચણ સુધીનાં બૂટમાં ખોસેલું પાટલૂન. પણ પોશાક એક હોવા છતાં એનામાં એવું કાંઇક હતું કે જે એને બધાથી જુદો પાડતું હતું. એનું મોટું અને વાંકડિયા વાળ-વાળું માથું સહેજ એક તરફ નમેલું રહેતું અને એની નાની મૂછો અણીદાર હતી. એનો આખો દેખાવ જ બેદરકારી અને ઉન્મત્તપણાનો લાગતો.

'પેલા મહાશય કોણ છે?' મેં પૂછ્યું.

મિસિસ પ્રોક્ટરે બહાર જોયું. 'એ ભાઇસાહેબ તે જીન ગીરૂકસ—કૅમ્પનો ગુંડાઓને બડામાં બડો બદમાશ. હું પૉલને હજાર વાર કહીને થાકી કે એને કાઢી મૂકો; પણ કેટલીક બાબતોમાં આ પુરુષો તો ભારે વિચિત્ર હોય છે. પૉલ કહે છે કે બધા મજૂરોમાં સારામાં સારો એ જ છે અને જ્યાં સુધી એ કામ-કાજ કરે છે ત્યાં સુધી તો એ રહેશે જ. અત્યારે ભાઇ-સાહેબ શું કામ પધાર્યા છે, કોણ જાણે.'

આ પ્રશ્નનો જવાબ આપવા જ જાણે નીકળ્યો હોય તેમ જૅક એ જ ક્ષણે સ્ટોરનો દરવાજો ઉઘાડી રસ્તા ઉપર આવ્યો. એની બગલમાં સામાનનાં બંડલો હતાં. એણે ગીરૂકસને જોયો તેવોજ એ એકદમ ઊભો રહ્યો. એની ભયપૂર્ણ આંખો નાસવા માટેનો માર્ગ શોધવા આમતેમ ફરવા લાગી. મને એકાએક ઊગી આવ્યું કે જૅકને પાછો નબળો બનાવવામાં આ રાક્ષસી કદનો માણસ જ કારણભૂત થયો હોવો જોઇએ. કેડે હાથ મૂકીને ડોલતો ડોલતો ગીરૂકસ જૅક તરફ વધ્યો.

'ઓ. હો . . . . . . . . આ તો આપણો બચુડિયો કીકો! પણ બાએ એને સ્ટોર પર એકલો કેમ મોકલ્યો હશે? ખરાબ માણસોની તને બીક લાગે છે. દોસ્ત? ઊભો રહે હું પોતે તને આ શેતાનોનાં પંજામાંથી સુરક્ષિત ઘેર પહોંચાડવા આવું.'

જૅકની આંખમાં પોતાની આંખ મિલાવીને એ આગળ વધ્યો. બિચારો જૅક પાછળ હટ્યો. એના હાથમાંથી એક બંડલ પડી ગયું. ગીરૂકસે માથું ધુણાવ્યું:

'બહુ જ ખરાબ, બહુ જ ખરાબ! બંડલ પાડી નાખ્યું? હવે બાપા વઢશે તો?' એણે જૅકને પકડ્યો અને જૅકે ભયની એક ચીચિયારી પાડી. શરમ અને ક્રોધથી ગાંડી બની હું બારણામાંથી પેલા હસતા ટોળા વચ્ચે ધસી આવી. મારા પતિને સતાવતા પેલા પશુ પાસે પહોંચી જવા સિવાય બીજો વિચાર જ મારા મનમાં ન હતો. મને તો ભાન જ ન હતું એમ કહું તો ચાલે. મારા ખુલ્લા હાથનો એના ગાલ ઉપર થએલો એક સખત આઘાત મેં સાંભળ્યો, અને ગીરૂકસ જ્યારે નીચે ગબડી પડ્યો ત્યારે તેની આંખમાં નવાઇ ચોકખી જણાઈ આવતી હતી, એ બે વાતો જ મને અત્યારે યાદ છે.

એક ક્ષણ સુધી ત્યાં શાંતિ પથરાઈ રહી. મને લાગે છે કે એ આખો દેખાવ ખૂબ વિચિત્ર થયો હશે. એક ભયચકિત થએલું નાનકડું ટોળું, તદ્દન ભય પામી ગએલો ધૂળમાં રગદોળાતો પડેલો જૅક, અને ફિક્કા પણ તમાચાના આંગળાં ઊઠેલાં લાલ ગાલ વાળો, આશ્ચર્યચકિત આંખો વડે મારી સામે જોઇ રહેલી

પેલી ફ્રેન્ચ વ્યક્તિ!

'બાયલાઓ!' મેં બરાડો પાડી કહ્યું: 'તમને સામો એ ચોડે એવાની સાથે તમે કેમ અડપલું કરવા જતા નથી? ના, ના; પણ તમારામાં એ છે જ નહિ. તમે તો નબળાઓને જ શોધવાના અને એમાં જ ફુલાવાના. ખરા મરદ છો હોં તમે બધા!' મેં જૅકને ઉઠાડ્યો. કોઈક ગીરૂક્સ સામે હસ્યું. ગીરૂક્સના મોઢા ઉપરના ભાવ એકાએક બદલાયા. એણે આસપાસ દૃષ્ટિ ફેરવી!

'ખૂબ હસવા જેવું છે નહિ? જીન ગીરૂક્સ સામે કોણ હસે છે એ?' એનો અવાજ ધીમો પણ અધિકારયુક્ત હતો. ટટ્ટાર થઇને એણે કહ્યું: 'મિત્રો આ તમારાં સ્મિત બંધ થાય એ ઘણું જ ઇચ્છવા જેવું છે.' અને પછી એક ઝટકા સાથે હાથ લાંબો કરીને એણે કહ્યું: 'બસ, ચાલ્યા જાઓ!' ગર્વિષ્ટપણું કે નાટકિયાપણું એમાં ભલે હોય, પણ પરાજયમાં પણ આ માણસ જય મેળવી શકયો એ તો મેં જોઇ જ લીધું. આખી બપોર મેં આ બનાવના વિચારમાં જ ગાળી.

મેં મિસિસ પ્રોકટરને જૅક માટે કદી વાત કરેલી નહિ. કદાચ ક્લિટે મિસ્તર પ્રોકટરને આખી વાત લખી હશે. પણ એ બધી વાત એ જાણે છે એમ એમણે કોઇ દિવસ બતાવ્યું ન હતું. એટલે આ વિચિત્ર અને કઠણ પ્રસંગ હતો. હું સહાનુભૂતિ માટે યાચના કરૂં એ મારા સ્વાભિમાનને આડે આવતું હતું; અને છતાં યે જૅકની માનસિક સ્થિતિ એવી હતી કે ક્રૂર મશ્કરીઓમાંથી એને બચાવવો એ અત્યંત જરૂરનું હતું. છેવટે મેં નિશ્ચય કરી લીધો. મેં અમારી મોટી સ્ટીમરટ્રંક ઉથલાવી અને અંદરથી મહામહેનતે કાર્ડબોર્ડની એક ડબ્બી શોધી કાઢી. મારા હાથમાં એ સજ્જડ રીતે પકડીને હું પેલા રસોડામાં જઈ પહોંચી. બધા લોકો જમી પરવાર્યા હતા, પણ બારીમાંથી મેં જોએલું કે હજી બધા વાતો કરતા ને બીડીઓ ફૂંકતા બેઠા છે.

હું ગઇ એટલે બધે શાંત થઇ ગયું. વાતો બંધ થઇ ગઈ અને એમની નજરમાં મારા આગમન પ્રત્યેનો અણગમો ચોખ્ખો જણાઇ આવ્યો.

'જુઓ ભાઇઓ!' મેં શરૂ કર્યું: 'આ રીતે તમારી વચ્ચે આવી તમારી વાતચીતોમાં દખલ કરવા માટે હું ઘણી જ દિલગીર છું. પણ આ એક એવી વસ્તુ છે કે જે મારે કર્યે જ છૂટકો છે. તમારી પરવાનગીથી હું એ જેમ બને તેમ જલદી પતાવીશ.' મેં સહેજ અટકીને આસપાસ શી અસર થઈ છે તે જોયું અને પછી ફરી શરૂ કર્યું: 'તમે જરૂર માનતા હશો કે મારો પતિ એક નામર્દ માણસ છે. કદાચ તમે મારી દયા પણ ખાતા હશો. પણ એમ હોય તો એ દયાની મારે જરૂર નથી. આ જુઓ—'

મેં પેલી કાર્ડબોર્ડની ડબ્બી ઉઘાડી ને પાંચ ચળકતા ચાંદ ટેબલ ઉપર ફેંક્યા. પછી એમાંથી એક પસંદ કરી મેં બધા જોઇ શકે એ રીતે ઊંચો હવામાં પકડ્યો:

'The croix de Guerre!! બાયલાઓને એ પહેરવાનો લાભ નથી મળતો. મારા પતિએ આ બધા ચાંદ સ્વ-પરાક્રમથી પ્રાપ્ત કર્યા છે અને તે પહેરવાનો તેને સંપૂર્ણ હક્ક છે.' મેં ટેબલની આસપાસ બધે નજર ફેરવી: 'તમે મહાયુદ્ધ વિષે તો સાંભળ્યું છે? કદાચ તમારામાંના કેટલાક તો તેમાં નોકરી પણ કરી આવ્યા હશે!'

ખાણના ફોરમૅન કાસિડીએ પોતાની ચૂંગી મોઢામાંથી કાઢી હાથમાં પકડી અને 'કેમ હું ત્યાં ગએલો જ, વળી!' એમ ટૂંકામાં જણાવ્યું.

ગીરૂક્સ એકદમ રૂઢ્યો 'અને હું પણ.' બીજા કેટલાકોએ પણ માથાં હલાવ્યાં.

'ઠીક ત્યારે.' મેં કહ્યું, 'તમારામાંના કેટલાકોએ તો કૅપ્ટન જોન ડૅગરનું નામ સાંભળ્યું જ હશે. એને યુદ્ધમાં "રાક્ષસ-સંહારી જૅક" પણ કહેતા.' વળી હું સહેજ થોભી. એક ક્ષણ બધે શાંતિ પ્રસરી ગઇ. કાસિડીએ એક બે ઘૂંટડા નીચે ઉતાર્યા.

'ત્યારે—ત્યારે—એ, એ તો નહિ?' એણે પોતાની ચૂંગી મોઢામાં જ રાખી અમારી કૅબિનની દિશા તરફ ચૂંગી વાળતાં પૂછ્યું. મેં હકારમાં ડોકું હલાવ્યું.

'મેં તો એને ગોળી ખાઇને પડતાં જોએલો.' એણે કહ્યું. થોડી વાર સુધી બધે ધીરીધીરી વાતો ચાલવા લાગી. બધા જ કહેતા હતા: 'ખરો બહાદુર લડવૈયો! એક્કો હતો એક્કો!' હું ગીરૂક્સ સામે જોઈ રહી હતી. થોડીવાર પછી શરમભરેલે મોંઢે એ ઊભો થયો. ખૂબ ગંભીરતાપૂર્વક બધાને એણે શાંત થવા નિશાની કરી. એની આંખોમાં આંસુ હતાં. પણ એની સત્તારની વર્તણૂકને લીધે અને મારા માફ ન કરવાના સ્વભાવને લીધે હું એની સામે કઠણ લોઢા જેવી જ રહી.

'માદામ!' એણે ધીરે સાદે કહ્યું, 'હું શરમથી મરી જાઉં છું. હું માફીની આશા તો નથી કરી શકતો, પણ એટલું કહું છું કે કૅપ્ટન સાહેબ હવેથી એમને છાજતાં બધાં માનપાન પામશે.'

એ નીચે બેસી ગયો. મેં સહેજ નીચા વળી બધાને અભિવાદન કર્યું અને તરત જ ત્યાંથી નીકળી મારી કૅબિનમાં ચાલી ગઇ, અને મારી કિંમતી ડબ્બી પાછી સુરક્ષિત ટ્રંકમાં મૂકી દીધી. મારી ખાત્રી હતી કે આ બધા બુદ્ધના ચાંદના પ્રદર્શનની વાત જૅક પેલા માણસો પાસેથી કદી જાણવાનો નથી.

મને લાગ્યું કે મેં આબાદ કામ કર્યું છે. બાકી પરિણામ કેવું આવશે એ તો કાળ બતાવી આપશે.

સોમવારની સવાર થઇ. જૅકની ખાણ ઉપર જવાની તૈયારી મેં હજી હમણાં જ પૂરી કરી હતી. ત્યાં કોઇએ બારણું ઠોક્યું અને મિસિસ પ્રોક્ટર અંદર આવ્યાં.

'ઓહ! કાલે તેં ખરેખર જ ખૂબ બહાદુરી બતાવી, હોં. એ બહાદુરીનાં ફળ જરૂર મળશે. ખરેખર આ પુરુષો વિચિત્ર જ છે. ઉપરઉપરની એમની કઠોરતા નીચે એ ખૂબ મૃદુ હોય છે. આજે સવારે મિસ્ટર પ્રોક્ટર વહેલી ટ્રેનમાં આવ્યા અને એમણે જ્યારે બધું સાંભળ્યું ત્યારે એ તો ખૂબ ચિડાયા. એમણે તો કહ્યું કે આજે જ રાત્રે ગીરૂકસને કાઢી મૂકું છું. ઠીક થયું નહિ? એ એક પીડા જશે.'

'ના, ના. એટલું જ એક ન કરો તો ઉપકાર.' મેં કહ્યું, 'એથી તો ઊલટો દ્વેષ વધશે. ગીરૂકસે કાલે જે કર્યું એ અવિચારી અને ક્રૂરતાભરેલું હતું, ખરૂં. પણ એની પુનરાવૃત્તિ નહિ થાય એની મને ખાત્રી છે, એટલે એને કાઢી તો નહિ જ મૂકાવતાં.'

ખૂબ વાતચીતને અંતે એમણે કબૂલ કર્યું કે બપોરે મિસ્ટર પ્રોક્ટર જમવા આવશે ત્યારે સમજાવવા.

બીજે દિવસે મેં જોયું કે ગીરૂકસ કામ ઉપર તો હતો જ, એટલે હું સમજી ગઇ કે મિસિસ પ્રોક્ટરનો પ્રયત્ન સફળ થયો છે. ત્યાર પછીનાં અઠવાડિયાં તો કંઇ અદ્ભુત નીકળ્યાં. જૅક તો જાણે નવો માણસ જ બની ગયો હોય એમ લાગ્યું. એનાં ઊંડા ગએલા ગાલ ભરાઇ આવ્યા અને ખાસ ઉત્તેજક પ્રસંગો સિવાય અથવા ખૂબ થાકેલો હોય તે સિવાય એની માનસિક નબળાઇ મારી સૂક્ષ્મ નજરને પણ જણાઇ આવતી ન હતી. એ હવે ધીરે-ધીરે જૂનો—પહેલાંનો જૅક થવા લાગ્યો. બધાં જ માણસો ખૂબ માયાળુ છે અને એને ખૂબ માન આપે છે એમ એ કહેવા લાગ્યો. જૅકે કોઇ દિવસ એમની બદલાએલી મનોવૃત્તિ વિષે મને પૂછ્યું નહિ; અને મેં પણ ઈશ્વરનો પાડ માન્યો અને ભવિષ્યની તરફ આશાભરી નજર નાખવા માંડી.

આ બધા દિવસો દરમયાન મને વિચિત્રવિચિત્ર ભેટો મળતી જતી હતી. કોઈ વાર જંગલી ફૂલોનો ગુચ્છો બંદારના



## પ્રતિમા

• દ્રુતવિલંબિત •

સુગત જીવનની પ્રતિમા વિષે
પરમ જીવન જો ધબકી રહ્યું;
જહીં અચેત પદાર્થ પડ્યો હતો
વિમલ શિલ્પ હવે પ્રકટી રહ્યું.

સુભગ કો ક્ષણ એક કલાધરે
પરખી માનવતા નિજ કલ્પને;
પ્રથમ દર્શન ચેતનનું કર્યું
અજડ ધાતુ મનોહર મૂર્તિમાં.

સુખદ ભોગ, સમૃદ્ધિ, સુકીર્તિ ને
જન દરિદ્ર તણી ઉરવેદના,
જગતનાં ચિર દ્વન્દ્વ વિલોકતી
કરુણતા તવ મૂર્તિમતી અહીં.

નયન શાંત, નિમીલિત દૃષ્ટિ ને
વદન સૌમ્ય-ગભીર સમાધિમાં;
હૃદય ચિંતન સમ્યક જ્ઞાનનાં
પુનિત દર્શન ગૌતમ બુદ્ધનાં.

પલપલે પ્રતિમા તવ ચિંતવું
પ્રણમું અંતર કારુણિક પ્રભો!

**તનસુખ ભટ્ટ**

પોર્ચમાં કોઇ મૂકી ગએલું હોય.; કોઇ વાર અમારા સ્ટવ માટે ઘરની પાછલી બાજુ સારી રીતે ગોઠવેલાં લાકડાં પડ્યાં હોય. આ બધી ભેટોથી મને બહુ નવાઇ લાગતી. એક દિવસ સવારે હું હમેશ કરતાં જરા વ્હેલી ઊઠી. મેં આગલે બારણે કાંઇક અવાજ સાંભળ્યો એટલે હું તરત જ તપાસ કરવા ત્યાં ગઇ. તાજું મારેલું એક સસલું બારણાના હાથા ઉપર લટકતું હતું અને તે જ વખતે અમારી કૅબિનની આસપાસની ઝાડીમાં જીન ગીરૂકસની ઊંચી આકૃતિ અદૃશ્ય થતી હતી. ઓ . . . હો! ત્યારે તો એ ભાઇશ્રી આ બધી ભેટ મૂકી જતા હતા? પણ હજી મારા મનમાં પેલો અપમાનનો પ્રસંગ ખટકતો હતો. એટલે તે જ દિવસે એ મને રસ્તામાં મળ્યો ત્યારે એને મેં ઊભો રાખ્યો.

'જીન ગીરૂકસ,' મેં કહ્યું, 'તારા આ કાર્યની પાછળ રહેલો ભાવ હું સમજી શકું છું. પણ તારી પાસેથી કાંઇ પણ ભેટ લેવા હું ઇચ્છતી નથી. આજે સવારે પેલું સસલું મૂકી જતાં હું તને જોઈ ગઇ છું.'

એકાદ નાનો નિશાળિયો તોફાન કરતાં પકડાયો હોય તેમ એ ભવ્ય પુરુષ પોતાની ટોપી પોતાના હાથમાં ફેરવતો ફેરવતો જમીન તરફ નજર કરતો ઊભો રહ્યો.

'પણ માદામ—' એણે કહેવા માંડ્યું.

'બસ, જીન; હું દિલગીર છું. પણ હવે પછીની ભેટ એમ ને એમ પડી રહેશે, સમજ્યો? એકેય ભેટ હવે નહિ જોઇએ.' પીઠ ફેરવીને મેં એકદમ ચાલવા માંડ્યું. પણ એના મોં ઉપરની એ દુઃખની લાગણી, અને મૂંઝાઇ ગએલી એની નિષ્કપટી આંખોવાળી મુદ્રા હજી મને યાદ આવે છે. પણ મારી માફ ન કરવાની અને ભૂલી ન જવાની મૂર્ખાઇભરેલી વૃત્તિ માટે પશ્ચાત્તાપ કરવાનો વખત તો હજી હવે આવવાનો હતો.

છ મહિના પસાર થઇ ગયા અને શિયાળો લગભગ આવી ગયો. એક રાત્રે હું અને જૅક વાળુ કરી લઇને રકાબીઓ સાફ કરી રહ્યાં હતાં ત્યાં મિ. પ્રોક્ટર આવ્યા. શગડી ઉપર પોતાના હાથ શેકતા એ ઊભા રહ્યા.

'હમણાં જ ટપાલ આવી છે.' એમણે શરૂ કર્યું: 'જનરલ મૅનેજરનો એમાં એક કાગળ છે. એને કેટલાક આંકડા જોઇએ છે. તમને કહેતાં સંકોચ તો થાય છે, અને તેમાં યે આવી રાત્રે— પણ મને લાગે છે કે તમારે ખાણ ઉપર જઇને ચોપડા લઇ આવવા પડશે.'

જૅક ઊભો થયો અને એણે એક સ્મિત કર્યું. 'જરૂર મિ. પ્રોક્ટર, એ હું જરૂર કરીશ. આ કેઇટને જરા મદદ કરી લઉં, અને પછી ઊપડ્યો જ છું.'

મિ. પ્રોક્ટરે એનો વાંસો થાબડ્યો: 'શાબાશ છે જૅક! ચોપડા ઑફિસમાં જ લાવજો. આપણે એકદમ પતાવી નાખીશું. અને હું એમને બહુ વાર નહિ રોકું, મિસિસ ડૅમર! ઠીક ત્યારે, ગુડ નાઇટ.'

રકાબીઓ ધોઇ રહીને જૅકને મેં ઓવરકોટ પહેરાવ્યો અને એની ઇલેક્ટ્રિક બૅટરી શોધી આપી.


'આ રાતને વખતે ટૂંકે રસ્તે ન જતા હોં' મેં કહ્યું.

'તને એમ લાગે છે કે હજી પણ હું મારી પોતાની સંભાળ ન લઈ શકું એવો કીકો છું?' એણે કહ્યું.

'ના ના, એમ નહિ; પણ સંભાળીને જજો.' મેં વિનતિ કરી. 'તું તો મૂરખ છે મૂરખ! ઠીક ત્યારે, હમણાં આવું છું.' મેં એને પોતાની બૅટરીની મદદથી બહાર જતો જોયો. ખડક અને ખાડાટેકરામાંથી એને દૂરદૂર જતો જોઇ એને માટે આટલી બધી કાળજી કરવી એ મને પોતાને જ મૂર્ખાઇભરેલું લાગ્યું.

હવે વાત એમ હતી કે ખાણ તરફ જવા માટે બે રસ્તા હતા. એક વળાંક લેતો લેતો લાંબો અને ડુંગરાને પ્રદક્ષિણા કરતો જનારો હતો; અને બીજો ટૂંકો રસ્તો હતો તે સીધો ડુંગરાની તળેટીમાં જનારો હતો. લાકડાનાં પગથિયાં ગોઠવી વચ્ચેવચ્ચે થોભીને જવા માટે કરવામાં આવેલો એ રસ્તો હતો તો કામચલાઉ પણ ઘણુંખરૂં ખાણ તરફ જવા માટે એ રસ્તો જ વપરાતો, કારણકે એ બહુ ટૂંકો હતો. પણ આ લાકડાનાં પગથિયાં સુધી પહોંચવા માટે વચ્ચે પાતળા કાદવથી ભરેલી એક ખાઇ ઓળંગવી પડતી અને એ ખાઇ અતિશય ભયંકર હતી. ભોગજોગે જો એ મોટી કળણમાં કોઇ પડે તો સીધો અંદર જ ચાલ્યો જાય. ભલભલાની પણ મગદૂર નહિ કે એ કળણમાંથી નીકળી આવે. એ ખાઇ ઉપર એક મોટું પાટીયું નાખીને તે ઓળંગવાની વ્યવસ્થા કરેલી હતી. દિવસે તો જાણે આ કામચલાઉ પૂલ સુરક્ષિત હતો. પણ રાત્રે એક ડગલું ચૂકે તો મૃત્યુ જ માની લેવાનું.

મારા હૃદયમાં કોઇ અકથ્ય લાગણીએ મને ઘેરવા માંડી. મને નક્કી લાગ્યું કે જૅક આ ટૂંકે રસ્તે



**સંસારના વાવંટોળમાં** — ચિત્રકાર • કનુ દેસાઈ

શ્રી કનુ દેસાઈએ લગ્નજીવનની ભાવનાઓ પ્રકટાવતાં આઠ ચિત્રોનો એક સુંદર ગુચ્છ તૈયાર કર્યો છે (જે 'મંગળાષ્ટક' એવા સુયોગ્ય નામથી તેઓ થોડા જ સમયમાં ગુજરાતને ધરશે) તેમાંનું એક અતિ ભાવમય અને કાવ્યમય ચિત્ર 'કુમાર'ના વાચકો સમક્ષ રજુ કરીએ છીએ. આ ચિત્રોમાં નવું જ રેખાંકન અને વિષયનિરૂપણ જણાશે. સંસારસાગરમાં પ્રવાસ કરી રહેલાં એક જ નાવનાં પ્રવાસીઓ પર એકાએક તોફાન અને ઝંઝાવાતનું આક્રમણ થયું છે. ધીર નાવિક નૌકાને કોઈ અજાણ્યા કિનારા પાસે સલામતી માટે ખેંચી રહ્યો છે; તેની જીવનસખી–સુખદુઃખની સાથી અને સહચરી–તેમના પ્રણયપુષ્પ બાળકને સાચવી રહી છે. વખાનાં માર્યાં તેઓ નવી ભૂમિ પર સહીસલામત ઊતરશે ? આ વેરાન ટાપુ પર તેમને આશ્રય મળશે કે હડસેલો તે કોણ જાણે ? આવા અનુત્તર પ્રશ્નોથી ચિત્રમાં ગૂઢતા અને ગંભીરતા પ્રવેશે છે અને નૌકા પરથી નજર ખસતી નથી.



પડછાયા

(ફોટો • હર્ષદ પંડ્યા)

આ માસની ફોટોગ્રાફી હરીફાઇમાં પહેલું ઈનામ મેળવનાર ચિત્ર

જ જશે. કોણ જાણે કેમ, પણ મને એકદમ ફાળ પડી. ઝટપટ કોટ પહેરી અને બૅટરી લઇ હું એ રસ્તે દોડતી ઊપડી. કદાચ મેં આ મારી દોડધામથી જ એને ચમકાવ્યો હશે, કારણ વળાંક આવતાં જ મેં એને બૂમ પાડી બોલાવ્યો. એક અસ્પષ્ટ આકૃતિ પેલા લાકડા ઉપર થઇને જતી હતી. તે એક ક્ષણભર ઊભી રહી—મૂંઝાઈ—અને સમતોલપણું ગુમાવી પેલા મૃત્યુના મુખમાં પડી!

શું કર્યું મેં આ! ભયથી ભાન ભૂલી જઇ મેં ચીસો પાડવા માંડી. એ જ ક્ષણે મેં મારી પાછળ ભારે પગલાંનો અવાજ સાંભળ્યો. એક ભવ્ય આકૃતિ આગળ ધસી આવી. એ જીન ગીરૂકસ હતો!

એક ક્ષણ પણ એ મૂંઝાયો નહિ. પરિસ્થિતિ માપી લેતો હોય તેમ એણે ચોમેર તીક્ષ્ણ નજર ફેંકી અને પછી એક જ કૂદકે પેલી તડફડિયાં મારતી વ્યક્તિ પાસે—જૅક પાસે—તે પહોંચી ગયો. એણે જૅકને પકડ્યો. ફ્લૅશ લાઇટના પ્રકાશમાં મેં જોયું કે એના માંસલ બાહુઓ જૅકને ખેંચવાનો ભીષણ પ્રયત્ન કરી રહ્યા છે. અંતે એણે એક લાંબો જોસભેર શ્વાસ લઇ પેલા ક્રૂર અને ભક્ષણ કરી જતા કાદવના મુખમાંથી જૅકને એક ઝટકા સાથે બહાર ખેંચી કાઢ્યો. પણ આમ કરવા જતાં તે પોતે વધારે ખૂંચી ગયો. જૅકને તેણે આખો ઉપાડીને પોતાના ઊંચા કરી રાખેલાં બાવડાંના આધારે તોળી રાખ્યો.

'જુઓ માદામ,' એણે બૂમ પાડી, અને એની એ બૂમ તે વખતે મને રણશીંગા જેવી ભાસી: 'તમે મારી બધી ભેટોનો અસ્વીકાર કર્યો છે; હવે આ એક એવી ભેટ છે કે જે તમારે સ્વીકારવી જ પડશે. જીન ગીરૂકસની આ છેલ્લી ભેટ છે!'

વળી એણે પોતાના સ્નાયુઓનું આકુંચન કર્યું અને મારા પતિની બેશુદ્ધ અને કાદવથી ભરેલી શરીરયષ્ટી મારી પાસે જ હવામાંથી ફેંકાઇ આવીને પડી. જૅક તો સુરક્ષિત હતો. પણ મારો પ્રથમ વિચાર હવે જીનને બચાવવાનો હતો.

'જીન,' મેં બૂમ પાડી: 'જરા વાર ટકાવ કરી રાખજે. હું મદદ લઇને અબઘડી આવું છું.' પણ એણે પોતાનું માથું ધુણાવ્યું અને એક આકરૂં સ્મિત કર્યું. 'હવે વખત નથી માદામ!' એણે ઘણી જ શાંતિથી કહ્યું.

મેં જોયું કે એની વાત સાચી હતી. જૅકને બચાવવાના એના અથાગ પ્રયત્ને એને ખૂબ જલદી ડુબાડવા માંડ્યો હતો. અને હવે મદદ લાવવી પણ અશક્ય હતી. ખભા સુધી તો તે અંદર પણ ગયો હતો અને કાદવ ઝપાટાબંધ તેને ગળવા લાગ્યો હતો. વળી પાછો જીનનો ગંભીર અવાજ સંભળાયો:

'તમારૂં મોઢું પેલી બાજુ ફેરવી નાખો, માદામ! હવે તમારી રજા લેવાનો સમય આવી લાગ્યો છે. તમારાથી આ જોયું નહિ જાય!' જીને કહ્યું.

એ જ એના છેલ્લા શબ્દો હતા.

'જીન!' મેં એક જબરી ચીસ પાડી અને હું બેશુદ્ધ બની ગઇ. જ્યારે મને શુદ્ધિ આવી ત્યારે ખાઇની કાદવની સપાટી સરખી થઇ ગઇ હતી અને કાદવ પાછો મળી ગયો હતો. અને જીનની છેલ્લી ભેટ મારી પાસે જમીન ઉપર પડી હતી.

**આ**જે તો એ વાતને અનેક વર્ષો વહી ગયાં છે. બંને બાજુ કઠેરાવાળો એવો એક મજબૂત પૂલ એ ખાઇ ઉપર નંખાએલો છે, ને એને એક છેડે ધોળા પથ્થરનો એક સ્તંભ છે જેના ઉપર લખ્યું છે:

**જીન ગીરૂકસ**
એક સજ્જન ફ્રેન્ચ સૈનિક
'એના જેવા પ્રેમાળ કોઇ ભાગ્યે જ હશે'

(એક અમેરિકન વાર્તા ઉપરથી) 'માઝ'

## રવિ અને કવિ

• શાર્દૂલવિક્રીડિત •

ખારાં સાગરવારિ મિષ્ટ કરીને રેલાવતો મેહુલા,
બીજોમાં રસ પૂરી તેજકિરણે સંવર્ધતો સૃષ્ટિને;
કૂડાં જીવનસ્વાર્થ શુદ્ધ કરીને આદર્શ ફેલાવતો,
પૂરી પ્રાણ મનુષ્યમાં શબ્દથી મ્હેકાવતો સૃષ્ટિને.

**રતિલાલ શુક્લ**

# ઝૂલૂઓની જીવનદીક્ષા

માત્ર નામ વાંચીને તોલ બાંધનારાઓ આ લેખ વાંચવો ચૂકશે તો સારું રસમય વાચન ખોશે. કેમકે એમાં—

- સાચી ને કડક કુમાર-કેળવણીનાં તત્ત્વો છે.
- જંગલજીવનની અદ્ભુતતાનો પાર છે.
- સ્કાઉટિંગનું સજીવ શિક્ષણ છે.

'હબસીઓમાં ઝૂલૂ વધારેમાં વધારે કદાવર અને રૂપાળા ગણી શકાય. . . આ હબસીઓ ઘાસમાટીના ગોળ કૂબાઓમાં રહે છે. . . શરીરની મજબૂતીમાં જગતમાં કોઇ પણ કોમથી ન ઊતરે . . તેને ભાલાં ને તીરકામઠાંનો ઉપયોગ સારીરીતે આવડતો હતો, તે તો છીનવી લેવામાં આવ્યો છે.'* —ગાંધીજી.

ઝૂલૂઓમાં તમારા અહીંના જેવી સુધરેલી નિશાળો નથી, પણ કેવળ દેશી ઢબની અને કડક કેળવણી છે. પરંતુ એ કેળવણી અમારા જીવનને એટલી અનુરૂપ છે કે એના વિના અમારૂં જીવન અશક્ય જેવુ થઇ પડે. પહેલી વાત એમાં બળની છે. સુદૃઢ શરીરની એટલી બધી અગત્ય છે કે છોકરૂં જન્મે કે તરત જ અમારા વૈદ્યરાજ તેની પરીક્ષા કરે છે અને જો જરા પણ નબળું માલૂમ પડે તો તેને ફગાવી દે છે. અમારા લોકોમાં વન-વિદ્યા (જંગલ-જીવનને જરૂરી કેળવણી) વફાદારી, દેશદાઝ વગેરે ગુણ હોય છે ખરા; પણ એ બધું તાકાતની પછવાડે. અમારાં બાળકોને કેળવવાની રીત કંઇક અંશે તમારાં સ્કાઉટિંગને મળતી આવે છે. એ સાંભળવામાં તમને જરૂર રસ પડશે.

હું પોતે ઝૂલૂ છું. મારા નાનપણના ગોઠિયા ઉપીના, રિંપગો અને રામ્મના સાથમાં જે કુમારજીવન મેં ગાળ્યું છે તેનો જ અહેવાલ હું આપીશ, એટલે તમને જીવન-ચરિત્રના જેવો રસ એમાંથી મળશે. તમારા સ્કાઉટોમાં જેમ કડેટની જુદીજુદી પંક્તિઓ હોય છે તેવી અમારા કુમારજીવનમાં માનભરી ગણાતી 'બે લકડી વાળો', 'ભાલાવાળો' વગેરે પંક્તિઓ મેળવવાની અમારી મહત્ત્વાકાંક્ષા હતી. પણ તે પહેલા અમારે કેટલીક કસોટીઓમાથી પાર ઊતરવાનું હતું. એ કસોટી (અને કેળવણી પણ ખરી જ) માટે અમારે, તમારે ત્યાં જેવો ઍસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર હોય છે એવા એક મૉનિટરના હાથ તળે પસાર કરવાની હતી. અમારી ભાષામાં એને ડૂમા કહે છે. અમારા ડૂમાઓ અતિશય કડક હોય છે. આ ભાઇસાહેબ પણ એવા જ હતા.

એક નાના ગામમાં ખાસ છોકરાઓ માટે જુદા રાખવામાં આવેલા ઝૂંપડામાં અમે રહેતા હતા. વસંતોત્સવની રમતોમાં બધા ગામના વ્યાયામવીરો ભેગા થતા અને દોટ, કૂદકો, તીરંદાજી, ભાલાં, બળદ-દોડની શરત, પગેરૂં કાઢવું, ઝાડ પર ચડવું એવી દેશી રમતોની અખિલ ઝૂલૂ વ્યાયામવીરની હરીફાઇમાં ઊતરતા. એ હરીફાઇ માટે યોગ્ય ગણાવા પ્રાથમિક પરીક્ષામાં પાસ થવું એ અમારો મોટામાં મોટો મનોરથ હતો.

હજી અમે આ હરીફાઇ માટે જોઇએ તેટલી કુનેહ મેળવી નહોતી અને શરતના મેદાનની ઝહેમતનો માર ખમી શકીએ તેટલા બળવાન પણ નહોતા. અમે ચારથી સાત વરસના હતા. ઉપીના સૌથી મોટો; તેનાથી નાનો રામ્મ; એથી નાનો હું અને છેલ્લો રિંપગો.

ડૂમા કદાવર, શ્યામ અને શાંત જુવાન હતો અને હાથમાં હમેશાં સોટી રાખતો. એક સવારે હજી અમારૂં ઝૂંપડું હાથીની સૂંઢ જેવું કાળું ને મેશ્વરવાથી બધું ઢંકાએલું હતું અને અમે હજી કાગાનિંદરમાં પડ્યા હતા, ત્યાં એક લાંબો પાતળો આકાર થોડી વાર બારણામાં ઊભો રહી અંદર પેઠો અને પાતળી સોટી સરર સરર હવામાં વીંઝવા લાગ્યો. અમે મારમાર કરતા જાગી ઊઠ્યા અને એ ગોઝારી સોટીના ડંખથી દૂર નાસવા લાગ્યા.


'આવા ઊંઘણશી રહીને તમારે જુવાન સૈનિક બનવું છે, કેમ?' સડ સડ સોટી મારતો મૉનિટર ત્રાડ્યો: 'નદીનો રસ્તો ભાળ્યો છે?'

'હ . . . હ . . . હા.' અમારી જીભ ઝલાવા લાગી.

'જાઓ, ત્યાં જલદી જાઓ અને કિનારેથી મગરનું ઈંડું ખોળી કાઢી સાજુંનાજું લાવીને મને આપો. ચલો!'

મગરનો માળો એ કેવી ભયંકર ચીજ છે તેની તમને ખબર નહિ હોય. મગરનું ઇંડું ફક્ત હંસના ઇંડા જેવડું જ હોય છે. શિયાળો ઊતરવાનો થાય ત્યારે તે

* ઝૂલૂ જીવનના વધુ પરિચય માટે વાંચો મહાત્મા ગાંધીજી કૃત 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' બીજું પ્રકરણ.



પોતાની પૂંછડી રાફડા તરફ રાખીને મગર ઊંધી પડી હતી.

નદીની રેતમાં ઇંડું દાટી દે છે અને વસંત ઋતુમાં સેવે છે. સાપને ભીની રેતમાં સૂવું અને મગરનું ઈંડું ખાવું એ બંને બહુ ગમે છે. તેથી મગર પૂંછડી ઈંડા તરફ રાખી ઇંડાની રખેવાળી કરતી પાણીમાં પડી રહે છે. એની પૂંછડીની સ્પર્શેન્દ્રિય એટલી તીવ્ર હોય છે કે કોઇ ઇંડું કાઢવાનો પ્રયત્ન કરે કે તેના સંચાર માત્રથી પૂંછડી વાટે તેને તરત જ ખબર પડી જાય છે. મગરની જાતનાં બધાં પ્રાણીઓની જેમ તેનું લોહી ઠંડું હોવાથી ઇંડું તાપમાં સેવાવા દેવું પડે છે. ઇંડામાંનું બચ્ચું મોટું થાય ત્યારે અંદર બોલવા માંડે છે. અને એ અવાજ પારખીને મગર બહાર આવી ઇંડાને ઉકેરી કાઢે છે.

મૉનિટરનો હુકમ સાંભળતાંવેંત જ અમારાં ગાત્ર ઢીલાં થઇ ગયાં. પણ એણે તરત હાથ ઊંચો કર્યો. ગયા વગર હવે છૂટકો જ નહોતો. અમે બારણામાં પડતા આખડતા ફળિયામાં આવ્યા તો જમીન બરફ જેવી ઠંડી હતી.

ઉપીના આગળ ચાલ્યો અને ઊંચાં ઘાસની વચ્ચે-ની કેડીએ ચડ્યો. અમે પાછળ ચાલ્યા અને પળવારમાં સાથળ સુધી ઝાકળથી ભીંજાઇ ગયા. અર્ધા કલાકમાં અમે નદીએ પહોંચી ગયા અને મગરનો માળો શોધવા લાગ્યા. ઉધઇના રાફડા જેવો ઢગલો દેખીને રામ્મે બૂમ મારી. મગર હાથીના પગ જેવી એની પૂંછડી રાફડા તરફ રાખીને ઊંધી પડી હતી. ઉપીનાએ બહુ જ સ-ફાઇથી હળવેહળવે જમીન ખોતરી ને એક સફેદ લંબ-ગોળ પથરો કાઢ્યો. 'ઇંડું !' રામ્મે એક હાથે તે ઉપાડી લીધું અને બીજે હાથે અમને દૂર રહેવા ઇશારત કરી. પણ જેવો તે ઊભો થવા જાય છે તેવામાં તેના કપાળ-માં જબરી થપાટ વાગી. જાણે કોઇ તોતીંગ લાકડામાં એકાએક જીવ આવ્યો હોય તેમ રેતીમાં ખળભળાટ થયો. અમે ત્રણ જણા, ઉપીના, રિંગો અને હું, માર્યા માર્યા કરતા નાઠા. રામ્મ બીકથી અધમૂઓ થઇ ગલો-ટિયું ખાઇ ગયો. પણ તે તરત જ ઊભો થયો અને ઇંડું હાથમાં પકડી રાખીને જ દોટ મૂકી.

સાદ ફાટી જાય તેટલી બૂમો પાડતા અમે ઘર ભણી દોડ્યા અને હડી કાઢીને ઝાંપામાં પેઠા. મૉનિટર માણસોનું ટોળું લઇ ઝાંપામાં જ ઊભો હતો. તેને જોઈ અમે થંભ્યા અને દમ હેઠો બેસાડવા લાગ્યા.

'ક્યાં છે ઇંડું ?' મૉનિટર બરાડ્યો.

'રામ્મ પાસે.' અમે શ્વાસભેર બોલ્યા.

મૉનિટરે હથેળી ધરી ને રામ્મે ઇંડું તેમાં મૂક્યું.

'અમે ખોતરી આવ્યા.' ઉપીનાની જીભ ઝલાતી હતી મૉનિટર ઇંડું હાથમાં આમતેમ ફેરવી જોવા લાગ્યો કે ક્યાંય તડ તો પડી નથી ને.

'અને રામ્મે ઉપાડી લીધું.' રિંગોએ ઉમેર્યું.

'એમ ? ત્યારે માળામાં કેટલાં ઇંડાં હતાં ?' તેણે પૂછ્યું.

'એ તો અમે ન જોયું ' અમે કહ્યું.



ઝુલૂ જુવાન

'એ તમે ઠીક જ કર્યું. મગરની પૂંછડી પાસે કંઇ ઈંડાં ગણવા ન બેસાય.' વૈદ્યરાજ ક્રૉસ બોલ્યા. ગામડાંની બધી શાળાઓના એ માસ્ટર-સ્કાઉટ જેવા હતા.

અમે છાતી કાઢીને ચાલવા લાગ્યા. ગામનો અને આખી ઝૂલૂ જાતનો મોટો માણસ શાબાશી આપે એ કંઈ જેવીતેવી વાત નથી. અમે દોડવાની પહેલી પરીક્ષામાં પાસ થયા. અને એની નિશાની તરીકે તાળવાં પર એક તસુ પહોળી અને ચાર તસુ લાંબી ચોટલી રાખી આખે માથે મુંડન કરાવ્યું. તે પછીનો મહિનો અમે ઍડવાન્સ સ્કાઉટ તરીકે રહ્યા. તેમાં અમારે ઝાકળ ઉરાડવાનું કામ કરવું પડતું. રસ્તાની બંને બાજુએ બબ્બે હાથ ઊંચું ઘાસ હોય તેનું ઝાકળ રોજ સવારમાં ઊઠીને લાકડીઓ વતી અમારે ખેરી નાખવાનું, જેથી મુખી અને એવા મોટા માણસોના કપડાં ભીંજાય નહિ. આ કામથી અમે બહુ બળવાન બન્યા અને ગમે તેવી આકરી ટાઢ સહન કરવાની તાકાત અમારામાં આવી.

**એ**ક દિવસ અમે તાપણીની આસપાસ બેઠા હતા તેવામાં ડૂમા અને 'ભાલાવાળો' સ્કાઉટ માસ્ટર આવી ચડ્યા. અમે ઊભા થઇને સલામ ભરી.

'બાળક જેવા, કંઈક વિવેક તો રાખો!' ડૂમા ખીજ્યો.

'પધારો, ભાલા.' અમે બોલ્યા.

'આ ચન્દ્ર (માસ)ની આખરે મોટો શિકાર ગોઠવવાનો છે અને તમારે પગી થઇને શિકારની પાછળ પડવાનું છે.' તેણે જાહેર કર્યું.

અમારી ચતુર્મૂર્તિ આનંદથી કૂદવા લાગી. બુઢ્ઢા ચકમકે—સ્કાઉટ માસ્ટરનું એ નામ હતું—રુવાંટીનો કાળો ખભેરો છોડી નાખ્યો અને પછી તાપણી પાસે બેસી થોડી રાખ બહાર કાઢીને પાથરી તે પર પોતાની આંગળી વડે એક નિશાની પાડી પૂછ્યું: 'આ કોનું પગલું છે?'

અમે તેણે રાખમાં કરેલી નિશાની નિરખવા લાગ્યા 'બકરાંની ખરી.' ઉપીના બોલી ઊઠ્યો.

બુઢ્ઢા ચકમકે અમારા તરફ પ્રશ્નાર્થ દૃષ્ટિ ફેંકી.

અમે ડોકું ધુણાવીને ઉપીનાને ટેકો આપ્યો.

તેણે ખરીના પોલાણમાં થોડી ધૂળ નાખી.

'હવે શું થયું?' તેણે પૂછ્યું.

'પવન વાયો.' રામ્મે કહ્યું. બુઢ્ઢાએ માથું ધુણાવ્યું.

'બીજા બકરાની ખરી ઉપર પડી.' ઉપીનાએ કહ્યું.

'એ પણ ખોટું.'

'નિશાની એક દિવસ જૂની છે.' મેં કહ્યું.

'ખરું!'

'હવે પેલી બાજુ જોઇ જાઓ.' તેણે કહ્યું.

અમે તેમ કર્યું. પળવાર રહીને તેણે અમને ફરી જવાનું કહ્યું. અમે ફરીને જોવા માંડ્યું. ખરીની નિશાનીઓ ચોકખી પણ પહોળી હતી, અને કોરા અસ્ત્રા જેવી તીણી હતી. આગલો ભાગ ઊંડો અને સ્પષ્ટ હતો; પાછલો ભાગ છીછરો અને ઝાંખો હતો. અમે ઘણી વાર સુધી મૂંગામંતર થઈ એ નિશાનીઓ તરફ જોઈ રહ્યા. પછી રિંપગો ધીમેથી બોલ્યો: 'શિકારના પગ ભીના છે: ચોખ્ખી રીતે અણીદાર કોરો પરથી તે જણાઇ આવે છે; અને વચ્ચેનું પોલાણ પહોળું થઇ આગલો ભાગ ઊંડો ગયો છે તથા પાછલો ભાગ છીછરો છે તે બતાવે છે કે તે દોડતું ગયું છે.'

'શાબાશ!' બુઢ્ઢાએ કહ્યું; અને પછી અમારા જ્ઞાનમાં વધારો કરવા લાગ્યો:

'પક્ષીઓને ચાલવાની શક્તિ બરાબર હોતી નથી. તેઓ ઊડવા માટે જ સર્જાયાં છે. તેથી તેઓ ચાલતી



ઝૂલુઓના ઝૂંપડાં અને તેમના ઢોરના વાડા

વખતે આગળ પડી જવાની વૃત્તિ ધરાવે છે. એટલે પક્ષીઓનાં પગલાં હમેશાં આગળના ભાગમાં ઊંડાં અને પાછળના ભાગમાં છીછરાં હોય છે. શાહમૃગનાં પગલાં જોશો તો ખબર પડશે. પંજાવાળાં પ્રાણીઓ હમેશાં પંજો ભોંય પર મૂકીને પાછોક તસુ પાછો ખેંચે છે. તેઓના દરેક પગલામાં પાનીનો ભાગ ઘણો જ ચોકખો હોય છે, કારણકે તેઓ પ્રેરણાથી કૂદકો મારવા હમેશાં તૈયાર હોય છે. હાથી અંગૂઠાભર ચાલે છે તેથી તેના પગનો આગલો અરધો ભાગ જ જમીન પર પડે છે. ફક્ત મનુષ્યો જ આખા પગની સ્પષ્ટ નિશાની મૂકે છે. હવે ચાલો બહાર જઈએ.' કહી એ અમને બહાર લઈ ગયો અને ક્ષિતિજ તરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યો. થોડી જ વારમાં ટૂંકાં શીંગડાંવાળા હરણાનું એક નાનું ટોળું દેખાયું. ટોળા તરફ આંગળી ચીંધી તેણે અમને એક હરણું પકડી લાવવા હુકમ કર્યો.

'પવન કઈ દિશામાંથી વાય છે તેની કેમ ખબર પડે?'

'આંગળી ભીની કરવાથી.' અમે કહ્યું.

'ના;' બુઢ્ઢો હસ્યો: 'એમ નહિ. એ તો તમારા હાથ નવરા હોય ત્યારે. પણ હાથ કામમાં રોકાયા હોય અથવા ઊંચા થઈ શકે તેમ ન હોય ત્યારે શું કરો? જુઓ હું શીખવું. તમે આંગળી ભીની કરો છો એટલે ઠંડી લહેરખીથી તમને ખબર પડે છે કે પવન અમુક દિશામાંથી વાય છે. પણ હવે ભવિષ્યમાં જ્યારે તમને પવનની દિશા નક્કી કરવાની જરૂર પડે ત્યારે તમારું મોં ધીમેધીમે ચોમેર ગોળ ફેરવો, એટલે તમારી આંખના ડોળા એ કહી દેશે. શ્વાસ લેવો નહિ. આમાં તમે શું કરો છો તેની પણ કોઈને ખબર પડે નહિ. ત્યારે હવે પેલા ટોળામાંથી એકાદને પકડી લાવો. પણ પહેલાં થોડાં લીલાં ડાળખાં લઈ તેની ઝુડીઓ તમારે શરીરે બાંધો, જેથી તમે નજીક જાઓ ત્યારે હરણાં ધારે કે તમે ઝાડવાં છો.'

અમે નાના નાના છોડવાની ડાળીઓ ભાંગી લીધી અને વેલાની નસો વતી તેનાં ઝૂમખાં બાંધ્યાં. શ્વાસ રોકી મોઢું હળવે હળવે ગોળ ફેરવ્યું તો ખબર પડી કે અગ્નિકોણમાંથી વસંતનો ધીમો વાયુ વાતો હતો. અમે હરણાંની પછવાડે ગયા. ચાળીસેક મિનિટ પછી પેલા બે પ્રેક્ષકોએ ટોળાં તરફ ચાલ્યા આવતાં હોય એવાં ચાર ઝાડ જોયાં. કુદરતી ઝાડ કાંઈ ચાલે નહિ, એટલે છેતરવા ખાતર અમારે અત્યંત ધીમે ચાલવું પડતું. બે કલાકે અમે હરણાંથી બે વાર છેટા રહ્યા. પછી તો ફલાંગો ભરીને એક કાળિયાર પકડી લીધો અને એને મૂંઝાવીને ભોંય પર પાડ્યો. બાકીનાં ભડકીને ભાગી ગયાં.

ફુમા ને ચકમક દોડી આવ્યા. અમને દરેકને એકેક ખરી ઇનામ આપી, અને રામ્મ નેતા હોવાથી તેને પૂંછડી પણ આપી. તેઓએ અમારી સાથે મમતાથી વાતો કરી ને બીજું ઘણું નવું શીખવવાનાં વચન આપ્યાં. આમાં અમે ધીરજ ને ખંતનો પાઠ પણ શીખ્યા.

**આ** પછી ધણની રખેવાળી કરવાનું ને ચારવાનું જરા જુમ્મેદારીવાળું ને અઘરું કામ અમને સોંપવામાં આવ્યું. અમારા ગામ દુલાનીમાં ઘાસચારો પુષ્કળ હતો અને તળાવડીઓનો પણ પાર નહોતો તેથી બીજાં આજુબાજુનાં ગામના લોકો પણ પોતાનાં ઢોર ત્યાં ચરવા મૂકી જતાં. તેથી ટોળાંમાં સહેજે ત્રણેક હજાર જીવ હશે.

એ કામમાં દસ દિવસ અને દસ રાત બહાર રખડવાનું હતું અને પછી ગામમાં આવીએ ત્યારે અમારી કાબેલીઓ તપાસવાની હતી, કારણકે જંગલમાં બાંગલાઈના ઉપજાવી જંતુઓનો બહુ ભય હતો, અને બાંબલાઈ છોકરાઓને વધારે થતી. અમને ઢોર ચારતાં બરાબર આવડે છે કે નહિ તે જોવા ટોળાંની ગણત્રી પણ થવાની હતી.

દસ દિવસ જંગલમાં રખડપાટ કરીને અમે ધણને ગામ ભણી વાળ્યું. અમે બહુ આનંદમાં હતા કારણકે ધણમાં સોળ વાછરડાંનો વધારો થયો હતો, તેથી અમને દરેકને એકેક ગાય મળવાની હતી અને બાકીનાં બાર ઝૂલૂ રાજાને ભેટ જવાનાં હતાં. અમારામાં એવો રિવાજ છે કે નવાં વાછરડાં જન્મે તેમાંથી એકેક ચારનારને મળે અને બાકીનાં રાજાને ત્યાં જાય. આથી બટુક ગોવાળિયા મોટા થતાં પહેલાં સારી સંખ્યાના માલધારી બની જાય છે! ધણ ચારવાનું કામ આશરે ચાર વરસ સુધી કરવું પડે છે. તેટલા વખતમાં દરેક છોકરાને પંદર વીસ ઢોર ઇનામમાં મળી જાય છે. એ બધા પર તે પોતાના કુળની નિશાનીઓ ડામે છે.

ખાડાટેકરા ઊતરતું ને ચડતું, રણકતું અને ગાંગરતું અને દોડતાંદોડતાં ધૂળના ગોટેગોટા ઉડાડતું ધણ ગામ ભણી ઊપડયું. ખરીઓના અવાજ સાંભળીને ગામના લોકો, અમે બધા સાજાનરવા પાછા આવ્યા છીએ કે કોઇ ખૂટયું છે તે જોવા બહાર દોડી આવ્યા.

'કેમ, શા સમાચાર?' બુઢ્ઢો ચકમક બોલ્યો.

'સોળ વાછરડાં વધાર્યાં.' રામ્મે મગરૂબીથી કહ્યું.

'એ તો ઠીક, પણ બહુ તગડતા કેમ લાવ્યા?' ચકમકની આંખમાંથી અંગારા ઝર્યા.

'ભાલાજી, ઢોર ઝોકમાં પેસવા બહુ આતુર હતાં.'

ચકમકે અમે આવ્યા તે માર્ગ પર નજર ફેરવી. ઘરડી ગાયો ડાહી થઇને ધીમેધીમે આવતી હતી. વાછરડા થોડાં પાછળ રહી ગયાં હતાં. તેણે માથું ધુણાવ્યું:

'એવું ફરી કદી ન કરતા.' તેણે રૂઆબથી કહ્યું.

**આ** જવાબદારી પતાવીને અમે અમારા સહિયારા ઝૂંપડામાં પેઠા અને થોડું ખાઇને ઊંઘી ગયા. મળસ્કું નહોતું થયું ત્યાં તો અવાજ આવ્યો: 'કુતરાઓ, ક્યાં સુધી ઘોરશો; જાગો!' અમે ધાબળા ફેંકી ઊભા થયા અને બહાર નીકળ્યા તો મૉનિટર એની રોજની સોટી લઇને ઊભો હતો. થોડી વારમાં ભાલાવાળો પણ આવી પહોંચ્યો. 'ચલો અમારી સાથે' કહીને તેઓ અમને પાદરે દોરી ગયા અને ત્યાં ચાર ઝાડ બતાવી બોલ્યા, 'આ ઝાડ પર ચડી જાઓ.'

ઝાડોની ઊંચાઇ દસેક ફૂટ હતી. અંગૂઠા ભરાવતા અને થડને ગોઠણ વચ્ચે પકડતા અમે ચડવા માંડયા. 'એમ નહિ, એમ નહિ નીચે ઊતરો.' બુઢ્ઢાએ હાકલ કરી. 'ઝાડ પર ચડવામાં પહેલાં થડને બાથ ભરવી, પછી પગનાં તળીઆં થડ પર સામસામાં ભરાવવાં, પછી અંગૂઠા ભરાવવા અને પછી થડને ગોઠણ વચ્ચે પકડવું. ચાલો હવે.' ફરી અમે ઝાડ પર ચડયા, અને તેની સૂચનાઓને અનુસરવાનો સખત પ્રયત્ન કર્યો.

બુઢ્ઢા ચકમકે ગુસ્સામાં પગ પછાડયા.

'જાણે તમારી પાછળ કોઇ પડયું હોય તેમ પૂર વેગે ચડી જાઓ!' તેણે બૂમ મારી અને ડુમાને સોટી લઇને અમારો પીછો પકડવા હુકમ કર્યો. મૉનિટરે અમને દરેકને એકેક બબ્બે અડાવી દીધી અને એને પ્રતાપે અમે જાણે કોઇ અદૃશ્ય દોરડાંથી ખેંચાયા હોઇએ તેમ સડસડાટ ઝાડ પર ચડી ગયા!

'વાહ વાહ!' બુઢ્ઢાએ શાબાશી દીધી અને પછી અમને નીચે ઉતારીને વન્સમોર આપી. આમ અમે એ ઝાડ પર દસ વાર ચડયા ને દસ વાર ઊતર્યા, અને એ કડક બુઢ્ઢાને કંઇક સંતોષ આપ્યો. જોકે આ દરમ્યાન અમારા સાથળ છોલાઇ ગયા, પેટ પર બળતરા ચાલી અને હાથમાં ખીલા ખૂત્યા હોય એવાં છાલાં પડયાં. પણ અમે તે ગણકાર્યું નહિ. વડીલના હુકમ આગળ શું ચાલે? આ રીતે અમે ઝૂલૂ જાતિની અત્યંત નામચીન ત્વરાથી ઝાડ પર ચડવાની હિંમત કેળવી.

હવે બીજી પરીક્ષા માટે અમે હાજરજ ઊભા હતા ત્યાં હવામાં કોઇ જનાવરનાં નસ્કોરાં બોલતાં સંભળાયાં અને સામેની ઝાડીમાંથી એક ચિત્તાએ ડોકું કાઢયું. અમારી ટોળી દેખીને તે લપાઇને ઘુરકયો, એક છીંકોટો નાખ્યો અને પછી ત્રાડ દઇ તરાપ મારવા તત્પર થયો.

અમે તો હાંફળાફાંફળા બની એકબીજા ઉપર પડતાઆખડતા ને ઊભા થતા નાસવા લાગ્યા ને જબરી હોહા મચી રહી. પલવારમાં તો દરેકે એકેક ઝાડ રૂપી ઢાલ પસંદ કરી લીધી અને અમે થોડી વાર પહેલાં કવાયત કરતા હતા તે કરતાં પણ બમણી ત્વરાથી સૌ ઝાડ પર ચડી ગયા! ભયથી આંખમાં આંસુ તો આવી ગયાં હતાં, પણ ટોચે જઇને અમે નીચે નજર કરી તો એક અજાયબ દૃશ્યથી અમે ચકિત થઇ ગયા. દાઢીવાળો બુઢ્ઢો ચકમક એક બાવળિયા પર ચડવા ખબ મથામણ કરી રહ્યો હતો. તે બે વાર તો અરધેથી પટકાયો. અંતે ઝાડ પર ચડતાં ચડતા તેનો ઝભ્ભો ઝાલમાં ભરાઇ ભરાઇને ઉતરડાઇ ગયો અને પોતાની

જે દાઢી માટે તે બહુ અભિમાન રાખતો તેમાં પણ અસંખ્ય કાંટા ઘોંચાઇ ગયા. પછી તો થાંભલા પર વાંદરો ચડે તેમ ટોચ પર પહોંચીને જ તે જંપ્યો.

અમે એકબીજા સામે જોયું અને માંડ હસવું ખાળી શક્યા. પણ ડૂમા એક ઊંચા ઝાડની ટોચ ઉપરથી ખડખડાટ હસ્યો અને ભુસકો મારીને ઊતરી ગયો, કારણકે તે જાણતો હતો કે સિંહ કે ચિત્તા ભૂખ્યો ન હોય તો તે આપણને હેરાન કર્યા વગર ચાલ્યો જાય. અમે બધા વારાફરતી નીચે આવ્યા અને બુઢ્ઢા ચકમકની ઝાડ પરથી ઊતરવાની કળા નિહાળવા લાગ્યા.

અરરર અરરર કરતો તે નીચે ઊતર્યો. હવે તે સ્કાઉટ માસ્તરને બદલે શેતાઇ જેવો વધારે દીસતો હતો. તેના ઝભ્ભાનાં ચીંથરાં થઇ ગયાં હતાં અને આખે શરીરે કાંટા ભોંકાયા હતા.

બુઢ્ઢો ખોડંગતો ખોડંગતો આગળ ચાલ્યો. અમે તેને ઊંચકી લેવા તૈયાર હતા; પણ તેણે માન્યું નહિ; કારણકે ઝૂલૂઓ દુઃખની ગમેતેવી લાગણીઓ પણ રોકી શકે છે અને ઝટ દઇને ગળી પડતા નથી. સ્વાભિમાનની એ નિશાની છે. અમ ઝીણા ટાબરિયાં આગળ ખરે મોળા જણાવાથી બોદા પડેલા બુઢ્ઢાને ઘેર પહોચતાં સુધીમાં કેટલી વેદના ખમવી પડી તે તો તેના જેવા સ્વાભિમાનીને જ ખબર!

**થો**ડા દિવસ પછી મૉનિટર અમને ઝોકમાં લઇ ગયો અને મરજીમાં આવે તે બળદ પસંદ કરી લેવા જણાવ્યું. રામ્મે મુંઝડો લીધો, રિંપગોએ ધોળિયો અને મેં અને ઊપીનાએ ભુરિયા પર હાથ મેલ્યા. ચારે ય બળદને ટોળાંમાંથી જુદા તારવવામાં આવ્યા ને પછી અમને સવાર થવાનો હુકમ મળ્યો. અમે તે પ્રમાણે કર્યું તો ખરૂં, પણ ઉપર બેઠા ન બેઠા ત્યાં તો બળદોએ અમને આકાશની સહેલ કરાવી અને બીજી જ ક્ષણે અમે ભોંય પર પટકાયા છતાં અમે હિંમત ન હાર્યા, અને ધૂળ ખંખેરતા ઊભા થયા. બીજી વખતે અમે એકદમ બળદની ડોક પર સરી ગયા. ડોક પરથી બળદ આપણને ઉથલાવી શકે નહિ. પણ બળદોએ ગાંડાતૂર થઇને વાડ તરફ દોટ મૂકી એટલે અમારે નછૂટકે હેઠા ઊતરી જવું પડયું.

ડૂમા બરાડા પાડીપાડીને અમને નિરર્થક સૂચનાઓ આપ્યા કરતો હતો, પણ અમને એનું સાંભળવાની ફુરસદ નહોતી. ગોધલા અમને મારવા દોડયા હતા. મહા મુસીબતે અમે ઝોકની વંડી પર ચડી શકયા.

ડૂમાએ કહ્યું: 'જુઓ, હવે હું કરૂં તે પર બરાબર ધ્યાન આપો.' પછી એ ફરડફરડ શ્વાસ લેતા અને છીંકોટા નાખતા પેલા જાનવરો પાસે ગયો અને તેમના મોઢા આગળ પોતાના હાથ ધર્યા. બળદોએ પહેલાં તો એ સૂંઘી જોયા અને પછી હાથ ચાટવા લાગ્યા. ડૂમાએ અમને નીચે ઊતરવાનું કહ્યું. અમે બીતાબીતા નીચે ઊતર્યા, અને દૂર ઊભા રહીને જોવા લાગ્યા. મૉનિટર બચકારા કરતો ચારે ય બળદને દોરવા લાગ્યો.

'જુઓ, એ કેવા મારા હેવાયા થઈ ગયા. તમારા પણ એમ જ એ હેવાયા થઇ જાય.'

'કેવી રીતે?'

'કેવી રીતે? ફક્ત તમારે જમરૂખીનાં પાંદડાંનો રસ હાથ પર ચોપડવાનો. સામે પાર વગરનાં ઊગ્યાં છે, જાઓ.' અમે જમરૂખીનાં જૂથ ભણી દોડયા ને થોડાં પાન ચૂંટી તેના ઝીણા કાંટા વીણી કાઢી હાથ પર એનો ગુંદર જેવો ચીકણો રસ ચોપડયો. અમે પાછા ઝોકમાં ગયા તો બળદો તાજા રસની વાસથી આકર્ષાઇ અમારી તરફ દોડયા. મનમાં બીક તો હતી, પણ જરા વીરતા દાખવીને અમે અમારા હાથ લાંબા કરીને બળદ ભણી ધર્યા. તરત એ તો એમની ખરબચડી જીભ વડે અમારી હથેળીઓ ચાટવા લાગ્યા અને અમને ગલગલિયાં થવા લાગ્યાં.

'હવે ચડી જાઓ કાંધ પર.' ડૂમાએ કહ્યું. અમારી બી હવે ભાગી ગઈ હતી એટલે અમે ચટ્ટ દઇને ચડી બેઠા. બળદોએ જરા યે આનાકાની કરી નહિ અને પોતાનાં નસકોરાં ચાટતા ઊભા રહ્યા.

'હવે એને દોરવા માટે તમારે જે બાજુ વળવું હોય તે બાજુ એડી મારો.' મૉનિટરે સૂચના આપી.

'હોશિયાર. પેટ પર પાનીઓ; ચલો!' તેણે હુકમ કર્યો. અમારી પાનીઓ નગારાની દાંડી જેમ બળદોની છાતી પર પીટાવા લાગી. બળદો ચાલતા થયા. પછી તો ડૂમાના હુકમ પ્રમાણે અમે બળદોને વાળી શકતા અને ત્રિકોણ કે ગોળગોળ પણ ફેરવી શકતા. આ બળદ-સવારીની કવાયત અમે ઘણો વખત કરી, અને ડૂમાને જ્યારે લાગ્યું કે અમે એનો એકડો શીખી ગયા છીએ ત્યારે તેણે થોડોક સંતોષ જાહેર કર્યો.

બીજે દહાડે મૉનિટર અમને એક કૂબામાં લઇ ગયો

અને હોલવાઇ ગએલી તાપણી આગળ બેસી લાકડી ફેરવી રાખને પાટી જેવી સપાટ બનાવી. પછી તેણે તેના પર આડાઅવળા લીટા કર્યા અને કોઇકોઇ જગ્યાએ મીંડાં કર્યાં. મીંડુ એટલે ગામડું અને લીટા એટલે રસ્તો. એક મીંડા પર આંગળી મૂકી તેણે કહ્યું કે આ એક ગામ છે અને એક લીટી ઉપર આંગળી ફેરવી કહ્યું કે આ તે ગામ ભણી જતો રસ્તો છે. પછી બીજા મીંડા પર આંગળી મૂકી કહ્યું કે આ જ્યાં આપણે છીએ તે ગામ છે. 'બળદો પર સવાર થઇ પહેલા બતાવ્યું તે ગામ જાઓ અને ત્યાંથી પંદર છોકરાઓનો સંઘ અહીં લઇ આવો.' તેણે હુકમ કર્યો.

અમે તો લાગલા જ ઊભા થઇને દોડ્યા અને ઝોકમાં જઇ એક ફલાંગે બળદની કાંધ પર જઇ બેઠા. પાકે બપોરે સામે ગામ પહોંચ્યા. ત્યાં અમને એક ચબરાક દેખાતો છોકરો સામો મળ્યો. તેણે તરત જ અમને સલામ ભરી ને કહ્યું કે સંઘ તૈયાર છે. એ પંદર છોકરાઓની પલટન હતી તો ચીંથરિયા જેવી, પણ ચડપ દઇને ગોધલા પર સવાર થઇ ને આગળ ને આગળ દોડવા લાગી; એવી કે અમને અમારા બળદોને તેઓની સાથે રાખવામાં બહુ મુસીબત નડી. એ બધા બળદ-સવારીમાં હોશિયાર હતા અને ટેકરીઓના ઢોળાવ તથા ચડાવ પર એવી ઝડપથી ગોધલા દોડાવતા હતા કે હાડકાં ખોખરાં થઇ જાય. તેથી રામ્મ અને અમે બહુ શરમાયા.

અમે એક ખીણમા પહોંચ્યા ત્યાં બળદો થંભી ગયા! આગળ ડગલું દેવાની જ ના ભણે. અમે બહુ એડીઓ મારી એટલે રસ્તો મૂકીને આડબીડ નાસવા અને ઝાડ થવા લાગ્યા. કેટલાક છોકરાઓ તો આથી ઉછળીને બળદનાં શીંગડાં પર થઇ ઊંધે કાંધ ત્રાટક્યા. પણ બળદોને ફરી હાથ કરતાં ને રસ્તે ચડાવતાં અમને ગમ્મત પડી. અંતે માંડમાંડ બળદો માર્ગે ચડીને અમારે ગામ પહોંચ્યા. ત્યાં દૂમા અમારી રાહ જોતો ઊભો જ હતો.'

સંધ્યાના ગુલાબી પ્રકાશમાં તેણે અમને બારીકાઇથી નિહાળ્યા અને પછી બોલ્યો: 'તમે શું જોયું?'

અમે મૂઢની જેમ ઊભા રહ્યા. અમને બળદો હાંકવામાં આડુંઅવળું જોવાની ફુરસદ જ નહોતી મળી. હજી અમે આબાદ સવાર નહોતા થયા. અમારાં વકાસેલાં મોં જોઇને મૉનિટરે આંખો ખેંચી ને તરત ને તરત ફરી તે ને તે ગામ જવાનો અને જતાંઆવતાં રસ્તામાં જે જે કાંઈ દેખાય તેનો ખ્યાલ કરી લેવાનો હુકમ કર્યો.

અમે ગભરાયા. રાત પડતી હતી એટલે જંગલી જનાવરોનો વાળુનો વખત થતો હતો. થોડી વારમાં સીમ બધી ભૂખ્યાં પશુઓના છીંકોટા ને ચીચિયારીથી ગાજી ઊઠવાની. મેં થોડી વાર અં . . કરીને અચકાતાં અચકાતાં પૂછ્યું. 'અમે ભેગી મશાલો લઈ જઇએ?'

દૂમાએ ખુશી થઇને હા પાડી અને અમને ચાર ડાંગો આપી. અમે તે સળગાવી ને પેલા નવા આવેલા સ્કાઉટોના મશ્કરીના ખીખિયારા ગળી જઇ અંધારી રાતમાં એ મશાલોના ઝાંખા ને અસ્થિર પ્રકાશમાં બળદો મારી મૂક્યા. અંધારૂં વધતાં ઝાડ તથા તેના પડછાયા રાક્ષસો જેવા દીસવા લાગ્યા. પગ નીચે સાંઠીકું ભાંગે તો બળદો ભડકી ઊઠતા ને ફરડફરડ નસકોરાં ફફડાવતા. કોઇકોઇ વાર સિંહની ગર્જનાઓ સંભળાતી. નદી ભણી પાણી પીવા જતા હાથીઓ ચીચિયારી કરતા અને માર્ગમાં આવતાં ઝાડોની ડાળીઓ તોડીને કડાકા કરતા રાત્રિને ધણધણાવી મૂકતા હતા.

બળદો પર ઊંચાનીચા પછડાતા અમે ચારે જણ જવાંમર્દની પેઠે દૂમાના ફરમાનની બજાવણી કરવા પ્રયત્ન કરતા હતા, અને આંખમાં બીક હતી છતાં બધું મનમાં નોંધી લેતા હતા. હું સૌથી પાછળ હતો.

એકાએક મેં પાછું વળી જોયું ને મારી રાડ ફાટી ગઇ! એ સાંભળી મારા ત્રણે સાથીઓએ પણ પાછળ જોયું. પાર વગરના રંગબેરંગી ચિત્તા, દીપડા, શિયાળવાં અને વાઘો અમારી મશાલોને અજવાળે અજવાળે ચાલ્યા આવતા હતા. પણ એટલામાં તો પવનની દિશા ફરી, અને એ રાની પશુઓની વાસ બળદોનાં નસકોરાંમાં પેસતાંવેંત જ એ ચારે પગે એવા તો દોડ્યા કે ખડબડ ખડબડ કરતા સામેના ગામના ઝાંપામાં ભટકાયા ત્યારે જ ઊભા રહ્યા. બળદોની ગતિ એકાએક અટકવાથી અમે બધા ગલોટિયાં ખાઇને ઝાંપાની અંદર ઊંધે માથે જઇ પડ્યા. એ ધડાધડી સાંભળીને ગામના યોદ્ધાઓ હથિયારો લઇને દોડી આવ્યા, પણ શિકારને બદલે ધૂળધૂળ ભરેલા ચાર છોકરાઓ જ જોઇને તેઓ અચંબાથી ભોંઠા પડ્યા. અમે તેઓને અમારી દોડાદોડીનું કારણ સમજાવ્યું, એટલે તો તેમણે રાતની રાત ગામમાં જ રોકાઇ રહેવાનું કહ્યું. અમે પણ ડાહ્યા થઇને તે

પ્રમાણે કર્યું. પછી ફાટતાં અમે ફરી બળદો પર સવાર થઈ અમારે ગામ ગયા. ડૂમા તો રાહ જોતો જ હોય.

'તમે શું જોયું?' તેણે ફરી વાર પૂછ્યું.

'અમે પૂજાનું મહાન ઝાડ જોયું અને ખીણમાં ગંધનું કારણ જોયું. ત્યાં ઘણા સિંહ, ગાયો અને જંગલી જનાવરોનાં મુડદાં રઝળતાં હતાં. પણ નવાઇ જેવું એ હતું કે ક્યાંય હાથીનું હાડકું સરખું યે નહોતું.' રામ્મે કહ્યું.

'એ જમરાજની ખીણમાં આ બધાને કોણ મારી નાખતું હશે?' મૉનિટરે રામ્મ તરફ જોઇને પૂછ્યું.

'કેમ વળી? એ જગ્યાએ રસ્તાની બંને બાજુએ ગંધ જેવું ચીકણું કલણ છે.'

'શાબાશ; હવે ઉપીના, આ મધ જેવું કલણ કેટલે લગી છે અને હાથીનાં હાડકાં ત્યાં કેમ દેખાતાં નથી?'

'કલણ, પગે ચાલતાં એક ટંક થાય તેટલું લાંબું છે. અને હાથીનાં હાડકાંની બાબતમાં તો અમે જાણીએ છીએ કે હાથી કોઇ અહીં મરતા જ નથી. એ કોઈ મરવાનો થાય ત્યારે પ્રેરણાથી એને ખબર પડી જાય છે અને તરત જ ઍબિસીનિયા ભણી ચાલી નીકળે છે અને એક ઊંડી ખાઇમાં જઇને પડતું મેલે છે.'

'શાબાશ, તમે બરોબર અવલોકન કર્યું છે.' મૉનિટર ખુશ થયો, અને પછી રામ્મને અઢાર છોકરાઓની ટુકડીનો સરદાર બનાવ્યો અને અમે બધા બીજા વર્ગના સ્કાઉટો બન્યા.

(અંગ્રેજી ઉપરથી) **રામજી લવજી આલગિયા**

# વર્ષાવતાર

વીસ દિવસ થયાં આ વરસાદ ગયો છે ક્યાં? એણે જરાક આવીને આશા બતાવી, એમાંથી ઉત્કંઠા પેદા થઈ છતાં ય ન આવ્યો એટલે અકળામણ થઈ. અકળામણે નિરાશાનું રૂપ લીધું, અને અંતે હૃદયે એ નિરાશાને પણ વિસ્મૃતિમાં ધકેલી દઇ પોતાની સ્વાભાવિકતા મેળવી. ગયે વર્ષે પડેલો વરસાદ જેટલો જૂનો હતો તેટલો જ વીસ દિવસ પહેલાંનો વરસાદ જૂનો થયો. વંટોળિયો, પવન, ધૂળનાં ઝાપટાં, ગરમીનો બફારો—એ બધું જાણે ઓછું હોય તેમ અળાઇઓએ આવીને બધાને અસ્વસ્થ કરી મૂક્યા. પેટમાં ન માય એવી કોઇની છાની વાત સાંભળ્યા પછી જે અસ્વસ્થતા અનુભવાય છે તેવી જ અસ્વસ્થતા આ અળાઇને કારણે થાય છે. રાત્રે પવનનું વાવાઝોડું આવ્યું એમાં ધૂળની હેલી. આ કોરો વરસાદ તાપ કરતાં પણ વધારે અકળાવનારો હોય છે. પણ એની સામે ફરિયાદ કોની આગળ કરાય? રાત ગઇ, સવાર આવી અને એની સાથે અસહ્ય છતાં સહન કરવો પડતો તાપ આવ્યો. આટલા તાપમાં મિજાજ ઠેકાણે રાખવાનું કામ કેટલું અઘરૂં છે? એ કાં તો હિંદુસ્તાનનો દુર્દૈવી ખેડુત જાણે અથવા દર ઉનાળે કાંઇક ને કાંઇક ગાંડપણ કરી બેસનાર હિંદુસ્તાનની સરકાર જાણે. પણ જો દરેક વસ્તુને અંત હોય છે તો આ તાપને અંત કેમ ન હોય! તાપના ત્રાસથી વિશ્વવ્યાપી વિષ્ણુનું હૈયું પીગળ્યું. એ ઘનશ્યામે વાદળાં મોકલ્યાં. જગત્‌મિત્ર પવને પૂરતી મદદ કરી અને આભમાંથી વરસાદ તૂટી પડ્યો. શો એ ક્ષણનો આનંદ? ઝાડ ડોલવા લાગ્યાં, પક્ષીઓ મહાલવા લાગ્યાં, ધૂલિધૂસર આકાશ નાહીને સાફ થયું અને અભિતપ્ત ધરા, જેટલો વરસાદ આવે તેટલો ધરાયા વિના પીવા લાગી. જ્યાંત્યાં સંતોષ, સંતોષ અને સંતોષ.

ઉનાળાના તાપથી અકળાએલી સૃષ્ટિને જાણે હસતી હોય તેમ કૉયલો આખો ઉનાળો મધુર કંઠે ગાતી હતી. તેમને વરસાદ કેવો રૂચ્યો તે જાણવું મુશ્કેલ છે, પણ હજી યે વરસાદનું પાણી એમને રૂચિકર નીવડ્યું ન હતું. એટલે એમ માનવાને વાંધો નથી કે કૉયલને પણ શુદ્ધ પંચમ સ્વર જેટલો શુદ્ધ આનંદ થયો હતો.

સાચો વર્ષાવતાર તો આને જ ગણાય. તે દિવસે વરસાદ પડ્યો હતો, પણ તે વર્ષાઋતુની આગાહી કરવા નહિ. પરંતુ હજી વરસાદની શરૂઆત થઇ નથી, હજી ઘણી વાર છે એમ કહેવા માટે જ એ આવ્યો હતો એમ હવે જણાય છે. કોઇ દેણદાર લાંબા વખત સુધી પૈસા પાછા ચૂકવે નહિ અને આપણી ધીરજ ખૂટે એટલે એક દિવસ અચાનક દર્શન દઇ દયામણું મોઢું રાખીને 'તમારા પૈસા મારે આપવા છે, હું ભૂલી નથી ગયો, હો. જરાક હાથ છૂટો થશે તો ચાર છ મહિનામાં જરૂર સગવડ કરીશ અને તમારા અરધા પૈસા તો આણુ સાલ આપવાની આશા રાખું છું પછી તો ઇશ્વર જાણે.' એમ કહી દે એટલે આપણી જે દશા થાય તેવી જ દશા એ વરસાદે કરી હતી. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

# આઇન્સ્ટાઇન

[ અનુસંધાન પૃ. ૩૬૯થી ]

જેને માનવીનું અજ્ઞાન કે દારિદ્ય કે દુઃખ ટાળવું છે, તેને સત્યની શોધનું તથા કલ્યાણસેવાનું કાર્ય એટલું બધું મળી આવે છે કે તેના જીવનમાં પાશવ યુદ્ધોને માટે તો સ્થાન હોય જ નહિ. ગાંધીજી ને આઇન્સ્ટાઇન જગતના જુદાજુદા દેશોમાં વસનારાઃ માનવજીવનમાં જુદા જુદા ક્ષેત્રોમાં ઘૂમનારાઃ બંનેની મુખ્ય સેવા પણ તદ્દન નિરાળી જાતનીઃ તે છતાં એ બંનેમાં એક જ શાંતિપ્રેમ, સત્યની ઉપાસના તથા ત્યાગી જીવન જોઈ શકાય છે. આ ગુણોથી આઇન્સ્ટાઇનનું જીવન વધારે ઉન્નત બને છે તેમ એનું ચરિત્ર પણ ઘણું જ વધારે આકર્ષક થાય છે. એ વિજ્ઞાન ઘડે છે ને વિજ્ઞાન જીવે પણ છે.

તોપણ જગત તો એને વિજ્ઞાની તરીકે જ મુખ્યત્વે ઓળખશે. આજથી ત્રીસ વર્ષ પહેલાં તે એક વૈજ્ઞાનિક કારકુન માત્ર હતો; આજથી પચીસ વર્ષ પહેલાં તે મૌલિક વિચાર કરનાર તથા (પાછળથી પ્રત્યેક નૉબેલ પારિતોષિકને લાયક ગણાયા એવા) મહત્ત્વના ચાર લેખો એકસામટા પ્રકટ કરનાર આશાભર્યો યુવાન વિજ્ઞાનશાસ્ત્રી હતો,—જે લેખો ને સંશોધનો તપાસવામાં જગતના અગ્રગણ્ય વિજ્ઞાનીઓ રોકાએલા હતા;—આજથી વીસ વર્ષ પહેલાં તે નવા ઉત્ક્રાન્તિકારક વાદ વિચારનાર એક પ્રોફેસર માત્ર હતો, ને સાપેક્ષાનું નામ પણ વિજ્ઞાનની આલમને અપરિચિત હતું; એક દશકા પહેલાં ઘણા આમ પુરુષોનો અભિપ્રાય થયો હતો કે ન્યૂટનની પછી ખરેખરી મોટામાંમોટી પ્રતિભાવાળું માનસ એ આઇન્સ્ટાઇન છે; અને આજે એમાંના જ ઘણાઓ એમ કહે છે સર્વ કાળમાં જે મોટામાં મોટાં માનસ ઉત્પન્ન થયાં હોય તેમાં યે આઇન્સ્ટાઈન શિરોમણિ છે! કેવળ આ સૈકા કે બેચાર સૈકામાં નહિ, પણ આજ લગી થઇ ગયેલ ને હવે થનારાંઓમાં પણ આઇન્સ્ટાઇનનું અગ્રસ્થાન ચોક્કસ છે. કાળ એની કૃતિ કે કીર્તિને ઝાંખી નહિ કરે, બલ્કે વધુ ને વધુ ઉજ્જવલ કરશે. માનવ સંસ્કૃતિનો ઇતિહાસ જેમ વધુ ઘડાશે તેમ આઇન્સ્ટાઇન તેમાં વધુ ને વધુ દીપી નીકળશે.

બર્નાર્ડ શૉ કહે છે 'Einstein has made a Universe' તેમ ખરે, આઇન્સ્ટાઇને એક નવું વિશ્વ રચ્યું છે.

આવી અમરતાથી વિશેષ કોઇ શું ઇચ્છે?

## દીવાદાંડી


· મંદાક્રાન્તા ·

જાતાં જાતાં સફર મહીં આ સિંધુના માર્ગ માંહી.
છૂપા ઊભા ખડક તહીં જે કાળ શા નાવ કેરા!
તૂટ્યાં જ્હાજો ઝઝૂમી મરિયા જે ખલાસી બધા ત્યાં,
દીવાદાંડી સ્વરૂપ ઝળકે પ્રાણ શું સર્વનો આ?

દૂરેથી કો જલધિજલના માર્ગમાં નાવ આવે,
સંદેશાઓ ચમકી ચમકી વ્હાણને એ કહાવે:
ના ના, ના ના, અહીં નહિ, અહીં કાળ ઊભો લપાઈ,
તારૂં આંહી જીવન સઘળું—પ્રાણ જાશે હરાઈ.

સંદેશાઓ ઝબકી ઝબકી આવતા પ્રાણ કેરા,
સૂણીને સા દિશ બદલતા નાવ કેરી ખલાસી;
જાતાં મારૂં જીવન–જલધિ–માર્ગ જો નાવ તૂટે,
દીવાદાંડી બની રહી તહીં ચેતવું સૌ પ્રવાસી.

પ્રહ્લાદ પારેખ



# ફોટો હરીફાઈનું પરિણામ







ગયા માસમાં હરીફાઇ માટે આવેલાં ચિત્રો એકંદર બધાં જ નબળાં હતાં, એટલે અમારે નિરૂપાયે ગયા અંકમાં તે વિશે મૌન રાખવું પડ્યું હતું. આ માસમાં ફરીવાર સારા નમૂનાઓ નજરે પડવાથી આનંદ થાય છે.

આ વખતનું પ્રથમ આવેલું ચિત્ર 'પડછાયા' (જુઓ આ અંકની ચિત્રપ્લેટ) નવી રીતે સૂચન અને વસ્તુનિર્દેશ કરે છે. ભાઇ હર્ષદ પંડ્યાએ પોતે આજ સુધીની હરીફાઇઓમાં મૂકેલા દરેક ચિત્રમાં નવો પ્રકાર ઉતારવા પ્રયત્ન કર્યો છે અને આ ચિત્રમાં તેમને વિશેષ સફળતા મળી છે, એમ જોનારને તરત સમજાશે. માત્ર પડછાયાથી જ ચિત્ર ભરેલું હોવા છતાં તેમાં નવી વાત અને નવી દૃષ્ટિ આગળ પડી આવે છે. જોનારને કુતૂહલ અને રસ બંને મળે છે. તે સાથે ચિત્રસંયોજન માટેના જરૂરી પ્રયોગો પણ બરોબર સચવાયા લાગે છે.

બીજું ચિત્ર 'કુસ્તી' ભાઇ વ્રજલાલ મહેતાનું છે, તેમાં વાર્તાનો રસ સમાયો છે. બે જણે દ્વંદ્વ કર્યું; એક જણ મહાત થયો તે શરમથી મોં પર હાથ ઢાંકી રહ્યો છે; તે વખતે યુદ્ધની સાક્ષી જેવી નાની પરી કુમારી આગળ આવીને વિજેતાને કહે છે: 'હવે બસ.' વિજેતા આવેશ શમાવવા પ્રયત્ન કરતો જણાય છે.ક્રોધ અથવા આવેશને ઠારવાની મૃદુ ભાવોની શક્તિની એમાં પ્રતિષ્ઠા છે. વીર અને સુંદરીની એ નાની રસકથા છે. ચિત્રરચના એકંદરે ઠીક છે.

'આકડાનાં ફૂલ'નું તે પછીનું ચિત્ર વધારે ઝીણવટ માગે છે. ફોટોગ્રાફરે વધારે ન લેતાં ઉપરનો જ ભાગ સંભાળપૂર્વક ચિત્રમર્યાદામાં રાખ્યો હોત તો વધુ સારી નોંધ આવત. ચિત્ર અને અભ્યાસદૃષ્ટિ બંને આમાં અફળ નીવડ્યાં છે.

ચોથું ચિત્ર 'All for one' ભાઇ એમ.એન. મેવાડાનું છે ચિત્રો માટે આપણી ભાષામાં નામ શોધવાનું પણ અશક્ય છે? ચિત્ર લેનાર યોગ્ય નામ મૂકી શકે તેમાં અમે તેની કસોટી માનીએ છીએ. અડસટ્ટે પાડેલાં ચિત્રોથી ફાવી જવાતું નથી. વિચાર, યોજના, સંકલ્પ અને રચના બધાં ભેગાં મળે ત્યારે ચિત્ર બને છે. આ ચિત્રમાં કોઇ માણસનો પડછાયો ચિત્રનો વિચાર ખંડિત કરે છે. બે ખૂણા પરના પડછાયા પણ એટલા જ દોષપૂર્ણ છે. ચિત્રનો કેટલો ભાગ રજૂ કરવો તે ઉમેદવારે જાણવું જોઇએ જેથી ચિત્રનો મુખ્ય પ્રસંગ કે ભાવ આગળ તરી આવે અને નકામી આકૃતિઓ તેનો વિરોધ ન કરે.

◖. ફોટો મોકલનારાઓ ઘણાખરા હરીફાઇના નિયમો પાળતા જણાતા નથી. સૌને તેથી વાકેફ રહેવાની વિનતિ છે. જેઓ ન જાણતા હોય તેઓ નિયમોની પત્રિકા અરધો આનો પોસ્ટેજ બીડીને મંગાવી લે. મુખ્ય આટલા છે: ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટા ન હોય; બેથી વધારે ન મોકલવા; માઉન્ટ પર ચોડેલા ન હોય; દરેકની પાછળ જ નામ, સરનામું, વિષય લખેલાં હોય; અને પાછો મંગાવવો હોય તો સરનામાવાળું કવર સાથે જોઇએ.


# બાલ ગોપાલ

આજે ગોપલાનો હરખ માતો નથી. રાતે સૂતો; પણ ઊંઘ શેની આવે? ક્યારે સવાર થાય, લાકડી લઉં. વાંસળી લઉં, ગાયો છોડું ને ચારવા જાઉં? બસ આ જ વિચાર. ભીખાએ એને ગાયો ચારવા જવાની આજે સાંજે છૂટ આપી હતી.

સવારે ચાર વાગે તો એ ઊઠી પડ્યો. કોઢ સાફ કરી, વાછરડાંને પાણી પાયું, બધાંને ચારો નીર્યો ને ઘરનું પાણી યે ભરી કાઢયું. પછી દાતણ કરી નાહી લીધું. સૂરજ ઊગે તે પહેલાં તો એણે બધું કામ પતાવી દીધું ને તૈયાર થઈ ગયો.

ભીખાએ ગાયો દોહી. તાજું દૂધ ગોપલાને પીવા આપ્યું. પણ ગોપલાનું મન આજે કૂદતું હતું. દૂધ પીધું ન પીધું ને ગાયો છોડી. ખાંધ પર લાકડી મૂકી. હાથમાં વાંસળી લીધી. ચાલ્યો ગાયોની પાછળ. વાછરડાં જોઇ જ રહ્યાં. એક વાછરડીથી ન રહેવાયું. તે ભાંભરી ઊઠી. 'અંભેં!' ગોપલાએ આ સાંભળ્યું ને તે જતો અટક્યો. પાછો ફર્યો ને કોઢમાં આવ્યો. પોતાનાં વહાલાં વાછરડાં-ને વારાફરતી બાઝ્યો. 'હમણાં હું તો પાછો આવીશ હોં' કહેતાં બધાંને ચારો નીર્યો ને ગાયો પાછળ દોડ્યો.

ભીખો તો આ બધું જોઈ જ રહ્યો. 'હજી તો એને આઠમું વરસ જાય છે. પણ કેવો કામગરો દીકરો!' ભીખો મનમાં ગણગણ્યો. એવામાં એની નજર વાછરડાં તરફ ગઇ. બધાં વાછરડાં ગોપલો જે તરફ ગયો તે તરફ જોઇ રહ્યાં હતાં. 'ગોપલો જતો રહ્યો એ તમને ન ગમ્યું કેમ?' કહેતો વાછરડાં પાસે ગયો. 'તમારો ગો-પલો ગયો? એ તો હમણાં પાછો આવશે. લો પાણી પીઓ.' ભીખાએ સૌની આગળ પાણી મૂક્યું. વળી લીલુંલીલું ઘાસ નીર્યું. પણ વાછરડાં ન ખાય કે ન પીએ. ભીખાની આંખમાં પાણી આવ્યાં.



જલદીજલદી બારણું ઉઘડાવી નાખ્યું. ભાતું બાંધ્યું ને ભીખો વાછરડાંને છોડવા લાગ્યો. ગોપલો પાંચ વરસ-નો હતો ત્યારથી એ આખો દહાડો વાછરડાં સાથે જ રમ્યા કરે. તેને નવડાવે ને ચારો ખવડાવે. વળી દાણા ખવડાવે ને પાણી પાય. વાછરડાંની જગ્યા એવી સાફ રાખે કે જરા ગંદકી નહિ. વાછરડાંને અને ગોપલાને એવું બની ગયું હતું કે એકબીજા વગર ચેન જ ન પડે. આજે છૂટા પડવાનો વખત આવ્યો. ગોપલો તો ગાયો ચારવા જવાના હરખમાં હતો. પણ વાછરડાંને કેમ ગમે?

ભીખાએ તો બધાં વાછરડાંને છોડયાં. નાનાં મોટાં બધાં વાછરડાં કૂદકા મારતાં ચાલ્યાં. ચાલતાં ચાલતાં પાદર આવ્યું. લીલીલીલી જમીન આવી. કૂંણુંકૂંણું ઘાસ આવ્યું. પણ વાછરડાંને ચરવું ગમતું નથી. ધીમેધીમે ચાલ્યાં જાય. એવામાં વાંસળીના સૂર સંભળાયા. આગળ ચાલતાં ગાયો દેખાઇ. વાંસળીનો વગાડનારો પણ દેખાયો. ગોપલાને જોતાં જ ભીખાને છોડી વાછરડાં અંભેંઅંભેં કરતાં પૂંછડી ઊંચી કરી દોડ્યાં.

ગોપલો વાંસળી વગાડતો અટકી ગયો. ગાયો ચારો ચરતી અટકી ગઇ. ગોપલાના હાથ ઊંચા થઈ ગયા. ગાયોનાં પૂંછડાં ને કાન ઊંચાં થઈ ગયાં. અંભેંઅંભેં ને અંભાંઅંભાં અવાજ થઇ રહ્યો. ગોપલાની ફરતા વાછરડાં વીંટળાઇ વળ્યાં. ગાયો પણ વીંટળાઇ વળી.

ભીખો તો આ દેખાવ જોઈ જ રહ્યો. એના હરખનો પાર ન રહ્યો. આંખમાં હરખનાં આંસુ આવી ગયાં.

પછી તો ગોપલો રોજ ગાયો ચારવા જાય. વા-છરડાંને પણ સાથે જ લઈ જાય. સૂરજ ઊગતાં નીકળે તે સૂરજ આથમતાં ઘેર આવે. ભાતું પણ સાથે લઇ જાય.

સવારે જાય ત્યારે ને સાંજે આવે ત્યારે એને ખૂબ મજા પડતી. સવારે સૂરજ ઊગતો હોય. સાંજે સૂરજ આથમતો હોય. વાદળામાં રંગબેરંગી ભાત પડી હોય. ઝાડપાન સુંદર ખીલેલાં હોય. પવન પણ ધીમો ને ઠંડો આવ્યા કરતો હોય. પછી કેમ મજા ન પડે? બપોરે કદીક તાપ ખમવો પડતો. બાકી ઘણે ભાગે બપોરનો ઘણો વખત ગોપલો ઝાડ ઉપર જ ગાળતો. ઝાડ પર બેઠોબેઠો વાંસળી વગાડતો ને ગાયો જોતો રહેતો.

ગોપલો વાંસળી બહુ સારી વગાડતો. જતાં ને આવતાં, કે વગડામાં ઝાડ પર બેસી એ વાંસળી વગાડ્યા કરતો. એની વાંસળી સાંભળવી ગાયોને પણ ગમતી.

કેટલીક વખત તો ગાયો ચરતીચરતી અટકી જતી, સ્થિર ઊભી રહેતી ને ગોપલાની વાંસળી સાંભળી રહેતી.

એક દિવસ ગાયો અને વાછરડાં ચર્યા કરતાં હતાં. ચરતાંચરતાં દૂરદૂર જતાં હતાં. ગોપલો ઝાડ પર જરા આડો પડ્યો હતો. થોડી વાર આમ પડી રહેતાં એને ઊંઘ આવી ગઇ. ઊંઘ્યો ન ઊંઘ્યો ને તે ઝબકીને જાગ્યો. ઝાડ નીચે ચારેક જણ વાતો કરતા હતા.

'છોકરો ભલે ઊંઘતો. ચાલોને આપણે ગાયો હાંકી જઇએ.' એક જણ બોલ્યો.

'અરે પણ એ જાગી જાય તો?' બીજાએ કહ્યું.

'જાગી જાય તો શું કરવાનો હતો?' ત્રીજાએ હાથમાંનો ભાલો બતાવતાં કહ્યું.

'અરે, મૂરખ છે? દોડી જઇ ગામલોકોને કહે તો?' ચોથાએ કહ્યું.

'હા ભાઇ. ગામલોકની વહાર થાય તો આપણે ગાયો વગર નાસી જવું પડે.' બીજાએ ચોથાને ટેકો આપ્યો.

'ત્યારે છોડ તીર. વીંધી નાખ એને. બિચારો કાયમની ઊંઘ લેશે.' પહેલાએ કહ્યું.

ગોપલાએ આ બધી વાત સાંભળી. થરથર ધ્રૂજવા લાગ્યો. કાળજું કંપી ઊઠ્યું. 'શું કરવું? ક્યાં જવું? આ ખાટકીઓ મારી નાખવાના. ગાયોને પણ મારી નાખશે. ઓ ભગવાન!'

નીચે વાત કરનારા ચાર ખાટકીઓ હતા. એ લોકોનો આવો જ ધંધો. વગડામાં જાય; બરછીભાલા લઇને. જ્યાં ગાયો ચરતી હોય ત્યાં જાય. ગોવાળીઆને મારી નાખે ને ગાયો હાંકી જાય. ગાયો વધારે હોય તો બીજા ખાટકીને વેચી દે. થોડી હોય તો પોતે જ કાપી નાખે અને માંસ વેચી દે. એ ચાર જણા પાસેના શહેરમાં બે મોટી માંસની દુકાન ચલાવતા. વગડામાં આમ લૂંટફાટ કરે ને શહેરમાં શાહુકાર થઇને ફરે.

આવી રીતે આ ગામમાંથી ઘણી વખત ગાયો લઇ ગએલા. થોડા દિવસ ઉપર એક ગોવાળે બૂમાબૂમ કરી. ગામલોકો દોડી આવ્યા ને આ ખાટકીઓ સહેજ માટે બચી ગયા. નહિ તો એમના રામ રમી જાત. ત્યારથી એ લોકો ગોવાળને મારી નાખવાનું શીખ્યા હતા. આઠેક દિવસ ઉપર જ આમ એક ગોવાળને મારી નાખ્યો હતો.

નીચે થતી વાતો સાંભળી ગોપલો ખૂબ ગભરાયો. શું કરવું એ સૂઝે નહિ. નાસી જવાનો લાગ નહોતો. એવામાં એની વહાલી વાંસળી સાંભરી. પેલો ગોવાળ મરી ગયા પછી એણે એક ગીત જોડ્યું હતું. એ ગીત ગાયોને રોજ સંભળાવતો. ગીત ગાય ને પછી ગાયોને કહે 'જાઓ ચરવા માંડો. આ ગીત વગાડું ત્યારે દોડી આવજો.' ગાયો જાણે સમજતી હોય તેમ ગોપલો આમ દરરોજ કરતો. ગાયો પણ આટલું કહે ત્યાંસુધી ઊભી રહેતી. જાણે બધું સમજતી ન હોય!


તીર ન વાગે એવી રીતે ગોપલો ઝાડમાં લપાયો અને વાંસળીમાં પેલું ગીત વગાડવા માંડ્યું:

'મોગર આગલી રે, ગુલાબ પાછલી;
પેલા આવ્યા જુલમગાર,
દોડો દોડો વડની ડાળ,
તમારો સ્વામી મરાયો જાય રે હો જી.'

નીચે ખાટકીઓ તીર તાકે પણ કાંઇ લાગ ન જડે. એવામાં તો ગોપલાએ વાંસળી વગાડી. ખાટકીઓ આશ્ચર્ય પામ્યા. એક ખાટકીએ પત્થર લીધો. ગોપલાએ તે જોયું. પણ જાણે કંઈ જાણતો જ ન હોય તેમ એ તો વાંસળી જ વગાડ્યે ગયો:

'મોગર આગલી રે, ગુલાબ પાછલી;
પેલા આવ્યા જુલમગાર,
દોડો દોડો વડની ડાળ,
તમારો સ્વામી મરાયો જાય રે હો જી.'

ખાટકીઓ આ જોઇ બહુ ગુસ્સે થયા. એક જણે ઉપર ચડવા માંડ્યું. ગોપલાએ એ જોયું ને ગભરાયો. દૂર ગાયો તરફ જોયું. બધી ગાયો ચરતી અટકી ગઇ



હતી. એક ધ્યાને બધી કંઇ સાંભળી રહી હોય એમ એને જણાયું. હિંમતમાં આવી ફરી એણે એ જ ગીત ચાલું રાખ્યું.

'મોગર આગલી રે, ગુલાબ પાછલી;
પેલા આવ્યા જુલમગાર,
દોડો દોડો વડની ડાળ,
તમારો સ્વામી મરાયો જાય રે હો જી'.

અને બરાડતી બરાડતી ગાયો દોડી. ઊંચા કાન ને પૂંછડાં. બધી ગાયોના દોડવાના અને બૂમબરાડાના અવાજે જાણે ધરતી ને આકાશ ધ્રૂજવા લાગ્યાં. પેલો ખાટકી ઉપર ચડતો અટકી ગયો. બીજાનો પથ્થર હાથમાં જ રહી ગયો. તીર મારનારની પણછ ઢીલી પડી ગઇ. બધા, બૂમબરાડા કરતી, દોડી આવતી ગાયો તરફ જોઇ રહ્યા. ગાયો બંખારા નાખતી, લાંબીલાંબી ફલંગો ભરતી, પવનવેગે દોડી આવતી હતી. ગોપાલ વાંસળી વગાડ્યે જતો હતો. ખાટકીઓ તો આભા બની પૂતળાં જેવા ઊભા રહ્યા હતા.

ગાયો દોડતી આવી ને ખાટકીઓ ઉપર તૂટી પડી. ખાટકીઓ સમજે ન સમજે ત્યાં તો બધી ગાયોએ એમને ખૂંદી નાખ્યા. કોઇએ શીંગડાં ભોંક્યાં, કોઇએ માથાં માર્યું ને કોઇએ લાતો મારી. ઘડીકમાં તો ચારે ખાટકીઓ હતા ન હતા થઇ ગયા. મોગર અને ગુલાબ બન્ને બે ખાટકી ઉપર પગ મૂકીને, ઊંચી ડોકે ઊભી રહી.

ગોપલો નીચે ઊતર્યો. ગાયોએ વહાલથી પૂંછડી હલાવી. ગોપલો બધા ગાયોને થાબડી વળ્યો. મોગર અને ગુલાબને વહાલથી બાઝ્યો.

ગામમાં વાત ફેલાઈ ગઇ. બધા દોડ્યા આવ્યા. ભીખો ભરવાડ તો અચંબો જ પામ્યો. પોતાના દીકરાને બાઝી પડ્યો: 'દીકરા! તારી મા તને દોઢ વરસનો મૂકીને મરી ગએલી. પછી તારા સુખમાં સુખ માની હું દિવસો કાઢતો. ભગવાને ભલું કર્યું કે તું બચ્યો. ઓ મારા દેવ જેવા દીકરા!' કહી વળી બાઝી પડ્યો. કેમે કરી છૂટે નહિ. એને તો જાણે પોતાના દીકરાએ બીજો જન્મ લીધો એમ લાગ્યું.

આખું ગામ ગોપલાને શાબાશ શાબાશ કહેવા લાગ્યું. ખાટકીઓ મરતાં આખા ગામનું દુઃખ ટળ્યું હતું. એ દિવસથી ગોપલો ગામલોકોનો માનીતો થઇ પડ્યો. ગોપલો નામ તો સૌ ભૂલી જ ગયા, અને ગોપાલ, ગોપાલ કહેવા લાગ્યા.

**વસન્ત નાયક**



# મેઘરાજા

• વસંતતિલકા •

એસે રુડો મધુર માસ અષાડ પેલો,
ને મેઘરાજ ફરવા મન થાય ઘેલો;
જોડી હજાર નિજ વાદળહાથી કાળા;
આકાશમાર્ગે નીકળે રથમાં રસાળા.

નાચે તહીં કમળાનર્તન અપ્સરાઓ,
ગાંધર્વ ગાય રસભેર સમુદ્રગાનો;
ને મેઘરાજ કરમાં લઇ વજ્ર ઝાલી,
ગર્જે છ નાદ ઉરમોદ અપાર મહાલી.

એવે જુએ નજર હેઠળ દુઃખિયારી,
તાપે બળી તરસમાં વસુધા બિચારી;
થોભી જરા સજળનેત્ર ભરેલ શોકે,
આજ્ઞા કરે પળ મહીં હિમપર્વતોને.

ત્યાં તો ઘણા જળકણે ઘન વ્યોમ છાયો,
હર્ષે ભર્યો અધિક શીતળ વાયુ વાયો;
પાણી વિષે નિમિષમાં પૃથિવી તણાઈ,
જાણે મહા પ્રલયસાગરની પનાઈ!

વર્ષા કરી સુખભરી જગપ્રાણીઓને,
રાજા ચઢે તરત દિવ્ય અદશ્ય ઝોલે;
હાથી બધા દિશદિશે ભમવા ન ચૂકે,
ને મેઘના રથતણો તનથાક છૂટે.

**દેશળજી પરમાર**

# નવું વાચન

**હિન્દસ્વરાજનો દાવો**-ઇંગ્લાંડ અને હિંદમાં મહાત્માજીએ આપેલાં ભાષણો અને લેખોનો ક્રમબદ્ધ સંગ્રહ: સંપાદક: વામન પાંડુરંગ કબાડી, પ્રકાશક: રામરાવ પાંડુરંગ કબાડી, વલ્લભ મૅન્શન, ફૉરજેટ સ્ટ્રીટ, મુંબાઇ; કિં. ૧-૮-૦. **ઝાકળ**-સામાજિક નવલિકાઓનો સચિત્ર સંગ્રહ; લેખક: રમણલાલ વસંતલાલ દેસાઇ; પ્રકાશક: સ્વસ્તિક ગ્રંથમાળા કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨: કિં. ૨-૮-૦. **ચિતાના અંગારા**-ખંડ બીજો: 'સૌરાષ્ટ્ર' અને 'ફુલછાબ'માં આવતી શ્રી ઝવેરચંદ મેઘાણીની લોકપ્રિય વાર્તાઓનો સંગ્રહ: પ્રકાશક: શ્રી રામુ પરમાનંદ ઠક્કર. રાણપુર: કિં. ૦-૪-૦. **હિમાલયના પુણ્યપ્રદેશમાં**-નગાધિરાજ હિમાલયની પુણ્યભૂમિનું રસમય પ્રવાસવર્ણન: લેખક: ધરમશી ડુંગરશી સંપટ, પ્રકાશક: મૂળરાજ લીલાધરની કં. જોડીઆ બજાર, કરાંચી: ૦-૧૨-૦. **કુમાર વીરસેન**-ખંડ બીજો બાલમિત્રમાં કકડે કકડે પ્રકટ થયેલી કુમાર વીરસેનનાં શૌર્ય અને સાહસની બાલપ્રિય વીરકથા: લેખક: ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ: પ્રકાશક: પુસ્તકાલય સ.સ. મંડળ લિ. રાવપુરા, વડોદરા. કિં. ૦-૬-૦. **નવદીવડા**-સાદી અને રસિક શૈલિએ લખાયલી નવ બાળવાતો; લેખક-પ્રકાશક: ભોળાશંકર પ્રેમજી વ્યાસ, વનિતાવિશ્રામ મહિલા વિદ્યાલય ખાડીઆ, અમદાવાદ; કિં. ૦-૮-૦. **ઠંડા પહોરની વાતો**-પંચતંત્ર અને હિતોપદેશ જેવી વ્યવહારૂ અને પ્રચલિત વાર્તાઓનો સંગ્રહ; લેખક-પ્રકાશક છગનલાલ વિદ્યારામ રાવળ, લુણાવાડા: કિં. ૧-૦-૦. **છોડવાનું જીવન**-Plant life નામની નાનકડી અંગ્રેજી પુસ્તિકાનો સરળ અનુવાદ; અનુવાદક: ચિમનલાલ ભોગીલાલ ગાંધી; પ્રકાશક: શ્રી સયાજી બાળજ્ઞાનમાળા વડોદરા; ૦-૪-૦. **મસ્તફકીરનું મુક્ત હાસ્ય**-શ્રી મસ્તફકીરની હાસ્યરસિક વાતોનો ત્રીજો સંગ્રહ; પ્રકાશક: પુંજાલાલ ભગવાન પારેખ, વઢવાણ સિટી; કિં. ૩-૦-૦. **આરોગ્યવિજ્ઞાન પ્રવેશપોથી**-આરોગ્યશાસ્ત્રના પ્રાથમિક સૂત્રોનું સ્પષ્ટ નિરૂપણ કરતી શાળોપયોગી પુસ્તિકા; લેખક: પ્રીતમરાય વ્રજરાય દેસાઈ; પ્રકાશક: એસ. બી શાહની કં. પાનકોર નાકા, અમદાવાદ; ૦-૬-૦. **ચાર જીવનો**-[સ્વામી વિવેકાનંદ, દાનવીર કાર્નેગી, બુકર ટી વૉશિંગ્ટન, સ્વામી રામતીર્થ] એ ચાર આદર્શ નરરત્નોનાં પ્રેરણાદાયી જીવનપ્રસંગોનું ટૂંકુ બયાન; લેખક: વિદ્યાર્થી; પ્રકાશક: મણિલાલ માધવલાલ દવે, પાટણ; ૦-૪-૦. **વીતક વાતો**-'સાહિત્ય'ના તંત્રી શ્રી મટુભાઈ કાંટાવાળાએ 'નારદ' અને 'બાહુક' ઉપનામથી લખેલી સામાજિક ટૂંકી વાર્તાઓ અને શબ્દચિત્રોનો સંગ્રહ; પ્રકાશક: પુંજાલાલ ભગવાન પારેખ, વઢવાણ સિટી; કિં. ૨-૮-૦. **ભૂતકાળના પડછાયા**-સૌરાષ્ટ્રના ભૂતકાળની તવારીખના મુદ્દાઓનાં માળખાં ઉપર ખડી કરેલી રોમાંચક કથાઓ; લેખક, શ્રી ગુણવંતરાય આચાર્ય; પ્રકાશક શ્રી રામુ ઠક્કર, રાણપુર; ૦-૪-૦. **વર્તમાન યુગના બહારવટિયા**-ઉપલી કથાઓની પેઠે જ 'ફુલછાબ'માં પ્રકટ થએલા, શ્રી ઝવેરચંદ મેઘાણીએ અંગ્રેજી પરથી ઉતારેલા, આજના કેટલાક યુરોપના બહારવટિયાઓના જીવનવૃત્તાંતો: પ્રકાશક ઉપર પ્રમાણે; કિં. ૦-૬-૦. **ગદ્યપ્રવેશ**-ભાગ ૧-૨: શ્રી હિંમતલાલ ગ. અંજારિયાએ ગુજરાતી સાત ચોપડી પૂરી કર્યા પછીના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા, ગુજરાતી ગદ્યના ફકરાઓના સંગ્રહો; કિંમત અનુક્રમે રૂા.૧ અને ૧-૪-૦. **હજરત મહંમદ** પયગમ્બર સાહેબ (સ. અ.): ઇમામસાહેબ અબ્દુલકાદર બાવઝીર જેવાને હાથે લખાએલું સંક્ષિપ્ત જીવનચરિત્ર: પ્રકાશક નવયુગ પુસ્તક ભંડાર, ઝવેરીવાડ, અમદાવાદ; પો. સાથે કિં. ૦-૬-૦. **હૃદયમંથન**-ટૂંકી વાર્તાઓના જગનામી રશિયન લેખક ચેખૉવની સોળ નવલિકાઓનો સંગ્રહ; અનુવાદક, શિવશંકર પ્રાણશંકર શુકલ; પ્રકાશક ઉપર પ્રમાણે: કિં. ૦-૧૦-૦. **અરક્ષણીયા અને નવવિધાન**-બંગાળી સાહિત્યના પ્રાણાચાર્ય શ્રી શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાય વિરચિત, બંગાળના ગોંસાઇઓના રંગદર્શી અને નૈસર્ગિક કુટુંબજીવનની કરુણમધુર નવલકથાઓ; ગુજરાતીમાં ઉતારનાર કિસનસિંહ ચાવડા; પ્રકાશક તથા કિંમત ઉપર પ્રમાણે **ખાટીમીઠી વાતો**-મનુભાઈ જોધાણી કૃત બાળવાર્તાઓનો સંગ્રહ; પ્રકાશક ઉપર પ્રમાણે, કિંમત ૦-૭-૦. **મધ્ય એશિયામાં બોલ્શેવિક**-કર્મયોગી રશિયાની અસરે મધ્ય એશિયા જેવા પછાત પડેલા દેશમાં લાવેલા પુનરૂજ્જીવનની હકીકત; બંગાળી ઉપરથી અનુવાદક, મહાશંકર ઇન્દ્રજી દવે: પ્રકાશક ઉપર પ્રમાણે, કિં. ૦-૬-૦ **કલ્પનાનાં પ્રતિબિંબ**-ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, લેખક ચીનુ શુકલ; પ્રકાશક ઉપર પ્રમાણે: કિં ૦-૮-૦. **કાઠિયાવાડની કાળરાત્રિ**: સોરઠના અનેકવિધ પ્રશ્નોની સજીવ સમાલોચના કરતી મુંબાઇ સમાચારમાં આવેલી લોકપ્રિય લેખમાળા. સુંદર ઉઠાવદાર પુસ્તકરૂપે લેખક-પ્રકાશક; સામળદાસ ગાંધી, ખ. ૨; કિં. ૦-૬-૦. **ઇન્સાન મિટા દુંગા**: 'માણસ મટાડીને હેવાન બનાવનારી આજની જેલોની તાદૃશ્ય ચિત્ર આલેખતી અને તેના વ્યવહાર પર માનવજીવનની દૃષ્ટિથી આંક મૂકતી નાની નવલ;—જેના ભીતરમાં આપણા સમાજ તંત્રના હાડમાં પેસી ગએલાં કર અને સજાની સામે મૂંગી પણ સજ્જડ જેહાદ છે.' લેખક: શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી; પ્રકાશક: શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર; ૭ આના.



# માધુકરી

## શ્રી અનાગરિક દેવમિત્ર ધર્મપાલ

'Where there is no vision, people perish'

માનવ સંસ્કૃતિ દ્રષ્ટાઓના સ્વપ્નનું બાહ્ય દર્શન છે. માનવતાનો ઇતિહાસ આદર્શ-સેવીઓના આંતર્જગતનો ઇતિહાસ કહી શકાય. તપશ્ચર્યા માનવતાનું આદર્શજીવન છે.

શ્રીમાન દેવમિત્ર ધર્મપાલ એવા આદર્શસેવી સ્વપ્નદ્રષ્ટા છે. તેમનો જન્મ ૧૮૬૪ના સપ્ટેમ્બરની ૧૭મીએ સીલોનની રાજધાની કોલંબોમાં એક બૌદ્ધ ધનાઢ્ય જમીનદાર અને વ્યાપારીને ત્યાં થયો હતો. દેવમિત્ર ધર્મપાલનું કુલ વિદ્યાપ્રેમ માટે પ્રસિદ્ધ છે. આ કુટુંબે ૧૮૭૩માં 'પાલી-વિદ્યોદય કૉલેજ'ની સ્થાપના કરી હતી ૧૮૮૦માં દેવમિત્ર મૅટ્રિકની પરીક્ષા આપતા હતા ત્યાં જ એક એવો બનાવ બન્યો કે જેણે તેમના જીવનને નવી જ દિશામાં પ્રગતિમાન કર્યું. એ વખતે થીઑસોફિસ્ટ સોસાઇટીનાં જન્મદાત્રી શ્રીમતી એચ પી બ્લૅવેટસ્કી સીલોન ગએલાં. તેમના હૃદય પર દેવમિત્ર ધર્મપાલના વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યો અને તેમને પોતાની સાથે અડિયારમાં લેતા આવ્યાં આ વખતે દેવમિત્રને પ્રેતવિદ્યા—(Occultism) જાણવા તરફ શોખ હતે, પણ શ્રીમતી બ્લૅવેટસ્કીએ તેમને તે તરફથી વાર્યા અને કહ્યું, 'ધર્મપાલ. તમે પ્રેતવિદ્યા ન શીખે. પાલી ભાષાનો અભ્યાસ કરવાથી તમારી મનોકામના પૂર્ણ થશે' શ્રીમતીએ 'પાલી-અધ્યયન' અને 'પરોપકાર-વ્રત' ઉપર ખાસ ભાર મૂક્યો.

પાલીના આ અભ્યાસકાળ વખતે ધર્મપાલે બૌદ્ધ ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો, અને તેમના હૃદયમાં બૌદ્ધ ધર્મના પ્રચારની ભાવના જાગૃત થઇ ધીમેધીમે એ ભાવના એટલી દ્રઢીભૂત થઇ કે એક દિવસ તેમણે પોતાની માતાને જઇને કહ્યું કે 'હું ઘરબારનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મ પ્રચાર માટે મારૂં જીવન અર્પણ કરવા ઇચ્છું છું.'

પ્રેમાળ માતાએ પુત્રની ઇચ્છાને અનુમોદન આપ્યું પણ તેમના પિતાને જરા ચિંતા થઇ. કારણકે ધર્મપાલ સૌથી મોટા પુત્ર હતા. પણ તેની ધર્મભાવના અને કર્તવ્યનિષ્ઠા આગળ અંતે તેમના પિતાને પણ નમવું પડ્યું.

આ પ્રમાણે ૨૦ વર્ષની વયે માતાપિતાની આજ્ઞા પ્રાપ્ત કરી તે ઘેરથી નીકળી પડ્યા. ધર્મપાલને કુટુંબની ચિંતા હતી જ નહિ. તેમના ખર્ચ માટે પણ તેમના પિતાશ્રી તેઓની મદદ આપતા હતા જ. તેમના પિતાશ્રીએ ધર્મપાલને ત્રણ લાખ જેટલી મોટી રકમ ખર્ચ માટે તેમના જીવનકાળ દરમ્યાન આપી હતી

અડિયારમાં છ વર્ષ રહી ધર્મપાલે બૌદ્ધ ધર્મ અને અંગ્રેજીનો અભ્યાસ કર્યો. ભાષણ અને લેખનશક્તિ પણ ત્યાં કેળવી. અડિયારનાં છ વર્ષ તેમના ભાવિજીવનમાં ઘણાં જ ઉપયોગી નીવડ્યાં.

૧૮૯૧માં તેઓ ગયા તરફ રવાના થયા ને પહેલવહેલા ૨૨મી જાન્યુઆરી ૧૮૯૧ને દિવસે તેમણે મહાબોધિ મંદિર તથા બોધિવૃક્ષનાં દર્શન કર્યાં. મંદિરને શૈવ મહંતને આધીન જોઈ તથા મહંતની અયોગ્ય વાતો જાણી અત્યંત દુઃખિત થઇ તેમણે હૃદયમાં નિશ્ચય કર્યો કે આ મહાબોધિ મંદિરને ફરીથી બૌદ્ધોની હકુમતમાં લાવવા યત્ન કરીશ.

· માઢ ·

તારા તેજને અમૃત ચેતવજે
મુજ અંતર દીપકમાળ.

તેજકુંડાળે રમવા કાજે
રેલજે ચંદની ધાર;
તારકફૂલડે ગૂંથજે મારા
નેનની કિરણમાળ:
આપવા શૈશવનાં વરદાન -તારા૦

પાપ ગળે પુણ્ય પાંગરે એવો
સીંચજે સૂરજતાપ,
સ્વાર્પણ નેમ જગાવવા આભમાં
દોરજે મેઘની ચાપ:
આપવા યૌવનનાં વરદાન.-તારા૦

સાહસપંથમાં ઊડવા દેજે
પ્રાણને પાંખ અથાક;
સિંધુડે શૌર્યના સૂર ચઢે ત્યારે
રોકજે ના ગણી રાંક:
આપવા પૌરુષનાં વરદાન.—તારા૦

અંધારી દિશાથી દોરતો ચંદ્રમા
જેમ પ્રકાશને પથ;
કર્ણધાર! કલ્યાણને મારગે
દોરજે ઝાલી હાથ:
આપવા આયુષ્યનાં વરદાન.-તારા૦

('ઊર્મિ') —ઇન્દુલાલ ગાંધી



શ્રી અનાગારિક ધર્મપાલ

૧૮૯૧ના માર્ચ મહિનામાં ધર્મપાલ કલકત્તા ગયા અને નીલકમળ મુકર્જી જોડે રહી પ્રતિદિન એશિયાટિક સોસાઇટીના પુસ્તકાલયમાં જઇ બૌદ્ધ ગ્રંથોનું અધ્યયન કરવા લાગ્યા. પોતાના ફાજલ સમયમાં વિદ્યાર્થીઓ સમક્ષ તે ભાષણો આપતા. આ દરમ્યાન તેમને વિચાર આવ્યો કે કલકત્તામાં કૉલેજ સ્કેવર પાસે બૌદ્ધ ધર્મના મહત્ત્વ ઉપર ભાષણો આપવા માટે એક ખાસ હૉલ બનાવવો જોઇએ. તરત તેમણે કલકત્તાના મિત્રોની મદદથી મહાબોધિ સોસાઇટીની સ્થાપના કરી. આ વખતે ગયામાં બૌદ્ધ ધર્મશાળા સ્થાપવાનો પણ તેમને વિચાર આવ્યો અને બ્રહ્મદેશ તથા સીલોનમાંથી ફંડ એકઠું કરી ગયા ડિસ્ટ્રિક્ટબોર્ડને આપ્યું. આ બોર્ડે એક સુંદર ધર્મશાળા બનાવી આપી.

ધર્મપાલે ૧૮૯૩ના જાન્યુઆરીથી 'મહાબોધિ' નામના એક માસિક પત્ર દ્વારા સેવાકાર્ય આરંભ્યું. તે આજે હજી પણ ચાલુ છે. આ માસિક પત્રનો પહેલો અંક અમેરિકામાં ભરાનાર સર્વધર્મ સંમેલનના કાર્યકર્તાઓએ જોયો અને તેના વિચારોથી પ્રભાવિત થઇ ધર્મપાલને એ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ આપ્યું. તેમણે અમેરિકાનાં મુખ્યમુખ્ય શહેરોમાં ફરી બૌદ્ધ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. શિકાગો વિશ્વવિદ્યાલયના પ્રધાન ડૉક્ટર હાવર્ડ અને કોલમ્બિયા વિશ્વવિદ્યાલયના પ્રધાન મરે બટલરને મળી ભારતીય વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપી ત્યાં બોલાવવાનો પણ તેમણે પ્રયત્ન કર્યો. એ બંનેએ આ વસ્તુ સ્વીકારી લીધી. ૧૮૯૬-૯૭માં હિંદમાં ભારે દુકાળ પડ્યો ત્યારે ધર્મપાલે અમેરિકામાંથી ફંડ ઉઘરાવી એક વહાણમાં અનાજ ભરાવી હિંદ મોકલાવ્યું. અમેરિકાથી પાછા ફરતાં હોનોલૂલૂમાં તે શ્રીમતી મેરી ફૉસ્ટરને મળ્યા અને ઘણુંખરું તેમની જ સારી મદદથી તેઓ આજે સારનાથના 'મૂલ ગંધકુટિ વિહાર'ની સ્થાપના કરી શક્યા છે.

ધર્મપાલ ૧૮૮૯થી ૧૯૧૩ સુધીમાં ચાર વાર જાપાન ગયા છે. ત્યાંના મહાન રાજનીતિજ્ઞ કાઉન્ટ ઓકુમા સાથે તેમને સારો પરિચય છે. જાપાનના લોકોની તેઓ ખૂબ પ્રશંસા કરે છે અને ઓકુમા વિષે કહે છે કે ઓકુમાનાં માતપિતા એટલાં બધાં નિર્ધન હતાં કે પૂરતો ખોરાક ન મળવાથી ભાત સાથે એક જંગલી અનાજ ભેળવી તેમને ખાવા આપતાં. ધર્મપાલ પ્રિન્સ, ક્રૉપૉટ્કિન સંસ્કૃત ભાષાના જર્મન પંડિત મૅક્સમૂલર વગેરે જગતના મોટામોટા પુરુષોને મળ્યા છે. તે બધા પ્રસંગો જીવનપ્રદ અને આનંદકારી છે.

ધર્મપાલ મૅક્સમૂલરને મળવા ગયા ત્યારે પૂછ્યું કે આપ હિંદમાં કેમ નથી આવતા ? પ્રત્યુત્તરમાં મૅક્સમૂલરે કહ્યું 'જ્યારે ભારતવાસીઓ ખુદ મને અહીં મળવા આવે છે તો પછી હું ભારતમાં શું આવું ?' આ પ્રસંગ વિષે બોલતાં ધર્મપાલે કલકત્તામાં મૅક્સમૂલરના અવસાન નિમિત્તે બોલાવેલી સભામાં કહ્યું હતું કે મૅક્સમૂલર હિંદમાં ન આવ્યા તે ઠીક જ થયું, કારણકે તેમના અંતરમાં તો ઉપનિષદ્કાળનું ભારત રમી રહ્યું હતું. તે વર્તમાન ભારત જોઇ દુ:ખી થાત. Light of Asiaના રચયિતા સર એડવિન આર્નોલ્ડને પણ ધર્મપાલ મળ્યા હતા.

આ મહાપુરુષ આજે બરાબર ૪૦ વર્ષથી પોતાની વાસરી (ડાયરી) લખે છે. હાલમાં જ 'વિશાલ ભારત'ના સંપાદક પં. બનારસીદાસજી ચતુર્વેદી તેમને મળેલા તે પ્રસંગે તેમની ડાયરીનાં કેટલાંક પૃષ્ઠ જોએલાં અને લગભગ દોઢેક કલાક સુધી મધુર વાર્તાલાપ કરેલો. તેઓશ્રી ડાયરીમાં લખે છે: At the end I spoke expressing my delight at completion of my labours, begun forty years ago, and told that I present the Vihar to the people of India. It was a happy ending of my forty years' labour in the land of Buddha.

ઉપરોક્ત આલેખન વિહારની પૂર્ણાહુતિ વિષે છે. તેમની ડાયરી ઘણી મહત્ત્વપૂર્ણ છે. અને જો તેમાંનો કેટલોક ભાગ પ્રકાશિત થાય તો જીવન જીવવાની ધગશવાળાને ઘણો મોટો લાભ થઇ શકે.

પં. બનારસીદાસજી ચતુર્વેદી આવી આદર્શસેવી મસ્ત વ્યક્તિઓને મળવામાં બહુ કુશળ છે. ડૉક્ટરની ના હોવા છતાં ૬૯ વર્ષના રોગગ્રસ્ત અને પથારીવશ શ્રીમાન દેવમિત્ર ધર્મપાલની મુલાકાત લેવામાં તે સફળ નીવડ્યા. ધર્મપાલ મહોદયનું શરીર પ્રવાસનાં દુ:ખોથી તથા સરકારે છસાત વર્ષ માટે તેમને એક જ સ્થળે ગોંધી રાખેલા હોવાથી જર્જરિત થઇ મરણાસન્ન અવસ્થાએ પહોંચ્યું છે પણ તેમનો ઉત્સાહ અને જીવન કાર્યની સફલતા માટેની ધૂન અજબ છે. વાતચીતમાં તેમણે કહેલું: "Let me die soon; let me be reborn;

I can no longer prolong my agony. I would like to be born again twenty five times for the spread of Lord Buddha's Dharma." આ શબ્દો બોલતા હતા ત્યારે તેમની આંખોમાં અપૂર્વ જ્યોતિ અને ઉત્સાહ પ્રત્યક્ષ જણાતાં હતાં.

ધર્મપાલજીએ બૌદ્ધ ધર્મના વિશેષજ્ઞોની એક યાદિ તૈયાર કરી છે. તેમાંના ૭૨ વિદ્વાનોમાં પાંચ ભારતીય, બે જાપાની, એક સિંહલદ્વીપનિવાસી અને બાકીના બધા યુરોપીઅન છે. સોવિયેટ સરકારે પણ બૌદ્ધ ધર્મના અધ્યયનાર્થે બહુ યોજના કરી છે. પણ અત્યંત શોકની વાત છે કે બુદ્ધના જન્મસ્થાન ભારતવર્ષમાં આવો કંઇ પણ પ્રબન્ધ નથી. હાલમાં લાલા હરદયાળે બૌદ્ધ ધર્મ ઉપર એક નિબંધ લખી પીએચ. ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. આવા વિદ્વાન માટે દેવમિત્રને સારી આશા છે.

આજકાલ તેમને માત્ર બે જ ચિંતા છે. એક તો બૌદ્ધ ધર્મનો હિંદમાં કેવી રીતે ફેલાવો થાય અને બીજી તે ધર્મ-પ્રચાર કાર્ય હિંદી-ઉર્દૂમાં સાહિત્યનિર્માણ દ્વારા કેમ થઇ શકે. તેઓ કહે છે: '૧૭૦૦ વર્ષ સુધી ભારતમાં બૌદ્ધ ધર્મનું શાસન રહ્યું. ગયા આઠસો વર્ષથી બૌદ્ધધર્મના નાશની સાથે જ હિંદની પરાધીનતાનો પ્રારંભ થયો. હવે ફરી હિંદમાં બૌદ્ધધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરવાને યોગ્ય સમય આવી પહોંચ્યો છે. બૌદ્ધધર્મનો સંદેશ આશાનો અને આત્મનિર્ભરતાનો છે. બુદ્ધ ભગવાન એ જ ઉપદેશ આપતા કે પોતાનો ઉદ્ધાર પોતે જ કરો. કોઇપણ દેવીદેવતાને ભરોસે બેસી રહેવામાં તેઓ સંપૂર્ણ વિરુદ્ધ હતા. તેઓ પૂર્ણ વૈજ્ઞાનિક હતા. અને અંધ ભક્તિ કે અંધ શ્રદ્ધામાં માનતા ન હતા. મનુષ્યની અદ્‌ભુત ને અનંતશક્તિને તેમણે ઓળખી હતી. તેઓ જનતાને આ જ ઉપદેશ આપતા કે 'તમે બધું કરી શકો છો. પોતે બુદ્ધ પણ થઈ શકો છો.'

ધર્મપાલ મહોદયની લગની અજબ છે. ધર્મપદનો જે શ્લોક ધર્મપાલ હમેશાં બોલે છે તેનું શુદ્ધ સ્વરૂપ લખવા એ પુસ્તકની બંગાળી આવૃત્તિ ચતુર્વેદીજી તેમના ઓરડાની ચોપડીઓમાં શોધતા હતા એવામાં ધર્મપાલે પોતે જ આટલી રોગગ્રસ્ત અવસ્થા છતાં લથડતાલથડતા ઊભા થઇને ચોપડી શોધી આપી. તેમની સ્મૃતિશક્તિ પણ અજબ છે.

છેલ્લાં ૪૦ વર્ષમાં દુનિયા લગભગ બદલાઇ ગઇ છે. પ્રતિદિન પરિસ્થિતિ બદલાતી રહે છે છતાં આ મહાધુનિ પુરુષ એક જ સ્વપ્ન જોઇ રહ્યા છે, અને આઠસો વર્ષથી નામૂદ થએલા ધર્મને ફરીથી જાગ્રત કરવા અથાક પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. એમના પ્રયત્નને લીધે જ આજે સારનાથમાં ૧૮૦૦ વર્ષ પછી બૌદ્ધ ધર્માનુયાયીઓનું સંમેલન સફળ થઇ શક્યું. અને જ્યાં સૂવર પાળનાર જાતિ તથા પ્રાચીન સ્મૃતિની યાદ આપતાં પુરાણાં ખંડિયેરો સિવાય કંઇ ન હતું ત્યાં આજે એક વિશાળ વિહાર અને મહાબોધિ વૃક્ષની ભવ્ય સ્થાપના જોઇ શક્યા.

જેઠાલાલ જોષી

## આજની દુનિયામાં

### શસ્ત્રપરિત્યાગ

દુનિયામાં આજે જે કેટલીયે મુસીબતો ઊભી થઇ છે તેમાં કેટલીક તો યુરોપના મહાન યુદ્ધને લઇને જ થઇ છે. તેમાં સૌથી વધારે મોટી કઇ છે તે કહેવું મુશ્કેલ છે, છતાં કહી શકાય કે એ બધામાં શસ્ત્રબંધી—યુદ્ધસામગ્રીનો પરિત્યાગ—સૌથી મહત્ત્વનું પ્રકરણ છે. જો એવું ને એવું બીજું યુદ્ધ હવે પૃથ્વી પર ફરીથી જામે તો આજની સંસ્કૃતિનો સમૂળગો ઉચ્છેદ જ થઇ જાય એવો ભય છે.

યુદ્ધસામગ્રીના પરિત્યાગ માટે ગયા માર્ચ માસમાં જીનીવા ખાતે જે પરિષદ મળી હતી તે એકમત થઈ શકી નથી. તેની પાસે આ પ્રમાણે ત્રણ મુદ્દા હતા: (૧) આત્મરક્ષણ ઉપરાંત સામો હુમલો કરવાનાં સાધનોનો નાશ કરવો. આમાં ઇંગ્લંડ તથા યુનાઇટેડ સ્ટેટ્સે ટેકો આપ્યો હતો; (૨) દુનિયા આખીનાં સૈન્યોને પ્રજાસંઘની સત્તા તળે 'પોલીસ ફોર્સ' તરીકે નોંધાવી દેવાં, એવી ફ્રાન્સની દરખાસ્ત હતી; (૩) યુદ્ધ-સામગ્રીમાત્રનો જગતમાંથી સૌ પ્રજાએ મળીને નાશ કરવો એવી દરખાસ્ત રશિયાની હતી. આ વાત તો છેક ઇ. ૧૯૨૭થી રશિયા તરફથી રજુ થયા કરે છે, પણ તેને કોઇ ટેકો આપતું નથી. પરંતુ દુનિયા આખી હૃદયપૂર્વક હવે એ શસ્ત્રપરિત્યાગના પ્રશ્ન માટે ઇતેજારી બતાવે છે, એટલું તો ચોક્કસ. શાંતિ અને સ્વતંત્રતા માટે સ્થપાએલા, સ્ત્રીઓના આંતરરાષ્ટ્રીય સંઘ તરફથી એક વાર આ પરિષદ આગળ ૮,૦૦૦,૦૦૦ સહી સાથે દેશદેશની મહિલાઓ તરફથી મોટી અરજી રજુ થઇ હતી.



તેમાંનો થોડો ભાગ, ને તે દેશોના ધ્વજ સાથે ઉપરના ચિત્રમાં બતાવ્યો છે. તે પ્રસંગની બેઠક અપૂર્વ હતી એમ પરિષદના બધા સભ્યો સ્વીકારે છે. શસ્ત્રોનો સદંતર નાશ કરવાની બાબતમાં આ બધી અરજીઓનો એક સામટો પોકાર હતો. તે દિવસથી ઈટલીએ જાહેર કર્યું કે જો બીજા દેશો સંમત થાય તો પોતે સંપૂર્ણ શસ્ત્રત્યાગ કરશે. એ પરથી લાગ્યું કે બીજા દેશો પણ કંઇક કરી બતાવશે. પણ એ બધા તો ઇંગ્લંડ ને અમેરિકા સામે તાકી રહ્યા છે. જો એ દેશો શસ્ત્રત્યાગમાં સંમત થાય તો મોટો ભય દૂર થાય અને યુદ્ધસામગ્રી પાછળ ખર્ચાતા કરોડો પાઉન્ડના આર્થિક બોજામાંથી દુનિયા રાહત મેળવે.

મહાયુદ્ધ પછી ફક્ત નેવું જ દિવસમાં જર્મનોને શસ્ત્રહીન કરી શકાયું તો દુનિયા એક વર્ષમાં તેમ કરી ન શકે ? આજનાં યુદ્ધોમાં જે ભયાનક મૃત્યુકારક સામગ્રી વપરાય છે તેના ભયમાંથી દુનિયાની સંસ્કૃતિ મુક્ત થવી જ જોઇએ.

લડાઇનાં કરજો

યુરોપના મુત્સદ્દીઓનાં મગજ પર ભાર કરી રહેલો બીજો સવાલ મહાન યુદ્ધનાં કરજો વિષેનો છે. એક વર્ષ પહેલાં યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડેન્ટ હુવરે દેવાદાર પ્રજાઓને એક વર્ષ માટે કરજના હપ્તા ભરવામાંથી મુક્ત રાખી રાહત આપી. આ રાહતનો લાભ જર્મનોને પણ મળ્યો, કારણકે તેને લડાઇની નુકસાનીનો ખર્ચ આપવો ન પડ્યો. વર્ષ તો પૂરું થઇ જવા આવ્યું, છતાં ૧૯૩૧માં હતી તે કરતાં વધુ સારી આર્થિક સ્થિતિ કોઇ પ્રજાની નથી થઈ. જર્મનીના કારભારમાં જે નવું અંદાજપત્ર ઘડાયું છે તેમાં કરજની રકમો ભરવાનો આંકડો લેવાયો નથી. બ્રિટિશ અંદાજપત્ર રજુ કરતાં મિ. નેવીલ ચેમ્બરલેઇને લડાઇનાં કરજની ભરપાઇ થતી રકમો લડાયક આવક ખર્ચના હિસાબ તળે ઢાંકી દીધી છે. ઇટલીએ પણ એવું જ કર્યું છે અને ફ્રાન્સ પણ એવો ગોટો કરવા ધારે છે. પણ એથી અમેરિકાનું ભવું ચડી જાય એવો ભય છે. અમેરિકામાં થોડીક લોકલાગણી એવી છે કે આ બધાં કરજો ઉડાડી મૂકવાં જોઇએ અને નવા પ્રમુખપદ માટેના ઉમેદવાર આલફ્રેડ સ્મિથે એવી નીતિ જાહેર પણ કરી દીધી છે. જૂન માસમાં લૉઝાં ખાતે નુકસાની અને કરજની રકમો પર જે આંતરરાષ્ટ્રીય પરિષદ મેળવવામાં આવી હતી તેમાં યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી પ્રતિનિધિ મોકલવાની આનાકાની થઈ હતી, પણ પાછળથી જ્યારે એમ જાહેર કરવામાં આવ્યું કે આખી દુનિયાની આર્થિક સ્થિતિ પર બારીક અભ્યાસ કરવામાં આવશે, ત્યારે અમેરિકાએ સંમતિ આપી હતી.

ગ્રેઇટબ્રિટન

બધી પ્રજાઓને અંદાજપત્ર સરખાં કરવાની મથામણ છે ત્યારે ગ્રેઇટબ્રિટન ૧૩,૮૩,૦૦૦ પાઉન્ડનો વધારો બતાવે છે। ગયા સપ્ટેમ્બરમાં ત્યાં રાષ્ટ્રીય (બધા પક્ષોની સંયુક્ત) સરકાર સ્થપાઈ ત્યારે પાઉન્ડની ખરાબ દશા થઇ હતી. તે વખતે ઇંગ્લંડે સોનાનું ચલણ પડતું મૂક્યું. ત્યાર પછીથી કોઈ કિસ્મતના બળે ઇંગ્લંડની સરકારનાં જાતજાતનાં પગલાંને લીધે બીજા ઘણા દેશો કરતાં ઇંગ્લંડની નાણાં સંબંધી સ્થિતિ ઘણી મજબૂત થઈ ગઇ છે. ઘણા આકરા કરો નંખાયા, ખાસ કરીને સખત આવકવેરો વધાર્યો, અને પરદેશનો વેપાર અણવાર્યો વધ્યો. આનું કારણ દેશમાં માલની કિંમત ઊતરી ગઈ એટલે ઘણું પરદેશી નાણું તેની ખરીદીને બદલે આવ્યું. ચીનાઓએ જાપાની માલનો બૉયકૉટ કર્યો તેનો લાભ ઇંગ્લંડની મીલોને મળ્યો. હિંદુસ્તાનમાંથી સોનાનો મોટો જથ્થો ઘસડાઇ આવ્યો. લંડનના ઝવેરીઓએ ઝવેરાત સસ્તું કરી નાખ્યું એટલે ઇંગ્લંડની પ્રજા પેઢીઓના પેઢીઓથી સાચવેલા સોનાના અલંકારો આપીને હીરા માણેક ને મોતી લેવા લાગી. આવી સરળ પરિસ્થિતિ થવાથી ન્યૂ યૉર્ક પાસેથી ઇંગ્લંડે ગયા ઉનાળામાં લીધેલી ૪૦,૦૦૦,૦૦૦ પાઉન્ડની લોનમાંથી પોણા ભાગની તો ભરી દીધી. આજ સુધી બ્રિટિશ વેપાર ખુલ્લા રાહ (ફ્રી ટ્રેડ)ની રીત પર જામ્યો હતો, છતાં હાલની સરકારે ખાસ રક્ષણની નીતિ ખુલ્લેખુલ્લી સ્વીકારી છે. હાલ તેઓ પરદેશી બનાવટના દરેક જાતના માલ પર વીસ ટકા જગાત લે છે અને મોજશોખના પદાર્થો પર તો ૩૩⅓ ટકા જેટલી ઉઘરાવે છે.

આયર્લંડ


ઈ. ૧૯૨૧માં આયર્લંડનો સ્વતંત્ર કારભાર મળ્યો તે વખતથી દેશના અમલદારો જ્યૉર્જ રાજા તરફ વફાદારીના સોગંદ લેતા આવે છે. પણ થોડા માસ અગાઉ ત્યાં એમન ડી. વૅલેરા પ્રમુખપદે આવ્યો ત્યારે તેણે એ સોગંદ તો લીધા, પણ સાથે જ જાહેર કર્યું કે એ માત્ર બાહ્ય વિધિ છે, અને બ્રિટિશ સરકારને જણાવી દીધું કે પોતે હવે તે પ્રથા બંધ કરવા ચાહે છે. મિ. ડી. વૅલેરાનો એવો મત છે કે આખું આયર્લંડ એકમતે તે કાઢી નાખવા ઇચ્છતું હોય તો તેને એ હક છે. ગ્રેઇટબ્રિટન જુદો મત ધરાવે છે. બ્રિટિશના સંસ્થાન ખાતાનો પ્રધાન જે.એચ ટૉમસ કહે છે કે આઇરિશ સ્વતંત્ર સંસ્થાનો હયાતીમાં આવ્યાં તે દિવસના સંધિપત્રમાં એ સોગંદ આવશ્યક અંગ ગણવામાં આવ્યું છે અને તેમાં સહી કરનાર બંને પક્ષોની સંમતિથી જ તેમાં ફેરફાર કરી શકાય. ડી. વૅલેરા આ સોગંદવિધિને પ્રજાનું અપમાન ગણે છે.

બીજું મહત્ત્વનું પ્રકરણ ડી. વૅલરાએ ઊચક્યું છે તે એ છે કે ગ્રેઇટબ્રિટનને ભરવામાં આવતી જમીનની વાર્ષિક વર્ગણી તાકીદે બંધ કરવી. ઇ. ૧૮૮૫ની સાલથી આ રકમ ભરાતી આવે છે. એ વર્ષે ખેડુતોની કફોડી સ્થિતિ હતી એટલે બ્રિટિશ સરકારે તેમનાં ખેતરો ખરીદી લેવાને નાણાં ધીરેલાં અને એ કરજ વાર્ષિક હપતાથી અમુક મુદતમાં ભરી દેવાનું ઠરાવેલું. ડી. વૅલરા તે પર જણાવે છે કે રૉયલ કમિશનની તપાસને અંતે જણાયું હતું કે આયર્લંડે આજ સુધીમાં આ રકમ ઉપરાંત વધારે રકમ કર તરીકે ભરી દીધી છે, અને ૧૯૨૦માં પાર્લ-

મેન્ટે કાયદો પણ કર્યો; તે વાર્ષિક હપતાની રકમ આઇરિશ ખજાનચીને ભરી દેવી નહિ, પણ ફ્રી સ્ટેટના પ્રમુખ તરીકેના કારભારમાં ૧૯૨૬ની સાલથી એ રકમ બ્રિટિશ સરકારમાં ભરાતી આવે છે. તે વખતે નાણાં સંબંધી વ્યવસ્થાનું એક ખત થએલું. આ વાર્ષિક રકમ ૩૦,૦૦,૦૦૦ પાઉન્ડ થવા જાય છે. બ્રિટિશો આ નાણાં સંબંધી બાબતને વફાદારીના સોગંદના જેટલો મહત્ત્વનો પ્રશ્ન માનતા નથી. નાણાંની બાબતના ફડચો પરસ્પરની વાટાઘાટથી લાવી શકાય. પણ સોગંદના પરિત્યાગમાં તો આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પર પ્રહાર થાય છે. આના ઉપાય તરીકે બ્રિટિશ પાસે વેપાર રૂપી જબરૂં હથિયાર છે. ચાર પંચમાંશ જેટલો આયર્લંડનો વેપાર ઇંગ્લંડને હાથ છે અને એ બંધ કરે તો આયર્લંડને ભારે પડે. આયર્લંડ સ્વતંત્ર સંસ્થાન રહેવાની માગણીનું દબાણ રાખે તો ઇંગ્લંડ ત્યાંથી આવતા દરેક જાતના માલ પર જકાત નાખે. હાલ તો તેને તાબાનું સંસ્થાન ગણી બીનજકાતે આવવા દે છે. આવી પરિસ્થિતિને લઇને આયર્લંડના વેપારીઓને ડી વૅલરા સાથે સંમત થતાં ખૂબ મૂંઝવણ થશે.

### જર્મની

૧૯૨૫માં જર્મનીનું રાજ્ય પ્રજાસત્તાક બન્યું અને સેનાધિપતિ હિન્ડનબર્ગ પ્રમુખ ચૂંટાયો ત્યારે યુરોપ આખાને બીક હતી કે તે પદભ્રષ્ટ કૈસરને પાછો લાવવાનો યત્ન કરશે. કોઇને પણ તે વખતે આશા નહોતી કે કૈસરને દૂર કરનાર પ્રજાતંત્રને તે આટલું સાચવશે. પણ સાતસાત વર્ષથી તેણે જર્મનીની પ્રજાસત્તા સંભાળી રાખી અને સીધા, ઠાવકા, વ્યવસ્થિત રાહમાં વહેતી રાખી. ગયા માર્ચ માસમાં તેની મુદત પૂરી થઇ ત્યારે ફરી ચૂંટણી માટે ઊભાં રહેવાની



ફૉન હિન્ડનબર્ગ

તેની ઇચ્છા નહોતી, કારણકે તે પંચાશી વર્ષની પાકી ઉંમરે જીવનનાં છેલ્લાં વર્ષો આરામ અને શાંતિમાં ગુજારવા ચાહતો હતો, પણ ઍડોલ્ફ હિટલરના નેતૃત્વ નીચે નવા સ્થપાએલા સ્વતંત્ર રાષ્ટ્રીયપક્ષને લીધે તેને તેની સામે ફરી ઉમેદવાર થવું પડ્યું.

હિટલર નાઝી નામથી ઓળખાતા સમાજવાદીઓનો આગેવાન છે. તેનો એવો મત છે કે વર્સેલ્સની સંધિ રદ ગણવી અને નુકસાનીના રકમો ભરવાની જર્મનીએ ઘસીને ના પાડવી. થોડાં વર્ષો પહેલાં ગણ્યાગાંઠ્યા માણસો તેના મતમાં ભળ્યા, પણ રફતેરફતે તેમાં જબરી વધતી થઇ છે, અને આજે એ નાઝી દળ એટલું સત્તાવાન ગણાય છે કે અતુલ પ્રતિષ્ઠા અને પ્રજાપ્રેમવાળા હિન્ડનબર્ગ સિવાય કોઇ તેનો સામનો કરી શકે તેમ નહોતું. બે ચૂંટણીઓ થઇ: એક માર્ચમાં અને બીજી એપ્રિલમાં. પહેલી હરીફાઈમાં હિંડનબર્ગને ફરી આવવા જેટલા વધુ પ્રમાણમાં મતો મળ્યા નહિ, જોકે હિટલર કરતાં તેને સિત્તેર લાખ મત વધુ હતા. બીજી ચૂંટણીમાં વધારાના મતનું પ્રમાણ બાંધેલું નહિ હોવાથી એકંદર વધારાના જોર પર હિંડનબર્ગ પાછા પ્રમુખપદે આવ્યા.

જર્મનીના પ્રધાન સંસ્થાન પ્રશિયામાં હિટલરની જબરી આણ વર્તે છે, અને લોકપ્રવાહ વધુ ને વધુ એ તરફ વળતો જાય છે. પરિણામે જર્મનીમાં નાઝી પંથ વધતો જ જાય છે. હિંડનબર્ગના કારભારીઓ ઉપર પણ તેના મતની છાયાઓ પડેલી છે, કારણકે તે તંત્ર તરફથી પણ જાહેર થયું છે કે હવે જર્મની વધુ નુકસાની ભરી શકશે નહિ અને ભરશે પણ નહિ.

વર્સેલ્સની સંધિને લીધે જે ગરીબી ને દુઃખ જર્મનીને વેઠવાં પડ્યાં છે તેનાથી ત્રાસી જર્મનોની મોટી સંખ્યા દુનિયાનાં કરજને ચુકાવવાની સામે ઊઠી છે. હિટલરે આ પરિસ્થિતિ અતિ ક્રૂરપણે પ્રકટ કરી બતાવી છે એટલે તેની આણ વધવાની જ.

### જાપાન

જાપાને લાંબા વખતથી મંચુરિયા ઉપર ડોળો માંડ્યો હતો. મંચુરિયા એ ચીનનો સૌથી સમૃદ્ધ પ્રાંત છે. ત્યાંની મુખ્ય નિકાસ Humble soya bean છે અને પૂર્વ દેશોમાં તે મુખ્ય ખોરાક છે. ગયા સપ્ટેમ્બરમાં લડાઇ જાહેર કર્યા વિના જ જાપાને મંચુરિયા ઉપર ચડાઈ કરી. ચાર માસમાં તેણે એ પ્રાંતનો બધો દક્ષિણ પ્રદેશ સર કરી લીધો અને ચાઈનીઝ ઇસ્ટર્ન રેલવે સુધી ઉત્તરમાં હદ વધારી. આ જ વર્ષના ફેબ્રુઆરી માસમાં મંચુરિયામાં 'મંચૂકૂ' નામે એક સ્વતંત્ર સંસ્થાન જાહેર કર્યું અને ચીનના પદભ્રષ્ટ બાળ પાદશાહ હેન્રી પુ-યી ને તેનો વડો બનાવ્યો તથા તેમાં ઘણા ચીની અમલદારો નીમ્યા. પણ બધાને ખબર છે કે જાપાની રક્ષણ અને સત્તા નીચે તેઓ માત્ર પૂતળાં જ હતાં. તે પહેલાં જાન્યુઆરીની ૨૮મીએ બીજું પગલું જાપાને એ લીધેલું કે તેણે હજાર જાપાની ખલાસીઓ અને દરિયાઇ સિપાઇઓ ચીનના મુખ્ય બંદર શાંઘાઇમાં ઉતાર્યા અને શહેરના ચાપેઇ નામના ભાગ ઉપર હુમલો લઇ ગયા. કારણમાં એમ બતાવ્યું કે શાંઘાઇમાં વસતા જાપાની વેપારીઓને ચીનાઓના હુલ્લડ સામે રક્ષણ આપવા માટે એમ કરવું પડ્યું. પણ ખરૂં કારણ તો ચીને જાપાનના માલનો બહિષ્કાર જાહેર કરી તેના વેપારને ધૂળ મેળવ્યો તેનું વેર લેવાનું હતું. આ હુમલો આખી દુનિયાની શાંતિને ભય રૂપ હતો; કારણકે શાંઘાઇ જેટલું ચીનાઇ વસ્તીવાળું છે તેટલું જ દેશાવરદેશના વેપારીઓથી વસેલું છે. બધાને લાગ્યું કે ચીનના મોટાં વેપારી મથકો એક પછી એક હાથ કરવાની નેમ આ ચડાઇમાં છે, કારણકે ચાળીસ કરોડની

વસ્તીવાળો ચીન દેશ દુનિયાની મોટામાં મોટી બજાર થઇ શકે.

શાંઘાઇમાં ઊતરેલા એ નાનકડા જાપાની લશ્કરમાં પાછળથી નવી પૂરતી થઇ એટલે સોળ માઇલના વિસ્તારમાં ચીન સામે જાપાને મોરચા માંડ્યા. ૨૫૦૦૦ જાપાની સૈનિકોએ કેટલા યે દહાડા સુધી મોટી તોપો, ટૅંકો ખલૂનો અને હાલનાં નાશકારક યુદ્ધશસ્ત્રોથી ચીનાઓની મોટી સંખ્યાનો ઘાણ કાઢી નાખ્યો. એમાં થએલી નુકસાની એક કરોડ પાઉન્ડની ગણાય છે; ત્રણ યૂનિવર્સિટીઓનો તેમાં ખુરદો થઇ ગયો અને બધાં મળી દશ હજાર માણસો મૃત્યુવશ તથા અપંગ બન્યાં. બધાને લાગ્યું કે એક મહા ભયંકર વિગ્રહનો પ્રારંભ થઇ ચૂક્યો. યુરોપમાં આ પ્રસંગથી ખળભળાટ મચી ગયો. કેટલીક યુરોપી પ્રજાઓ અને અમેરિકાએ પોતાની યુદ્ધનૌકાઓ અને સૈનિકોને શાંઘાઇ તરફ રવાના પણ કરી દીધાં. અમેરિકાએ ચીન અને જાપાનને ખરીતો મોકલ્યો કે તેઓ જાપાને મંચુરીઆ પર કરેલી જીતને ગેરકાયદેસર ગણશે. એ જ વખતે જીનીવા ખાતે શસ્ત્રપરિત્યાગ માટે મળેલી પરિષદને અંગે પ્રજાસંઘની બેઠક ચાલતી હતી તેણે પણ જાપાનને ચેતવણી આપી કે તેની રીતભાત હરામી ગણાશે.

થોડો વખત એવું દેખાયું કે જાપાન પ્રજાસંઘની અવગણના કરશે અને સંઘમાંથી રાજીનામું આપશે; પણ મે માસના પ્રારંભમાં ચીન અને જાપાન વચ્ચે સન્ધિ જાહેર થઇ તેને અંગે શાંઘાઇની આસપાસ ચીનાઇ સૈન્ય ગોઠવાએલું રહેશે, પણ જાપાનીઓ એક માસમાં ખાલી કરી જાય એવું ઠર્યું. એ ખાલી કરી જતું લશ્કર મંચુરિયા રવાના કરવામાં આવ્યું છે.

જાપાનને ઠેકાણે લાવવામાં ચારે તરફનું દબાણ ઘણું કારણભૂત છે. બીજું કારણ જાપાનમાં ઉદાર મતવાદી મુત્સદીઓ તથા લશ્કરવાદીઓ વચ્ચે ચૂંટણીમાં હરીફાઇ ચાલતી હતી તે પણ હોય. મુત્સદીઓ પશ્ચિમના વિચારો, પશ્ચિમના પ્રજાવાદ અને મૈત્રી તેમજ સુલેહ સાચવવાના મતના છે; લડાયક સ્વભાવના નેતાઓ જાપાનને પહેલાંની પદ્ધતિ પર રાજ્યકારભાર કરવા આગ્રહ કરે છે. સંધિબંધિ ધોળી પી જાવી અને મુક્કો બતાવી જોઇએ તે હાથ કરવું એ તેમની નીતિ છે.

(અંગ્રેજી ઉપરથી)

## સ્વદેશી

આજની 'સ્વદેશી' પ્રવૃત્તિ એ 'સ્વદેશી'નો ત્રીજો અવતાર છે. પહેલો અવતાર આજથી પચાસસાઠ વર્ષ પર થયો હતો. મહર્ષિ રાનડે, જેમની આર્ષદૃષ્ટિમાંથી વર્તમાન હિંદુસ્તાનની સઘળી સુધારણા ઉદ્ભવે છે, તે એના લગભગ આદ્યદ્રષ્ટા હતા. પણ તે જમાનામાં સ્વદેશી વસ્તુપ્રચારનો પ્રયત્ન સફળ ન થયો; કેમકે નવા ઉદ્યોગો સ્થાપનાર પાસે જોઇતી મૂડી નહિ, જેમની પાસે મૂડી તેમને કાળજે દેશહિત હજી લાગેલું નહિ, શિક્ષિતોમાં જોઇતું ઔદ્યોગિક કૌશલ નહિ, અને લોક હજી પશ્ચિમની કારીગરીના મોહથી અન્ધ: 'કન્ટ્રી' નામ હૃદય સાથે પ્રેમથી ચાંપવાનું નહિ, પણ હલકી કારીગરી માટે તિરસ્કારવાચક શબ્દ! આ પ્રમાણે પ્રથમ યુગ ઋષિઓનો, પણ સાધકોનો નહિ.

'સ્વદેશી'નો બીજો અવતાર ૧૯૦૫માં બંગભંગને પરિણામે થયો. એ વખતે ઉત્સાહ પુષ્કળ; 'સ્વદેશી'નાં વાદિત્ર સુમધુર અને ઉચ્ચ સ્વરે વાગ્યાં; પ્રથમ યુગ જેવી મંદતા નહિ, એટલું જ નહિ પણ કૌશલ પણ પહેલા યુગ કરતાં વધારે હતું; મૂડી પણ પડદામાંથી નીકળી. પરંતુ નવા ઉત્સાહથી દોડતાં, સ્વાભાવિક રીતે એણે ઠોકરો ખાધી. તોપણ એ પ્રવૃત્તિએ પ્રજાનું દૃષ્ટિબિંદુ હમેશ માટે ફેરવ્યું એમ કહીએ તો ચાલે. પણ વસ્તુતઃ કાર્ય થયું તેના પ્રમાણમાં અવાજ વધારે થયો; કારણકે ખરૂં જોતાં એનો પ્રયોજક હેતુ ઔદ્યોગિક નહિ પણ રાજકીય હતો; અન્તરંગ નહિ પણ બહિરંગ હતો. એનો પોતાનો નહિ, પણ પારકો હતો. દરેક પ્રવૃત્તિ જ્યારે એના પોતા ખાતર કેળવાય ત્યારે જ તે જોઇએ તેવી સફળ નીવડે છે.

આજની આપણી 'સ્વદેશી' પ્રવૃત્તિ એ સ્વદેશીનો ત્રીજો અવતાર છે, અને આપણે આશા રાખીશું કે એ સર્વથા દેશના આર્થિક ઉદ્ધારના હેતુથી પ્રેરિત હોઇ ચિરંજીવી નીવડશે. કોઇની એવી સમજણ હોય કે 'ભણ્યોગણ્યો તે નામું લખે, અને ન ભણ્યો તે દીવો ધરે' એ ન્યાયે ઉત્તમ રાષ્ટ્રસેવકો તો કેદમાં જ જાય, અને કેદમાં ન જઇ શકે તે જ આજે સ્વદેશી પ્રદર્શનો ભરી દેશને ગૌણ પ્રકારની સેવા કરે, તો એવાઓને નમ્ર નિવેદન છે કે આ માનવું ભૂલભરેલું છે. સહુ ભાઇઓને આટલું શાંતિથી વિચારવા વિનતિ છે કે દેશ જ્યારે સ્વરાજ્યનું યુદ્ધ લડી થાક્યોપાક્યો અને ભૂખથી મરતો તમારે આંગણે આવશે તે વખતે તમે એને શું આપશો? અન્ન માગશે તે વખતે કાઉન્સિલના પથ્થરથી કામ નહિ સરે. ક્ષેત્રો ખેડી અન્ન પકાવી રાખ્યું હશે તો જ દેશને તે વખતે જીવતો રાખી શકાશે. અમારૂં લેશમાત્ર પણ એમ કહેવાનું તાત્પર્ય નથી કે દેશના ઉદ્યોગને અને રાજકીય પ્રવૃત્તિને કાંઇ જ સંબંધ નથી. રાજ્ય દેશના ઉદ્યોગોને ખીલવવા માટે કેટલું મહાન કાર્ય કરી શકે એનાં ઘણાં દૃષ્ટાંત વર્તમાન સમયમાં આપણાં નેત્ર આગળ ઊભાં છે. જર્મની જે સો વર્ષ ઉપર માત્ર જગતની પાર રહેલા (Metaphysical) તત્ત્વની શોધમાં ગૂંથાએલું રહેતું તેને એના રાજ્યતંત્રીઓએ વિવિધ પ્રકારની કેળવણી વડે જગતના પ્રથમ પંક્તિના ઉદ્યોગકુશલ દેશ તરીકે આગળ લાવી મૂક્યું. જાપાન જે પોણોસો વર્ષ ઉપર પુરાણા જમાનાનો ઊંઘતો દેશ હતો એને એના રાજ્યતંત્રીઓએ યુદ્ધકળામાં અને ઔદ્યોગિક કુશળતામાં તથા વેપારની યુક્તિમાં યુરોપને સ્પર્ધા કરાવે અને પ્રસંગ આવતાં ટક્કર મારે એવી સ્થિતિમાં મૂકી દીધો. રશિયા જે વીસ વરસ ઉપર કેવળ ઉદ્યોગહીન દેશ હતો—એવો જડ કે 'જેને એક ઉંદરિયું (Mousetrap) બનાવવા જેટલી પણ બુદ્ધિ ન હતી'—એ રશિયામાં સોવિયેટ રાજ્યે (પ્રજાસમષ્ટિરૂપ રાજ્યતંત્રે) એની પાંચ વર્ષની ઔદ્યોગિક યોજના વડે બીજા ઔદ્યોગિક દેશોને ખળભળાવી મૂક્યા છે. ઇટલી જે દસકા

ઉપર એક જૂનાં ખંડિયેરોનો દેશ હતો એને એના મહાન રાજ્યતંત્રી મુસોલિનીએ એવો દીપિમંત કરી મૂક્યો છે કે બીજાં રાજ્યો એના પ્રતિ આશ્ચર્યથી વિકસેલી આંખે જુએ છે. ટૂંકામાં અત્યારે એમ સિદ્ધાંત રૂપે મનાઇ ચૂક્યું છે કે જેમ વર્તમાન યુગમાં કોઇપણ ધંધો નાના પાયા ઉપર ફતેહમંદ ન થઇ શકે તેમ કોઇપણ દેશના ઉદ્યોગ એકાદ વ્યક્તિના પરાક્રમથી સફળ ન થાય; એને રાજ્યનો આશ્રય અને રાજ્યનું ઉત્તેજન અવશ્ય જોઇએ ...... હિંદને મહાત્મા ગાંધીજીએ જે એક મહાન સત્ય સમજાવ્યું છે અને ઉપદેશ્યું છે તે પ્રમાણે હવે પ્રજાએ પરાશ્રય છોડી, આત્માવલંબી થઇ, પોતાનું ભવિષ્ય જેટલાં સાધન હોય તેટલાં સાધનથી ઘડવા બેસી જવું એ જ ઉત્તમ માર્ગ છે. આ જ ખરૂં રાજ્યતંત્રનું સમકક્ષ પ્રજાતંત્ર છે. હિંદે હવે પરમુખપેક્ષી ન થતાં, પોતાના હાથ, પગ અને ખભા ઉપર દૃષ્ટિ નાખી, એના બળ ઉપર જ ઝઝૂમવાનો નિશ્ચય કરવો જોઇએ. બંગભંગ વખતે જન્મેલા આ સિદ્ધાંતને અત્યારે ગાંધીજીએ સર્વમાન્ય કરી આપ્યો છે. આપણા દેશના આ નવીન માનસનો આવિષ્કાર આ 'સ્વદેશી' ઉદ્યોગની પ્રવૃત્તિમાં થાય છે, અને પ્રજા જો આ સ્વદેશીનું વ્રત અસ્ખલિત રીતે પાળશે તો જકાતની દિવાલો જે કાર્ય નહિ સાધી શકે તે એ વ્રત સાધી આપશે.

... આ સ્થળે એક બીજી ચેતવણી આપવાની પણ જરૂર છે. અમે ઘણા સ્વદેશી કાપડના આગ્રહી એવા જોયા છે કે જેઓ એક તરફ ખાદી પહેરે તો બીજી તરફ સેંકડોનો પરદેશી માલ ખરીદે! આ ખરૂં સ્વદેશી વ્રત નથી. સ્વદેશી વ્રત એ એક શુષ્ક આચાર નથી, પણ માનસિક સ્થિતિ છે કે જેમાંથી આચાર, ડાળમાંથી પુષ્પની માફક સ્વાભાવિકતાથી ઊગે છે. અને એ માનસિક સ્થિતિ એકવાર બંધાઇ ગઇ એટલે એ સમસ્ત જીવનમાં વ્યાપક થઇ સમજવી. આનો અર્થ એ નથી કે સ્વદેશાભિમાનથી અલિપ્ત રીતે સૌંદર્ય વગેરે ગુણો, 'ગુણાઃ પૂજાસ્થાનં' એ ન્યાયે આપણે પારખી કે સત્કારી ન શકીએ; પણ એ જ સૌંદર્યપૂજાથી અલિપ્ત રૂપે આપણું સ્વદેશી વ્રત પણ પાળી શકીએ. પારકી વાડીનાં પુષ્પ ઉપર કેવળ મુગ્ધ ન થતાં એવું જ વૃક્ષ આપણે આપણી વાડીમાં પણ વાવી-ઉછેરી શકીએ, અને તે પારકાની ઇર્ષ્યાથી નહિ પણ જગતમાં સૌંદર્યને અનેકગણું વિસ્તારવાના શુભ આશયથી. જેમ એક રાષ્ટ્રના જનસમાજમાં ધન, બુદ્ધિ કે સંસ્કૃતિ એક વર્ગમાં જ પૂરાઇ રહે એ અનિષ્ટ છે, તેમ પૃથ્વીનાં અનેક રાષ્ટ્રોના સમુદાયરૂપ મનુષ્યજાતિમાં પણ અમુક જ રાષ્ટ્ર ધન, બુદ્ધિ અને સંસ્કૃતિનો ઈજારો ભોગવે એ અનિષ્ટ છે. જેમ વિવિધ પ્રજાઓ પોતાની વિવિધ શક્તિ અને રુચિ અનુસાર ધન, બુદ્ધિ અને સંસ્કૃતિનાં વિવિધ રૂપ કેળવે, તેમ જ મનુષ્યજાતિના જીવનની સિદ્ધિ; નહિ કે અમુક જ પ્રજાને એ સૌભાગ્ય હોય, અને બીજી નિર્ધન, જડ ને પશુ સમાન જીવન ગાળે. આટલા માટે જ અમે સ્વદેશી વ્રત ધારણ કરીએ છીએ અને સ્વદેશી વ્રતનો આ હેતુ જ ભારતદેશના ભૂતકાળને શોભતો છે. એ દેશે અન્ય દેશ સાથે વેર બાંધવાનો, એને જીતવાનો, એને નિર્ધન કે ગુલામ બનાવવાનો કદી આશય રાખ્યો નથી, એણે એનાં સામ્રાજ્ય તો હમેશાં મનુષ્યની મનુષ્યતા વિસ્તારવા માટે જ એશિયા માઇનોર, ચીન, જાપાન, મોંગોલિયા, કામ્બોડિયા, બોર્નિઓ, સુમાત્રા, જાવા, સિંહલદ્વીપ આદિ સ્થળે વિસ્તાર્યાં છે.—'વસંત'

## કલકત્તા યુનિવર્સિટીનું પ્રશંસાપાત્ર પગલું

કલકત્તા યૂનિવર્સિટીની સેનેટની કમિટિએ હમણાં માધ્યમિક કેળવણી વિષે નવી નીતિ અખ્ત્યાર કરવાની ભલામણ કરી છે અને તેમાં બંગાળામાં પ્રચલિત ચાર મુખ્ય દેશી ભાષાઓ દ્વારા શિક્ષણ આપવાની ગોઠવણ કરવાનું જણાવી તે સાથે રાજભાષા અંગ્રેજીનું શિક્ષણ પણ નબળું ન પડે તેવાં પગલાં લેવાનું ઠરાવ્યું છે. આથી બંગાળાની સરકારની સાથે સેનેટને કેટલીક અથડામણ થશે એ વાત ખરી છે; પણ આશા છે કે તે વિજયથી નીવડશે અને તેનો દાખલો બીજી યૂનિવર્સિટીઓને ધડો લેવા લાયક બનશે. કમિટિએ સૌથી અગત્યની જે ભલામણ કરી છે તે તો એ છે કે મૅટ્રિકની પરીક્ષામાં એક અંગ્રેજી સિવાય બીજા વિષયોમાં વિદ્યાર્થીઓને માતૃભાષામાં જવાબો આપવાની છૂટ આપવી. એ ઉપરાંત વિદ્યાર્થીઓને મૅટ્રિક પછી વ્યવહારમાં કામ લાગે એવા, ટાઇપરાઇટિંગ, દેશી અને અંગ્રેજી નામું, વ્યાપારવણજ, શૉર્ટહૅન્ડ, અને બાગવિદ્યા, ખેતીવાડી, સુતારી વગેરે કામનું શિક્ષણ પણ આપવાની ભલામણ કરી છે. તેવી જ રીતે કુમારીઓને ગાયન, વાદન, ભરત, ગૂંથણકળા, રંગાટકામ, સૂપશાસ્ત્ર વગેરેનું જ્ઞાન આપવાની ભલામણ કરી છે, અને તેમાં ડિપ્લોમા આપવાનું જણાવ્યું છે. આ સર્વ ભલામણોમાં દેશી ભાષાનું પ્રભુત્વ તેણે સ્વીકાર્યું છે એ ખાસ વખાણવા લાયક છે. આ આખી યોજના વિચારવા જેવી છે, અને તેનો સ્વીકાર થાય તો દેશને અત્યંત લાભકર્તા થઇ પડે તેવી છે. કહેવાય છે કે આ ભલામણ નવી નથી. ઘણાં વર્ષો પૂર્વે યૂનિવર્સિટીની સેનેટે તે સ્વીકારી હતી, પણ સરકારે તે ઉડાડી દીધી હતી. અંગ્રેજી કેળવણીનું ધોરણ નબળું નહિ પડવા દેવું એવું કમિટિએ ઠરાવેલું છે, તેથી અગાઉનું તેને ઉડાડી દેવાનું બહાનું વાપરવાની સરકારને હવે તક નહિં મળે. છતાં આ ભલામણોનું છેવટ શું આવે તે બીજા પ્રાંતના લોકોને જાણવા જેવું થઈ પડશે. ('ગુજરાતી')

## હિંદુસ્તાનની યૂનિવર્સિટીઓનો વિધાતા

ગણિતનો જેને સાવ કંટાળો હતો એવા મૅકૉલે નામના એક છોકરાએ હિંદુસ્તાનની હાલની કેળવણીના પાયા નાખ્યા એ નવાઇ જેવી વાત છે ને? તેનો બાપ બહુ જ તવંગર હતો અને ખૂબ જ સખાવતો કરતો. તેને લઇને કાળાંતરે તે ગરીબાઇમાં આવી ગયો. તેનો દીકરો, આપણો ટૉમસ બૅબિંગ્ટન મૅકૉલે, ખૂબ ભણીગણી બૅરિસ્ટર અને પાર્લમેંટનો મેમ્બર બન્યો હતો. તેને માથે કુટુંબનો બોજો સાચવવાની ફરજ આવી પડી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીને એ અરસામાં એક કાયદાબાજ સલાહકાર રાખવાની જરૂર પડી અને તે માટે મૅકૉલેને પૂછ્યું. પગાર બહુ ભારે મળવાનો હતો; મહિને સાડા બાર હજાર રૂપિયા! એટલે સાહેબે પાર્લામેંટમાંથી રૂખસદ માગી અને આવ્યા હિંદુસ્તાન. ઈ.સ. ૧૮૩૪ની એ સાલ હતી.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીને એ અરસામાં ગુમાસ્તા કારકુનો સંખ્યાબંધ જોઇતા હતા, પણ ભાષાની મૂંઝવણ બહુ પડતી. એથી અંગ્રેજોને દેશી ભાષા શીખવી પડતી અને અંગ્રેજી સમજનારા દેશી કારકુનો પણ ભારે પગાર માગતા. આ સ્થિતિ જોઇ મૅકૉલેએ સૂચના કરી કે કેટલાક દેશીઓને કારકુની કામની તાલીમ આપી તૈયાર કરવા જોઇએ. એ પરથી એક નાની નિશાળ કાઢી. ત્યાં અંગ્રેજી, હિસાબી કામ અને થોડુંઘણું પરચુરણ જ્ઞાન અપાતું. એ શાળાનો ઘણાઓને મોહ લાગ્યો. અંગ્રેજી ભણનાર હોશિયાર ગણાવા લાગ્યો વળી તેનો લાભ પણ ભારે મળતો, કેમકે ઇસ્ટ ઇન્ડિયા કંપની અંગ્રેજી ભણેલાને સારો પગાર આપતી.

ધીમેધીમે કેટલાક હિંદી શ્રીમાનોએ એ નમૂના પર નિશાળો કાઢી. તે માટે ખાસ યુરોપથી શિક્ષકો લાવવામાં આવતા. કામ આગળ વધતાં આખા હિંદમાં યુરોપના નમૂના પર નિશાળો અને કૉલેજો થઇ. મૅકૉલે સાહેબે તો ચાર વર્ષમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની નોકરી પૂરી કરી, અને તે દરમિયાન લખલૂટ દોલત મેળવી પછી પાછા વતનમાં જઇને તેમણે તો રાજદ્વારી અને સાહિત્યપરાયણ કારકિર્દીમાં ઝુકાવ્યું. એ જ તેનું મનગમતું ક્ષેત્ર હતું. રાજકીય અને સાહિત્યનાં અનેક પુસ્તકો તેણે લખ્યાં અને ખૂબ પ્રસિદ્ધિ મેળવી યુદ્ધમંત્રીનું પદ મેળવ્યું, અમીર બન્યો અને અંતે લૉર્ડ મૅકૉલે થયો.

### ફુદીનો

આપણે જેને ફુદીનો કહીએ છીએ તેને સંસ્કૃતમાં પુદીન, મરાઠીમાં પુદીના, હિંદીમાં ફુદીના અને અંગ્રેજીમાં મીન્ટ કહે છે. તેની વિશેષ ઉત્પત્તિ ખાસ કરીને ચીનમાં થાય છે. એનાં નાનાંનાનાં ઝાડ થાય છે. એને તુલસીની જ એક જાત કહી શકાય. એનાં પાંદડાં તુલસીના પાનને કંઇક અંશે મળતાં પણ તેનાથી કદમાં સહેજ નાનાં અને ગોળ હોય છે.

ફુદીનો અજીર્ણનાશક, પાચક છે. અજીર્ણ ઉપર ફુદીનાનો અર્ક સાકર સાથે લેવાય છે. વળી એ સ્વાદિષ્ટ અને મોંમાં અમી ઉત્પન્ન કરે છે એટલે માંદા માણસોને ફુદીનાની ચાહ આપવામાં આવે છે. આ ઉપરાંત તેનો રસ ચાઠાં ઉપર ચોપડવાથી તે મટે છે. તેમ જ ઉધરસ, અતિસાર અને મૂર્છા ઉપર એનો રસ ઘણો ફાયદાકારક છે. અર્ધો તોલો ફુદીનાના રસમાં તેટલો જ આદુનો રસ મેળવીને તેમાં એક માસો સિંધવ નાખી શૂળના દર્દીને પાવાથી આરામ થાય છે ફુદીનાનાં પાન અગર તેનો રસ નાગરવેલના પાન સાથે ખાવાથી વીંછીનું ઝેર ઊતરે છે.

ફુદીનાની ચટણીનો સ્વાદ તો ઘણાખરાએ કર્યો હશે. ફુદીનો, ખારેક, કાળી દ્રાક્ષ ને મરીને લસોટી તેમાં સિંધવ, હિંગ ને જીરૂ નાખેલી ચટણીમાં લીંબુ નીચોવી સેવન કરવાથી અરુચિ મટી જઇ મોંમાં અમી છૂટે છે.

### રૉબો

માણસનું કામ કરી આપનારાં યંત્રોને રૉબો કહે છે. તે અંગ્રેજીમાં Robot લખાય છે તેનો ઉચ્ચાર રૉબો થાય છે. આપણાં મોટાં સ્ટેશનો પર એક આનો નાખતાં પાસ મળે છે તેમ યુરોપમાં ઘણે ઠેકાણે યંત્રો ફોટોગ્રાફ પાડે છે, સીગાર કે જરૂરની ચીજો વેચે છે. અમેરિકામાં તો એવા સંચાને ઉપરથી માણસનું સ્વરૂપ આપે છે અને ઘણે ઠેકાણે તો પધારો, આવજો, સાહેબજી, વગેરે વાક્યો પણ એ સંચા બોલે છે.

## અથાણું

(બે ગુણ)

એક ધંધાદારીએ તેના પુત્રને શિખામણ આપી કે ધંધામાં વધવું હોય ત્યારે બે ગુણ અવશ્ય રાખવા.

'તે કયા?' છોકરાએ પૂછ્યું.

'પ્રામાણિકપણું અને અગમચેતી.'

'પ્રામાણિકપણું કોને કહેવું?'

'ગમે તેવું દુઃખ પડે તોપણ આપેલું વચન પાળવું તે.'

'અને અગમચેતી એટલે?'

'વચન આપવું જ નહિ તે.'

卐

એક ડોશીમાએ દોરડાની ખેંચખેંચાની હરીફાઇ પહેલી વાર જોઇ એટલે બોલી ઊઠયાં: 'અરેરે! એમ તે એ તૂટે? છરી લઇને વચમાંથી કાપી નાખોને?'

卐

રમુ: બા, કાકાએ કહ્યું કે હું તને જન્મદિવસે ચાંદીનો ચમચો ભેટ આપીશ. પણ આ તો કોઇ બીજી સફેદ ધાતુનો લાગે છે.

બા: પણ તું ચાંદી ને બીજી ધાતુ ઓળખી જાણે છે?

રમુ: ઓળખી નથી જાણતો; પણ કાકાનો સ્વભાવ તો જાણું છું ને?

卐

એક ખેડુતની ગાય બહુ મસ્તીખોર હતી અને તેથી તેને દોહવાનું તદ્દન અશક્ય હતું આથી ખેડુતે તેને એક માણસ સાથે પાસેના મેળામાં વેચવા માટે મોકલી. જે માણસ ગાયને લઇ ગયો હતો તે ધારવા કરતાં ઘણા પૈસા લઇને આવ્યો. આથી ખેડુતે તેને પૂછ્યું 'તેં ગ્રાહકને ગાય વિષે સાચી બીના કહી હતી?' પેલા માણસે જવાબ આપ્યો 'ગ્રાહકે મને પૂછ્યું કે "ગાય કેટલું દૂધ આપે છે?" ત્યારે મેં કહ્યું, અરે તમે દોહતાં થાકી જશો.'

એક જુવાન રીપોર્ટરે પોતાના છાપા માટે બર્નાર્ડ શૉની મુલાકાત માગી તેના જવાબમાં શૉએ હજારેક શબ્દોનો ઉત્તર ઘડી આપ્યો ને પૂછ્યું, 'આનાં મને કેટલાં નાણાં મળશે ?' રીપૉર્ટર તો આભો જ બની ગયો. એક હજાર શબ્દો મફતમાં માગવાની ધૃષ્ટતા કરવા માટે તેના પર બખાળા કાઢતાં શૉએ પૂછ્યું, 'તને પોતાને શો પગાર મળે છે ?' 'અઠવાડિયે પાંચ પાઉન્ડ' 'બસ ? ઠીક, જા; તારા તંત્રીને કહે કે તને સાત પાઉન્ડ કરી આપે તો આ લખાણ હું આપું' રીપોર્ટર હરખભેર ઉપડ્યો; પણ બીજે દહાડે આવીને કહ્યું કે 'તંત્રી તો માત્ર એક જ પાઉન્ડ વધારવાનું કહે છે. 'એટલું તો એટલું.' હસીને શૉએ તેને લખાણ સોંપતાં કહ્યું, 'ન મામા કરતાં કે'ણો મામો શો ખોટો ?'

અનેકાર્થી શબ્દ: **પાટ**–મોટો પાટલો, બાજઠ; થાન, તાકો; મોટું તામ્રપત્ર; પૂજ્ય વ્યક્તિઓને માટે પગ દઇને ચાલવા સારૂ વાટમાં પાથરવામાં આવતાં કપડાં; જમીનનો લાંબો વિસ્તાર; ઘણા બેસી શકે તેવી બેઠક; બેથી વધુ નગનો સામટો વણાટ; ચેણુંને પહેરવાનો ફાળ: ઢોરને પાણી પાવાની નાની તળાવડી: આક બોલવા તે: રાજગાદી. માનભરી જગ્યા.



બેલ્જિયન કૉંગો ના બુદકીનો આ રાજા 'મુશીદી' ૯૧૦ બાળકોનો પિતા હતો!

સ્વાતંત્ર્ય એ રાજ્યના સ્વરૂપમાં નથી: સ્વાધીનતા રાજ્યતંત્રની ગૂંચોમાં નથી: એ તો રહ્યાં લોકસંગ્રહના આત્મબળમાં. જેનો આત્મા બળવાન હોય તેની સ્વાધીનતા કોણ છીનવી લઇ શકે?

(મુનશી દંપતી)

જેના પહેલો ને છેલ્લો આંકડો સરખા ન હોય એવી ત્રણ આંકડાની રકમ લો. તેને અવળી કરી નવી રકમ બનાવી તે બંનેની બાદબાકી કરો. તો બાદબાકીમાં હમેશાં એક નવડો આવશે, બાકીના બે આંકડાઓનો સરવાળો નવ થશે, અને આખી રકમને નવ વડે ભાગી શકાશે.

ખોટી કહેવતો: 'કમળો હોય તે પીળું જ દેખે' એ વાત વૈદકીય દૃષ્ટિએ ખોટી છે. કમળાવાળાની આંખ જ માત્ર પીળી હોય છે; તે પીળું જોતો નથી હોતો.

હળદરની ધુમાડીથી હિસ્ટીરિયા શમે.

**જાદુઇ ચોરસ**

નીચેના ચોરસમાં ૧થી ૩૬ સુધીના આંકડા ગોઠવ્યા છે અને દરેક આડી તથા ઊભી લીટીનો સરવાળો ૧૧૧ થાય છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ૩૦ | ૨૭ | ૧૦ | ૨૫ | ૧૧ |
| ૩૫ | ૬ | ૩૩ | ૩૪ | ૧ | ૨ |
| ૧૭ | ૧૩ | ૨૨ | ૨૧ | ૨૪ | ૧૪ |
| ૨૦ | ૧૯ | ૧૬ | ૧૫ | ૧૮ | ૨૩ |
| ૫ | ૩૧ | ૪ | ૩ | ૩૬ | ૩૨ |
| ૨૬ | ૧૨ | ૯ | ૨૮ | ૭ | ૨૯ |

William sex quickly caught five dozen republicans એ વાક્યમાં બધાં ચૌદ મૂળાક્ષરો આવી જાય છે!

પોપટ જીભેથી કદિ બોલતો નથી. કંઠમાંથી અવાજ કાઢે છે.

વીંછી કરડેલા અંગની સામેના નસકોરામાં (એટલે ડાબે અંગે કરડ્યો હોય તો જમણા નસકોરામાં) હળદરની ધુમાડી જોરથી લેવડાવવાથી વીંછી ઊતરશે.

૧૩૬½ કેરેટ વજનનો ફ્લૉરેન્ટાઇન નામનો અમૂલ્ય ગણાતો હીરો એક ખેડૂતે પાંચરૂપિયાથી પણ ઓછે વેચી મારેલો.

મોં પર દસેક મિનિટ ભીનો રૂમાલ બાંધી વાળને પલાળી રાખવાથી ઘણી જ સહેલાઇથી હજામત થઇ શકશે.

નવસાર ને ફટકડી સરખે ભાગે લીંબુના રસમાં ઘસી ચોપડવાથી દાદર મટશે.

આજે ઇંગ્લંડમાં માનીતી થએલી ફુટબૉલની રમત રમવી એ ઇંગ્લંડના ૮મા હેન્રી રાજાના વખતમાં ગુનો ગણાતો.

દક્ષિણ અમેરિકામાં થતા 'સ્ટેવિયા' નામના એક છોડનાં તત્ત્વો સાકર કરતાં ૩૦૦ ગણાં મીઠાં હોય છે. (હ.કા.)

લંડનના એક પ્રદર્શનમાં દુનિયાનાં હલકામાં હલકી એલ્યુમિનિયમની સીડી આવી હતી: ચાર ઔંસ વજનની. (હ.કા.)



જર્મનીમાં એલ્બ નદીને કાંઠે આવેલા આ ભૂખ્યા (ખપ્પર) ખડક વિષે એવું અપશુકન મનાય છે કે એલ્બનાં પાણી જ્યારે તેના પર અમુક નીચાણે આવે ત્યારે જર્મની પર આપત્તિ આવી પડે, અને છેલ્લાં ૫૦૦ વર્ષ થયા આ અચૂક બનતું આવ્યું છે. તેના પર ઓછામાં ઓછી પાણીની સપાટી ઇ.સ ૧૯૧૮માં આવી હતી (જ્યારે જર્મની મહાયુદ્ધમાં હારેલું જાહેર થયું અને તેના પર આકરો યુદ્ધદંડ ઠોકાયો) ચિત્રમાં તેના પર લખેલા અક્ષરોનો અર્થ એવો થાય છે કે 'જ્યારે મને જુઓ ત્યારે રડો.'

કુમારના આ અંકનો વધારો.

॥ ॐ શ્રી ॥

**ગેરંટી.**

કોઇપણ ગ્રાહક ડીક્ષનેરી મળ્યા પછી એવું સાબિત કરી શકશે કે સદર ડીક્ષનેરી શબ્દો, અધરવર્ડસ, વિવેચન છપાઇ તથા બંધામણી સંબંધમાં આજસુધીમાં પ્રકટ થયેલીબીજી કોઇની પણ ડીક્ષનેરી કરતાં કિમતના પ્રમાણમાં ઉતરતી છે, તો તેને પૈસા પાછા આપવામાં આવશે એટલુંજ નહિ પણ લીધેલી ડીક્ષનેરી પણ બક્ષિસ કરવામાં આવશે.

વ્યાસ અને પટેલ કૃત

## ધી કોન્ડેન્સ્ડ ઈંગ્લીશ—ગુજરાતી

# ડીક્ષનેરી.

**( સૂધારા વધારા સાથેની નવિન આવૃત્તિ )**

વ્યાસ અને પટેલની ડીક્ષનેરીઓથી ભાગ્યેજ કોઈ અન્તણ્યું હશે. ધી કોન્ડેન્સ્ડ ઇંગ્લીશ-ગુજરાતી ડીક્ષનેરી ખાસ કરીને સાધારણ રીત્યે સર્વ કોઈના ઉપયોગમાં આવે અને સાધારણ કિમતમાં મળી શકે તે હેતુ ધ્યાનમાં રાખી યોજવામાં આવી હતી. આગળ વધતા જમાનાની સાથે તેમાં પણ સૂધારા વધારાની જરૂર જણાયાથી નવિન શબ્દોનો ઉમેરો તેમજ ચાલુ શબ્દોમાં નવિન વસ્તુનો વધારો અને રહી ગયેલી ભૂલોનો સુધારો કરીને આ આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. તેમાં પ્રથમની શૈલી પ્રમાણેજ **મુખ્ય શબ્દ, ગુજરાતીમાં તેનો ઉચ્ચાર, પાર્ટ ઓફ સ્પીચ, રૂટસ, ક્રિયાપદના ભૂતકાળ તથા ભૂતકૃદંતના રૂપ, અધરવર્ડ, ગૂજરાતી પર્યાયશબ્દો, પ્રસંગોપાત તે અર્થ વપરાશના દાખલા, ક્રિયાપદ સાથે જુદા જુદા પ્રેપોઝીશન આવતા થતા જુદા જુદા અર્થો, તેવા શબ્દો સાથેનાં ખાસ ફ્રેઈઝીસના થતા અર્થો વિગેરે** જોઇતી પુષ્કળ સામગ્રી અને માહિતીથી ભરપુર, બીજી કોઇપણ ડીક્ષનેરીની જરૂરીયાત ન રખાવે તેવી સદર ડીક્ષનેરીની રચના રાખેલી છે. તે ઉપરાંત ડીક્ષનેરીની છેવટે એપેન્ડીકસોમાં **કુલો તથા જવાહીરની પરિભાષા, એકાક્ષરી લીપિના પુરેપુરા શબ્દો પરભાષા (લેટીન-ફ્રેંચ વિગેરે)નાં ફ્રેઈઝીસના ગુજરાતી પર્યાય, ઇંગ્રેજી કહેવતોની ગુજરાતી કહેવતો અને ગુજરાતી કહેવતોની ઇંગ્રેજી કહેવતો** વિગેરે ઉપયોગી અને આકર્ષક માહિતી આપીને સદર ડીક્ષનેરીની મહત્તા તથા ઉપયોગિતામાં પુષ્કળ વધારો કરવામાં આવેલો છે. વિદ્યાર્થી વર્ગ, ધંધાદારી વર્ગ તેમજ વાંચનના શોખિન વર્ગ એ તમામ માટે સરખી રીત્યે અનુકૂળ અને ઉપયોગી થઇ પડે તથા એક અગત્યના ભોમિયાની ગરજ સારે તેવી રીત્યે તેની યોજના રાખવામાં આવી છે.

**કદ**—સદર ડીક્ષનેરીનું કદ પ્રથમ માફક રોયલ આઠ પેજી રાખવામાં આવ્યું છે. છેલ્લી આવૃત્તિમાં ૯૮ ફરમા એટલે ૭૮૪ પૃષ્ઠો હતાં ત્યારે આ આવૃત્તિમાં લગભગ ૧૨૦ ફરમા એટલે એટલે ૯૬૦ પૃષ્ઠો થયેલાં છે; પુંઠુ પાકુ સળંગ છીંટનું ઘણી મનોહર સુશોભિત અને આકર્ષક બાંધણીનું રાખવામાં આવ્યું છે. તેમ છતાં મગના ભાવ મરી માફક તેની

**કિમ્મત**—પ્રથમથી નામ નોંધાવી રૂપૈયા મોકલી આપનાર પાસેથી માત્ર રૂ. ૪-૪-૦ સવાચાર લેવામાં આવશે. તે ઉપરાંત બાર પ્રતો લેનારને એક પ્રત વધારાની મળશે.

**પોસ્ટેજ તથા પેકીંગ**—પુસ્તક કદમાં મોટું અને પુંઠુ પાકુ થવાથી પોસ્ટેજ અને પેકીંગના બાર આના તે ઉપરાંત આપવા પડશે. પરન્તુ જ્યાં રેલ્વે સ્ટેશનની સવડ હશે અને ગ્રાહક થનાર ગુડસ અગર પાર્સલથી પોતાના ખરચે મંગાવશે તેમને દરેક પ્રત દીઠ માત્ર બે આના પેકીંગ મજુરીના વધારે આપવા પડસે અને બંડલ પાર્સલ અગર ગુડસમાં ગ્રાહકના ખર્ચે મોકલવામાં આવશે.

**નમુનાનાં પેજ**—ડીક્ષનેરીનું ખરૂં સ્વરૂપ લક્ષમાં આવે તેથી છપાઇ ગયેલા શબ્દોમાંથી એક પેજ છુટાછવાયા શબ્દોનું અને એક પેજ આખુ આ સાથે આપવામાં આવ્યું છે. સફાઇ અને સફેદીમાં નામીચી પુનાની ધી ડકકેન પેપરમીલના સ્વદેશી કાગળમાં સદર ડીક્ષનેરી છપાયેલી છે અને તેજ કાગળ ઉપર આ હેંડબીલ કાઢવામાં આવેલું છે.

તા. ૩૧ મી ઓગસ્ટ સને ૧૯૩૨ સૂધીજ આ ભાવથી ડીક્ષનેરી મળશે. પાછળથી તેની કિમત રૂ ૬-૪-૦ રહેશે. ડીક્ષનેરી જેને તેને ઓગસ્ટ આખર કે સપ્ટેંબરની શરૂઆતમાં મળી જવા સંભવ છે.

તા. ૧૬-૭-૩૨.
લાલાવસાની પોળ-સાંકડીશેરી
**અમદાવાદ.**

**Vithalrai G. Vyas.**
**Shankerbhai G. Patel.**

**Back**,(બૅક) *n*. The upper part in animals and the hinder part in men:પીઠ;પુંઠ;વાંસો;બરડો.**2.**A broad high ridge: કરાડ.**3.** The outward or upper part of a thing: પાછલો ભાગ; પીઠ;પુંઠ;પૃષ્ઠ ભાગ.**4.** The hinder part: નીચેનો પૃષ્ઠ ભાગ.**5.**The part out of sight:અદૃશ્ય ભાગ; બીજો ભાગ-છેડો.**6.**The thick and strong part of a cutting tool: કાપવાના હથિયારનો ઉપરનો જાડો ભાગ; જાડોભાગ; પીઠ; પૃષ્ઠ. B. & edge:તદ્દન; સંપૂર્ણ રીતે.*Behind the* **b.**:પુંઠે;પાછળ;પરોક્ષ.*On one's* **b.**:ચતુ;છતું.*To break the* **b.** *of*: શક્તિહીન કo. *To cast behind the* **b**: ભૂલી જવું; દરકાર ન રાખવી. *To lie on* **b.**: છતુપાટ-ચતુ સૂતું. *To see the* **b.** *of*: પાપ કાઢવું;ટાઢે પાણીએ ખસ કાઢવી.*To turn the* **b.**: પીઠ દેખાડવી; પાછા ફરવું; પુંઠ કરવી. *To turn the* **b.** *to one*: ઉપરી છે એમ સ્વીકારવું. *To turn the* **b.** *on one*: ધિક્કારવું;તુચ્છકારવું;તરછોડવું; અવગણના કરવી. *adv*.To the place from which one came:પાછા ફરીને. 2. To a former state or condition:અસલની સ્થિતિએ;હતા તેમના તેમ.**3.**Away from contact:પાછું;પ્રતિ.**4.** Behind: પુંઠે;પછવાડે;વાંસે.**5.** Away from the present:પાછળ; વાંસે.**6.** Again; in return: પાછા ફરીને.7. In arrear: ચઢી ગયેલું. *vt*. To mount: સ્વારી કરવી; ચઢવું;-ઉપર બેસવું. **2.** To support: મદદ આપવી; ઉત્તેજન આપવું; ટેકો આપવો; મદદ કરવી; પુષ્ટિ આપવી.**3.** To cause to recede: પાછા હઠાવવું; પાછા ખસેડવું. **4.**To make a back for: પુંઠું કરવું-ચઢાવવું.**5.**To write upon the back of; to endorse: શેરો કરવો;-ની તળે લખવું.6.To bet on the success of:-નીફતેહ થશે-જીતશે એમ સરત બકવી;હોડ કo.7. To adjoin behind:પાછળ લગોલગ આવી રહેવું. *To* **b.** *out*: પાછા હઠવું; ખસવું; ત્યજવું; ન પાળવું; નીકળી-છટકી જવું. *To* **b.** *up*: ઉપરાણું લેવું; સહાય કરવી; મદદ કo. *To* **b.** *out of*:મન બદલવું;મન ઉઠાવવું;તજવું.*vi*. To move back:પાછા હઠવું;પાછા પડવું.*a*. Remote:પહેલાનું. **2.** Backward in direction: વળતું; પાછું ફરતું

**Cast**,(કૅસ્ટ)*vt*. (*imp*: : *pp*. **cast.**) To fling: ફેંકવું.**2.**To direct or turn, as the eyes:નજર-આંખ ફેરવવી. **3.**To drop:નાંખવું; વેરવું; વાવવું. **4.** (*a*) To throw down as in wrestling: હરાવવું; પાડવું.(*b*)To condemn: હલકુ પાડવું; અપરાધી-દોષિત ઠરાવવું.**5.** To throw up:ઉભું કo;ચણી દેવું. 9. To bring forth prematurely:અધુરે જણવું. 7. To compute:ગણવું; નક્કી કo; ગણતરી કo.8'To contrive; to plan: યોજના ઘડવી; યોજવું; ઠરાવવું. 9.To defeat,in a law-suit:દાવો વિરૂદ્ધ ઉતરવો-કo.10.To overbalance: ઉથલાવી નાંખવું;નમાવવું. 11.To found: બીબાથી ઘાટ પાડવો-બનાવવો. **12.** To distribute or allot, as the parts of a play among actors:વહેંચી આપવું; કામ આપવું; વેશધારીને વેશ વહેંચી આપવા. *To* **c.** *anchor*: (વહાણ) લંગરવું.*To* **c.** *a shoe*: નાળ પાડી નાખવો. *To* **c.** *aside*: કોરે મૂકવું; રદ કરવું;કાઢી નાંખવું. *To be* **c.** *in damages*:ખર્ચ માથે પડવું.*To* **c.** *above*: વાદળથી અંધારૂં ઘોર થવું-છવાઈ જવું. *To* **c.** *down*, to deject:મનોભંગ કo.*To* **c.** *in one's lot with*: કોઇના નસીબમાં ભાગ લેવો.*To* **c.** *lots*:ચીઠીઓ નાંખવી.*To* **c.** *one's self on or upon*,to yield:સામાના ખોળામાં માથુ મૂકવું. *To* **c.** *young*: કસુવાવડ થવી; અધુરે જણવું-જવું. *To* **c.** *a nativity* : જન્માક્ષર કo.*To* **c.** *eyes on*:નજર-દેખરેખ-તપાસ રાખવી.*To* **c.** *the water*, to examine urine : મૂત્ર-પેશાબ તપાસવો. *To* **c.** *up*: ગણવું; ગણના કo. *To* **c** *in one's teeth* : મેહેણું દેવું; સામો જડબાતોડ જવાબ આપવો.*vi*.To shape in a mould: ઘાટ ઉતારવો;-નો ઘાટ થવો-પડવો-ઘડાવો-બંધાવો. 2. To vomit: ઓકવું; નાંખવું. **3** To turn or revolve in the mind; to plan: મનમાં ગોળાવાં કo;ધારવું; યોજવું. **4.** To warp:to become twisted out of shape :વાંસુ થવું; વળી જવું; અમળાઇ જવું.*To* **c.** *about for*: શોધવા ફાંફાં મારવાં;આમતેમ ખોળામાં અથડાવું. *n*.A throw:નાંખવું-ફેંકવું તે-પ્રક્ષેપ;ક્ષેપ.**2** The thing thrown:ફેંકેલી ચીજ-વસ્તુ-પદાર્થ.**3.** The act of casting in a mould:બીબામાં પાડવું તે;(ધાતુનું)ભરત.**4.** Form;mien;appearance:દેખાવ;ડોળ; રૂપ; ઘાટ;મુદ્રા;આકાર; શિકલ; ચહેરો;શક્લ; ઢબ;છટા.**5.**A chance;opportunity:લાભ;તક;સંધિ;યોગ પ્રસંગ. *The last* **c.** the last effort;the last chance: છેલ્લો દાવ.6.The distance through which anything is thrown:કોઇ ફેંકેલી વસ્તુ જેટલી દૂર જાય તે-ટપ્પો; છેટું; અંતર.7. A tinge; a shade:રંગનો પાસ.8. Assignment of parts in a play to actors:નાટકમાં વેશનો વહેંચણ;કોને શું શું વેશ ભજવવાના તે નક્કી કરવું તે. 9. A flight of hawks: એકી વખતે ઉડતાં બાજ.10. A motion or turn, as of the eye;glance; squint : આંખ; નજર; કટાક્ષ. 11.Contrivance; plan: યુક્તિ.

**Face**,(ફેસ) *n*.( [L.*facies*,face.] The front part or surface:ઉપલો-મોખરાનો ભાગ;સપાટી.**2.** The front:મોઢું; બાજુ; મુખ.**3.** The principal flat surface of a part:કોઇ પણ ભાગની મુખ્ય પહોળી સપાટી.**4.**Outside appearance;look:ડોળ;ચહેરો; આકૃતિ; શિકલ.**5.**Visage,as countenance:મોઢું, વદન;આનન.6.Cast of features:look;airs:સ્વરૂપ; ડોળ-આકૃતિ. *To make faces at*: ચાળા પાડવા. *To fly in the* **f.** *of*,to defy;to frown:સામા થવું; ટક્કર ઝીલવી.7.Boldness:હિમ્મત;ધૃષ્ટતા.8.Presence sight:સમક્ષ; વખત; રૂબરૂ. *Face to face*: મ્હોડામ્હોડ; સામે મોઢે;રૂબરૂ;સમક્ષ.*To set the* **f.** *against*:સામા થવું.*vt*.To resist:સામા થવું;અટકાવવું;ખાળવું:**2**.To stand with the front towards. સામા પડવું-આવવું;સન્મુખ હોવું.**4.**To line the edge:કોરેભાત પાડવી.*vi*.To carry a false appearance:ઢોંગ કo.2.To *turn the* **f.** *at* મોં ફેરવવું;તરફ ફરવું:

**Tactical,** (ટૅક્ટિકૅલ્ )*a.*Relating to the art of military and naval tactics: સેનારચના-કવાયત-વ્યૂહસંબંધી.

**Tactician,** (ટૅક્ટિશૅન્ )*n.*One versed in tactics: કવાયતી માણસ; વ્યૂહરચનાકુશલ; યુક્તિ કરનાર; સેનાની; ખેલાડી; પેચી; લઢાઇના દાવપેચ જાણનાર.

**Tactics,** (ટૅક્ટિક્સ્ )*n.*[Gr. *tasso*,I arrange.] The art of disposing military and naval forces in order,in time of war:કવાયત; વ્યૂહ-સૈન્યરચના-વિદ્યા; દાવપેચ.

**Tactile,** ( ટૅક્ટાઇલ ) *n.* [L. *tango*,I touch.] Relating to organs or the sense of touch: સ્પર્શ કરવા જેવું; સ્પર્શનીય.

**Taction,** (ટૅક્શન્ ) *n.* [L. *tango*, I touch.] Touch;contact: સ્પર્શ; સંબંધ.

**Tactual,**(ટૅક્ટ્યૂઅલ્)*a.*Derived from touch: સ્પર્શરૂપ; સ્પર્શમૂલક;સ્પર્શેન્દ્રિયથી થએલું-જણાએલું.

**Tadpole,**(ટૅડ્પોલ્ )*n.*The first state of a toad after spawn: દેડકાનું કુમળું બચ્ચું.

**Taff-rail,**} (ટૅફ્-રેલ્ )*n.*The upper part of a
**Tafferel,** } ship's stern: ડમુસાનો ઉપલો ભાગ.

**Tag,** (ટૅગ્ )*n* A direction card or lable:સરનામું લખવાની તકતી-ચીઠ્ઠી. **2.**The end or catchword of an actor's speech;clue:એક પાત્રના બોલવાનો છેલ્લો શબ્દ.**3.**The rabble : તોફાની ટોળી; હામજી ભામજી.**T**.*ray*: હામજીભામજી.**4.**A sheep of the first year:પહેલા વર્ષનું ઘેટું.5.A game:સાતતાલીઉં; હાથીનો ઘોડો.*vt.*To fit with a tag; to fasten : જોડવું; ચીઠી લગાડવી.

**Tail,** (ટૅલ્ )*n.*Limitation;abridgment:કોઇ અમુક વારસનેજ મિલ્કત મળે એવો પ્રતિબંધ;પ્રતિબંધત્વ. *Estate in* **t.**:સપ્રતિબંધદાય-મિલ્કત.

**Tail,** (ટૅલ ) *n.* The appendage at the back-bone of an animal: પૂછ;પૂંછડું.2.The hinder part of anything: પૃષ્ઠ ભાગ;પીઠ;છેડો. **3.**A retinue : પરિજન; રસાલો. **4.** The strips at the end of a bandage : પાટાની કસો. 5. The bottom;the lower part:ગાંડ; બેસણી.6.The reverse of a coin:શિક્કાનો પાછલો ભાગ.**T**.*of a lock*, the lower end or entrance into the pond: તળાવમાં જવાનો માર્ગ.**T**.*spindle*: સંધાડાની ત્રાક. *To turn* **t.**,to run away:નાશી જવું;ઉભી પૂંછડીએ ભાગવું. *vt.* To follow or hang to, like a tail: પૂંછડાની માફક લટકવું.*vi.*(*Arch.*) To hold by the end: છેડેથી મજબૂત કરી લેવું.

**Tailor,** ( ટેલર ) *n.* One who makes man's garment: દરજી; સઇ; મેરાઈ.

**Tailor-bird,** (ટૅલર-બર્ડ )*n.* A kind of singing bird: સુગ્રીવ; સુગરી; ચીચડ.

**Taint,** (ટૅન્ટ્ )*vt.* [L.*tingo*, I dye.]To imbue or impregnate,with something extraneous: (કશાનો )માઠો પાસ-રંગ બેસાડવો; ચેપ લગાડવો. **2.** To corrupt:બગાડવું;-માં વિકાર પેસાડવો;કોહી-ખરાબ થઈ જવું.**3.**To stain;to sully;to tarnish: -ને કલંક-એબ-દૂષણ-કાળીટીલી-ડાઘ લગાડવો.*vi.* To be corrupted:-માં ફેરવવું; બગાડવા માંડવું.2. To be affected with incipient putrifaction:-માં પાસ બેસવો.*n.*Tincture;hue:પાસ;રંગ;ચેપ;વિકાર. **2.**Stain;spot: કાળો ડાઘ; કલંક; એબ.

**Taintless,** ( ટેન્ટ્લેસ્ ) *a.* Free from taint: pure: દોષ રહિત; નિષ્કલંક;શુદ્ધ;ચોખ્ખું; સાફ;પાક.

**Take,** (ટેક્ )*vt.*To lay hold of;to grasp: લેવું; ગ્રહણ કરવું; પકડવું,**2.**To capture: પકડવું;ઝાલવું; તાબે કરવું; સર ક૦.**3.** To copy;to delineate; to picture: લેવું; ઉતારવું; ચિત્ર-છબી ઉતારવી. **4.** To lead: દોરી લઈ જવું.**5.** To remove; to withdraw (with *from*): કાઢી લેવું; બાદ ક૦.6.To partake of; to swallow: લેવું; પ્રાશન ક૦;પાન ક૦. 7. To admit; to accept : માનવું; કબૂલ રાખવું. 8. To come upon or befall : સપડાવવું; સપાટામાં લેવું; દાવ-ઝપાટા દોટમાં લેવું. 9. To captivate:-નું ચિત્ત ચોરવું;ભુરકી નાંખવી; લોભાવવું;મન હરી લેવું:ખુશખુશ કરી દેવું. **10.**To choose; to betake one's self to ( a course,&c.):પસંદ ક૦;-નો આધાર-આશ્રય પકડવો.**11.**To demand:-ને-માં લાગવું;-માં જવું;-ને જોઇએ;-માં જરૂર પડવી.12 To admit: દાખલ ક૦, સામેલ ગણવું. **13.** To allow : કબૂલ રાખવું; માન્ય-મંજુર ક૦.**14.**To suppose: જાણવું; સમજવું. **15.** To bear without resentment : મનમાં ન લાવવું; માઠું ન લગાડવું; ખમવું; સાંખવું. **16.** To view or regard: લેવું; વિચારી જોવું.17.To receive or submit to:લેવું;ધારણ કરવું;-નું આવવું;ઉપર પડવું-ઉતરવું.*To* **t.** *advantage of*:-નો લાભ લેવો; જવા-ચૂકવા ન દેવું; પોતાનો સ્વાર્થ સાધવો;લાગ જવા ન દેવો. *To* **t.** *aim*, to aim:તાકવું;નિશાન માંડવું; લક્ષ સાધવું. *To* **t.** *along*,to lead : દોરી લઈ જવું; તેડી-લેઇ-ઉચકીને લેઈ જવું. *To* **t.** *air*, to become known : બહાર પડી જવું; ઉઘાડુ-છચોક-પ્રકટ થવું; જાહેર થઈ જવું. *To* **t.***arms*, to commence war: લઢાઈ શરૂ ક૦; લઢાઇ કરવા બહાર પડવું. *To* **t.** *away*, to carry off;to remove: છીનવી-ઝુંટી લેવું; લેઈ લેવું; ઉડાવવું; ઉડાવી દેવું; કાઢી નાંખવું. *To* **t.** *breath*,to refresh one's self: આરામ લેવો; થોભવું;શ્વાસ-દમ ખાવો.*To* **t.** *care* of or for:સંભાળ લેવી;સાંભળવું; જોવું; સમાલવું; સાચવવું;-ની બરદાસ રાખવી;-ની ફિકર-કાળજી-નિગેબાની રાખવી. *To* **t.** *down*: લખી લેવું; નોંધવું; કશા ઉપરથી ઉતારી લેવું. 2. To reduce:નીચે ઉતારવું.**3.**To swallow: ગળી જવું.*To* **t.** *effect*,to be efficacious:-નો ગુણ-અસર લાગવી-થવી; અમલમાં આવવું-લાગવો; લાગુ થવું. *To* **t.***heart*:હિમ્મત ધરવી;હિમ્મત પકડવી;પોતાની શક્તિ વિષે ભરોસો પડવો. *To* **t.** *heed*,to be cautious: સાવધ-સાવચેત-હોંશીયાર રહેવું. *To* **t.** *heed to*, to attend to with care : સંભાળથી ધ્યાન આપવું;